उन्नति

# વિચાર

વર્ષ ૬ અંક ૨ એપ્રિલ–જુન, ૨૦૦૧

## અનુક્રમ

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
સમુદાય કેન્દ્રી પુનર્વસનઃ અભિમુખતા કાર્યશાળાનો અહેવાલ

**આપના માટે** ૧૮
૮૭મો બંધારણ સુધારો અને પંચાયતો

**આપણી વાત** ૨૧
સ્થાનિક નેતાઓના ક્ષમતા વર્ધન માટે શૈક્ષણિક વ્યૂહરચના

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૨૭

**સંદર્ભ સાહિત્ય** ૩૨

**અમારા વિશે** ૩૪

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

## સંપાદકીય

### ૮૭મો બંધારણીય સુધારોઃ પંચાયતી રાજમાં પીછેહઠ

ભારતની લોકશાહીમાં ૧૯૯૨માં થયેલા ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારાઓએ ક્રાંતિકારી સુધારા કર્યા હતા. સ્થાનિક સ્તરે લોકશાહી વધારે પ્રત્યક્ષ અને જીવંત બને તેને માટેનો આ ઐતિહાસિક પ્રયાસ હતો. આ બંને બંધારણીય સુધારાઓ પછી રાજ્યોમાં પંચાયતો અને પાલિકાઓ વધારે જીવંત બની છે કારણ કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ત્રીજા સ્તરની સરકાર બની છે. ખાસ કરીને પંચાયતોમાં દલિતો, આદિવાસીઓ અને મહિલાઓના પ્રતિનિધિત્વે લોકશાહીને સ્થાનિક સ્તરે વધારે ધબકતી કરી છે અને વિકાસ અને સામાજિક ન્યાયનાં કામોને વેગ મળ્યો છે. આથી રાજકીય અને આર્થિક ક્ષેત્રનાં કેટલાંક સ્થાપિત હિતોએ સમાજના છેવાડાના લોકોના અવાજને પંચાયતોમાં રૂંધવાની કોશિશ કરી છે. હવે આ પ્રયાસ વધારે સંગઠિત સ્વરૂપે બહાર આવી રહ્યો છે. દેશનાં કેટલાંક રાજ્યોના રાજકીય દબાણને વશ થઈને કેન્દ્ર સરકારે સંસદમાં ૮૭મો બંધારણ સુધારો રજૂ કર્યો છે. આ સુધારો ત્રણ સ્તરની પંચાયતોમાંથી બે સ્તરે એટલે કે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સ્તરે સભ્યોની ચૂંટણી સીધી લોકોમાંથી ન થાય તેવી જોગવાઈ કરે છે. અને સાથે સાથે તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના પ્રમુખોની ચૂંટણી સીધી લોકોમાંથી થાય તેવી જોગવાઈ કરે છે.

આ નવા બંધારણ સુધારાની જોગવાઈ વાસ્તવમાં ૭૩મા બંધારણ સુધારાના હાર્દ ઉપર અને લોકશાહી વ્યવસ્થાના પાયાના સિદ્ધાંત પર જ ઘા કરનારો છે. કોઈ પણ લોકશાહી વહીવટી તંત્રમાં લોકો દ્વારા સીધી રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ શાસન ન કરતા હોય તો એ તંત્રનો વાસ્તવમાં કોઈ અર્થ રહેતો નથી. તાલુકા પંચાયતમાં તાલુકાના સરપંચો આપોઆપ સભ્ય બને અને જિલ્લા પંચાયતમાં તાલુકા પંચાયતોના પ્રમુખ આપોઆપ સભ્ય બને તો આ બંને પંચાયતોમાંથી ચૂંટણીનું તત્ત્વ જ લગભગ નાબૂદ થઈ જાય છે.

રાજ્ય સરકારો કેન્દ્ર સરકાર પાસેથી વધુ ને વધુ સત્તાઓ માગતી રહી છે પણ તેઓ પોતે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સત્તા આપવા તૈયાર નથી અને તેને પરિણામે જ આ હિલચાલ ઉદ્ભવી છે. મોટા ભાગનાં રાજ્યોમાં પંચાયતો કાર્યક્ષમ રીતે કામ કરે તે માટેના સંનિષ્ઠ પ્રયાસો રાજ્ય સરકારોએ કર્યા નથી અને તેઓ પંચાયતોના વડાઓને પોતાના અંકુશ હેઠળ રાખવા માગે છે. તેથી જ તેઓ તાલુકા અને જિલ્લા પંચાયતોના પ્રમુખોની સીધી ચૂંટણી ઈચ્છે છે પણ સભ્યોની સીધી ચૂંટણી ઈચ્છતા નથી. ૮૭મો બંધારણ સુધારો આ રીતે સ્થાનિક સ્તરે પંચાયતોમાં સ્થગિતતા ઊભી કરનારો બનશે અને રાજ્ય સરકારોને પંચાયતોના ભોગે બળવત્તર બનાવનારો બનશે એમ લાગે છે. લોકશાહીને વધુ મજબૂત બનાવવા માટે પરોક્ષ અને પ્રતિનિધિત્વવાળી લોકશાહીમાંથી વધુ ને વધુ પ્રત્યક્ષ અને સીધી લોકશાહી તરફ આગળ વધવું પડે. ૭૩મા બંધારણ સુધારાએ ગ્રામ સભાને સત્તાઓ આપીને તે તરફ કદમ માંડ્યાં હતાં. ૮૭મો બંધારણ સુધારો ઊંધી દિશામાં ગતિ કરનારો છે અને તેથી તે પંચાયતી રાજની સંસ્થાઓ માટે એક પીછેહઠ સમાન છે. સંસદ આ સુધારો ન કરે તે ઈચ્છનીય છે, કારણ કે તે ઘડિયાળના કાંટા પાછા ફેરવવાની કોશિશ કરે છે. પંચાયતી રાજની સંસ્થાઓએ અને સીધી તથા પ્રત્યક્ષ લોકશાહીના હિમાયતીઓએ આ સુધારાનો સખત વિરોધ કરવો જરૂરી છે.

# સમુદાય કેન્દ્રી પુનર્વસનઃ અભિમુખતા કાર્યશાળાનો અહેવાલ

'ઉન્નતિ' દ્વારા ૧થી ૩ જુન, ૨૦૦૧ દરમ્યાન સમુદાય કેન્દ્રી પુનર્વસન અંગે અભિમુખતા તાલીમ કચ્છમાં માંડવી ખાતે રાખવામાં આવી હતી. તેમાં ગુજરાતના ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં પુનર્વસનમાં સામેલ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. તેનો અહેવાલ 'ચરખા'ના **શ્રી સંજય દવે** દ્વારા લખાયો હતો. તે અત્રે પ્રસ્તુત છે.

## પૂર્વભૂમિકા

કોઈ પણ મોટી આપત્તિમાં એ જોવામાં આવ્યું છે કે અનેક લોકો દ્વારા બચાવ અને રાહત કાર્ય ખૂબ જ અસરકારક રીતે કરવામાં આવે છે પણ નિરાધાર સ્ત્રીઓ, અનાથ બાળકો અને વિકલાંગો જેવા સમુદાયના સૌથી નબળા વર્ગોની વિશિષ્ટ જરૂરિયાતો પર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. સમાજના આ નબળા વર્ગોની વિશિષ્ટ જરૂરિયાતો વિશેની સમજ તથા સંવેદનશીલતાના અભાવે જ મુખ્યત્વે આમ બને છે. સામાન્ય માનસ એવું છે કે તેમનું પુનર્વસન સંસ્થાગત રીતે થાય. જ્યારે આ જૂથો સાથેની સઘન ચર્ચાઓ દરમ્યાન એમ જાણવા મળ્યું છે કે તેઓ તેમના સમુદાયોમાં જ તેમનું પુનર્વસન ઈચ્છે છે.

ખાસ કરીને તાજેતરમાં ભૂકંપ જેવી મોટી આપત્તિઓ બાદના પુનર્વસનનાં અનેક પાસાં હોય છે. પુનર્વસનની પ્રક્રિયામાં સામેલ તમામ લોકોની સંવેદનશીલતાને જગાવવાની જરૂર છે અને સાથે સાથે નબળા વર્ગોના વિશિષ્ટ અને પ્રસંગોચિત પ્રશ્નો આપવા સમુદાયોને તૈયાર પણ કરવા જોઈએ. આ સંદર્ભમાં ત્રણ દિવસનો એક તાલીમ કાર્યક્રમ તા. ૧થી ૩ જુન, ૨૦૦૧ દરમ્યાન કચ્છ જિલ્લાના માંડવી ખાતે યોજાઈ ગયો. કાર્યશિબિરમાં ગુજરાતના ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં પુનર્વસનમાં સામેલ ૨૧ સ્વૈચ્છિક સંસ્થાઓના ૪૯ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. સમુદાયની સંભાળ લેનારા સ્વયંસેવકોને આ બાબતે સંવેદનશીલ બનાવવા, સમુદાય આધારિત પુનવર્સનના ખ્યાલ પ્રત્યે અભિમુખ બનાવવા તથા નબળા વર્ગોની વિશિષ્ટ જરૂરિયાતોને સમજી શકાય તે માટે સંવેદનશીલતા ઊભી કરવા અને તે માટે અસરકારક વ્યૂહરચના ઊભી કરવાનો આ કાર્ય શિબિરનો હેતુ હતો. કાર્યશિબિરના હેતુઓ નીચે મુજબ હતા:

- અનાથ બાળકો, એકાકી સ્ત્રીઓ, વિધવાઓ અને વિકલાંગો જેવાં વિશિષ્ટ જૂથોની વિશિષ્ટ જરૂરિયાતો સમજવી.
- સમુદાય કેન્દ્રી પુનર્વસનની વ્યૂહરચનાઓ ઊભી કરવાની સમજ વિકસાવવી.

આ કાયર્શાળામાં અનેક સંદર્ભ વ્યક્તિઓએ પોતાનો સહયોગ આપ્યો હતોઃ નિરાધાર સ્ત્રીઓ અને કાયદા અંગે શ્રી સોફિયા ખાન (વિકાસ અધ્યયન કેન્દ્ર) અને શ્રી ઉમાબહેન (ઍક્શન ઍઈડ, આદિપુર), પુનર્વસન અને કાયદા અંગે શ્રી મિહિર દેસાઈ (ઈન્ડિયા સેન્ટર ફોર હ્યુમન રાઈટ્સ, મુંબઈ), વિકલાંગોની સમસ્યા અને સામુદાયિક પુનર્વસન અંગે શ્રી રામભાઈ જાધવ (અંધજન મંડળ), વંચિતો માટે આવાસ અંગે શ્રી ભાનુપ્રસાદ મિસ્ત્રી અને શ્રી વિવેક રાવલ (ઉન્નતિ) તથા હેન્ડિકેપ ઈન્ટરનેશનલ. સમગ્ર કાર્યશાળાનું સંચાલન શ્રી કિશન કલ્સી (યુનિસેફ) અને શ્રી બિનોય આચાર્ય (ઉન્નતિ)એ કર્યું હતું.

## અસરકારક પુનર્વસન માટે સશક્તિકરણ

કાર્યશિબિરના પ્રથમ દિવસે સૌ સહભાગીઓને આવકારીને તેમને શિબિરનો હેતુ સમજાવવામાં આવ્યો. ત્યાર બાદ પરિચયવિધિ યોજવામાં આવી. પરિચયવિધિ નીચે મુજબની પદ્ધતિથી યોજાઈ હતી.

સૌ પ્રથમ સૌ સહભાગીઓને ત્રણ-ત્રણના જૂથમાં વહેંચવામાં આવ્યા. ત્યાર બાદ ત્રણેય વ્યકિતઓએ વારાફરતી વકતા, શ્રોતા અને નિરીક્ષકની એમ ત્રણ ભૂમિકા અદા કરવાની હતી. સહભાગીએ પોતાનું નામ, સંસ્થાનું નામ, ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં પોતે કરેલી કામગીરી અને તેમાંથી મળેલી શીખ, તેનો સમયગાળો, ભૂકંપથી થયેલા વ્યકિતગત કે કૌટુંબિક નુકસાન તથા કામગીરીમાંથી મળેલી શીખ વિશે ત્રણ-ત્રણના જૂથમાં એકબીજાને પોતાનો પરિચય આપ્યો હતો. ત્રણ-ત્રણના જૂથમાં અરસ-પરસનો પરિચય મેળવ્યા પછી મોટા જૂથમાં દરેક સહભાગીએ એકબીજાનો પરિચય આપ્યો હતો.

પરિચયવિધિ દરમ્યાન સહભાગીઓએ પુનર્વસન પ્રક્રિયામાંથી પોતે મેળવેલી શીખ નીચે મુજબ રજૂ કરી હતી:

- માનવીય વર્તન વિશે જાણવા મળ્યું.
- મહિલાઓની માનસિક સ્થિતિ અને માનસિક આરોગ્ય જાળવવા અંગેની જાણકારી મળી.
- ગરીબ અને અમીર વ્યકિત વચ્ચેનો તફાવત ખ્યાલ આવ્યો.
- દર્દીની ઝડપી સારવારનું મહત્ત્વ સમજાયું.
- લોકોની અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને કામ કરતાં આવડયું.
- સમુદાયના વિવિધ લોકો સાથે વિચારોનું અસરકારક રીતે આદાનપ્રદાન કરતાં શીખ્યાં.

- ભૂકંપથી અસરગ્રસ્ત લોકોના મનમાં રહેલા ડરને હસી-મજાકમાં ન ઉડાવવો જોઈએ. તેમના ડરને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.
- કુદરતી આપત્તિ પછી કામ કરતી વખતે મનમાં ખૂબ જ ધીરજ હોવી જોઈએ. ખૂબ ધૈર્યથી કામ કરીએ તો જ સારી રીતે અને ઝડપી કામ કરી શકીએ.
- આપત્તિ પછીની લોકોની માનસિક સ્થિતિ વિશે જાણવા મળ્યું.
- કચ્છના સામાજિક સંબંધો ગમ્યા.
- લોકો સાથે સફળતાપૂર્વક કામ કરવાનું કૌશલ્ય વિકસ્યું.
- ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં કામ કરતા સ્વયંસેવકોની તકલીફો જાણીને તેનું નિવારણ કરવાનું શીખ્યા.
- કોઈ પણ જાતના ભેદભાવ વગર માનવીય અભિગમથી કામ કરવાની શીખ મળી.
- સૌ પ્રથમ અનાથ બાળકોનો વિચાર આવ્યો. પોતાની લાગણીઓ પર કાબૂ મેળવીને અસરકારક પ્રબંધ કરવાની આવડત કેળવી. આફતની વેળાએ નિર્ણયો લેતાં શીખ્યા.
- અમદાવાદમાં ભૂકંપથી અસરગ્રસ્ત વિસ્તારમાં કામ કરવાની જરૂરિયાત સમજાઈ.
- કુદરતી આફત પછી થઈ રહેલાં કામોનું સંકલન કરવાની આવડત કેળવી.
- ભૂકંપના ત્રણ મહિના પછી પણ અસરગ્રસ્તોમાં માત્ર લેવાની અને માંગવાની ભાવના જોવા મળી.
- અસરગ્રસ્તો સાથે સારા વ્યવહાર, વર્તન કરવાનું શીખ્યા.

પુનર્વસન વિશે મેળવેલી શીખ રજૂ કર્યા પછી દરેક સહભાગીએ કાર્યશાળામાં પોતાની અપેક્ષાઓ જણાવી હતી. છેવાડાના લોકો માટે સુમદાયને પુનર્વસન પ્રક્રિયામાં સામેલ કરવા, સમુદાય આધારિત પુનર્વસન પ્રક્રિયામાં અસરગ્રસ્તોને ખાસ કરીને મહિલાઓને સાંકળવા તથા કાઉન્સેલિંગ અંગે જાણવાની અપેક્ષાઓ સહભાગીઓએ રજૂ કરી. બીજા સત્રમાં ભૂકંપ પછીની પુનર્વસન પ્રક્રિયામાં સહભાગીઓએ અનુભવેલી ચાવીરૂપ પાંચ સમસ્યાઓને પ્રાથમિકતા મુજબ રજૂ કરવા જણાવવામાં આવ્યું હતું. તે માટે સહભાગીઓએ કુલ ચાર જૂથમાં વહેંચાઈને ચાવીરૂપ સમસ્યાઓની યાદી બનાવી હતી અને તે અંગે જૂથમાં સઘન ચર્ચા કરી હતી. ચર્ચાને અંતે તૈયાર થયેલી સમસ્યાઓની યાદીમાંથી સૌથી વધારે મહત્ત્વની પાંચ સમસ્યાઓને સહભાગીઓએ પ્રાથમિકતા મુજબ લખી હતી. તેમાં લોકભાગીદારીનો અભાવ, ભૂકંપથી સુરક્ષિત કામચલાઉ આવાસ ઝડપથી પૂરા પાડવાની નિષ્ફળતા, સમયસર રોજગારીનો અભાવ, સામાજિક ન્યાયનો અભાવ, માહિતીનો અભાવ વગેરે સમસ્યાઓ મુખ્ય ગણાવી હતી. ત્યાર બાદ ચારેય જૂથના એક-એક પ્રતિનિધિએ એ સમસ્યાઓ સૌ સહભાગીઓ સમક્ષ ફ્લિપ ચાર્ટ પર રજૂ કરી હતી. સહભાગીઓનાં ચારેય જૂથની રજૂઆત પછી અનુકૂલનકર્તાઓએ તેમાંથી નીચે મુજબ સમસ્યાઓનો સારાંશ દર્શાવ્યો હતોઃ

૧. અભિગમ.
૨. વ્યક્તિગત અને સંસ્થાકીય ક્ષમતા.
૩. અમલીકરણ દરમ્યાનની સમસ્યાઓ.
૪. જોખમો.

ઉપરોક્ત મુદ્દાની સમજૂતી આપતાં જણાવાયું હતું કે, પુનર્વસન પ્રક્રિયામાં જોડાયેલી સ્વૈચ્છિક સંસ્થાઓનો કામ કરવાનો અભિગમ જુદો જુદો હોય છે. કોઈ સંસ્થા માત્ર દલિતો માટે જ કામ કરવાનો અભિગમ ધરાવે છે. કોઈ માત્ર મહિલાઓ કે બાળકો માટે જ કામ કરવા માટે તત્પર હોય છે. જ્યારે કેટલીક સંસ્થાઓ તમામ લોકો માટે કામ કરે છે. કોઈ પણ કામગીરી શરૂ કરતાં પહેલાં કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા સૌ પ્રથમ પોતાનો અભિગમ સ્પષ્ટ કરે છે. ત્યાર પછી તેના આધારે પોતાનાં કાર્યો આરંભે છે. ત્યાર પછી તે કાર્યોનું મૂલ્યાંકન કરવાના આધારો નક્કી કરવા પડે છે.

**ભૂકંપ પછીની પુનર્વસન પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કરવા માટેના આધારો**

સહભાગીઓએ કાર્ડ પર નીચે મુજબ મૂલ્યાંકનના આધારો જણાવ્યા હતા:

- સંસ્કૃતિના આધારે પુનર્વસનની કામગીરી થઈ છે કે નહીં તે જોવું.
- સૌથી વંચિત સમુદાયની મૂળભૂત જરૂરિયાતો સંતોષાઈ છે કે નહીં તે તપાસવું.
- રાહત અને પુનર્વસનનાં કામો માટે નક્કી કરેલો ભૌગોલિક વિસ્તાર.
- આવાસ, આજીવિકા અને અધિકારોની પૂર્તિ થઈ છે કે નહિ?
- લોકો પોતાના પ્રશ્નો ઉકેલવામાં કેટલા સફળ થયા?
- વ્યક્તિ અને સમુદાયની પ્રાથમિક જરૂરિયાતો પૂરી થઈ?
- પુનર્વસનના કામથી લોકોની આર્થિક અને માનસિક પરિસ્થિતિમાં ફેર પડ્યો?
- આવાસ, ખોરાક અને પાણીના સંદર્ભમાં પહેલાંની અને હાલની સ્થિતિ.
- સરકારી યોજનાઓનો લાભ કેટલાને, કેટલો અને ક્યારે મળ્યો?

સહભાગીઓએ રજૂ કરેલા ઉપરોક્ત આધારો તેમણે અગાઉ રજૂ કરેલી ચાવીરૂપ સમસ્યાઓથી ઘણા ભિન્ન હતા. તેથી મૂલ્યાંકનના આધારો કેવા હોવા જોઈએ તે સમજાવવા માટે અનુકૂલનકર્તાએ સહભાગીઓ સમક્ષ નીચેનો પ્રશ્ન રજૂ કર્યો:

## પુનર્વસન પ્રક્રિયામાં ચાવીરૂપ સમસ્યાઓ અંગે સહભાગીઓના જૂથની રજૂઆત

**જૂથ - ૧**

**૧. બાળકો અને શિક્ષણ**

- અસરગ્રસ્ત બાળકો સાથેની નક્કર કામગીરી
- સ્કૂલ બંધ - પુન: શિક્ષણ

**૨. સમસ્યાનો ઉકેલ**

- સંસ્થાગત સ્તરે સ્વયંસેવકની તાલીમ

**૩. માહિતીનું આદાન-પ્રદાન**

- મકાન બાંધકામ
- પેકેજ વળતર - વિધવા -વિકલાંગ
- વિકલાંગ અને મહિલાઓની આજીવિકાનાં સ્રોત
- જુદી જુદી સહયોગી સેવાઓનું સંકલન

**૪. પુનર્વસન પ્રક્રિયામાં ખૂટતી કડીઓ**

- દત્તક ગામને દાતા સંસ્થા દ્વારા છોડવું.
- તબીબી રાહદનું ફૉલોઅપ
- સ્થાનિક સ્તરનાં સંગઠનોની ભાગીદારીનો અભાવ (પંચાયત).

**૫. વ્યાવસાયિક તકોની નક્કર કામગીરી**

- મહિલાઓની તાલીમ અને તક
- ખેડૂતની જરૂરિયાત

**જૂથ - ૨**

**પાંચ ચાવીરૂપ મુદ્દાઓ**

૧. સામાજિક, માનસિક, આર્થિક તણાવ સામે ઝઝુમવું.
૨. કાર્યકરની મર્યાદા - વ્યકિત ધોરણે
 - સંસ્થાકીય ધોરણે
૩. નાણાકીય અને વૈચારિક સંઘર્ષ.
૪. નેટવર્કિંગ અને મોનિટરિંગ
૫. સરકારી - બિનસરકારી સંસ્થાનો અભિગમ.

**જૂથ નં - ૩**

**પ્રાથમિકતાવાળા ચાવીરૂપ મુદ્દા**

૧. લોકભાગીદારીનો અભાવ (બધી જ પ્રક્રિયાઓમાં).
૨. ભૂકંપથી સુરક્ષિત કામચલાઉ આવાસ ઉપલબ્ધ ન થયા (પરિણામે ખેતી અને આર્થિક બાબતો પર અસર).
૩. વખતસર રોજગારી મળવાનો અભાવ (પરિણામે આરોગ્ય અને સ્થળાંતરની સમસ્યા).
૪. સામાજિક ન્યાયનો અભાવ (સૌથી વંચિત સમુદાયને અધિકારો ન મળ્યા).
૫. માહિતીનો અભાવ (સરકારી નીતિ, ગુમ થયેલા લોકો, આવાસ, વળતર વગેરે અંગે).
૬. નેટવર્કિંગનો અભાવ (સંસ્થાઓ, સરકાર અને અન્ય હિતધારકો વચ્ચે).

**જૂથ - ૪**

**૧. સરકારી યોજનાઓ અને તેના પ્રશ્નો**

- વારંવાર બદલાતી નીતિ.
- સર્વેમાં ભેદભાવભર્યું વલણ.
- સહાય વિતરણમાં ભેદભાવ
- રેશન કાર્ડનો પ્રશ્ન (નથી, અને છે તો દુરઉપયોગ).
- મદદ માટે ચાર જ વિસ્તારને પ્રાધાન્ય.
- સરકાર સાથે નેટવર્કમાં ભેદભાવ ભર્યું વલણ.
- સ્રોતોનો અપૂરતો ઉપયોગ અને દુરઉપયોગ.
- સરકારી યોજનાઓમાં ભ્રષ્ટાચાર.
- આશ્રય, કૅશ ડોલ્સ, વિકલાંગ સહાય, વિધવા સહાય અને અનાથ બાળકોના પુન:સ્થાપનનો પ્રશ્ન.

**૨. નેટવર્ક અને સંચાલનનો પ્રશ્ન**

- ગેરસરકારી સંસ્થાઓ વચ્ચે નેટવર્કના પ્રશ્નો.
- સત્તાની સાંઠમારી.
- વિતરણમાં પુનરાવર્તન તેમ જ અંતરિયાળ ગામો સુધી ન પહોંચવી
- દત્તક લેવાનું વલણ.

**૩. પ્રાથમિક સુવિધા તથા માળખાગત સવલતો**

- પાણી, રોજગારી, આવાસ, આરોગ્ય, ઘાસચારો, શિક્ષણ વગેરેના પ્રશ્નો.
- શિક્ષણ અને આરોગ્યની સવલતોનો અભાવ
- સવર્ણો દ્વારા દલિતો અને કચડાયેલાઓનું શોષણ જ્ઞાતિભેદના આધારે.
- આઘાત પછીની સારવારનો અભાવ.

**૪. સામાજિક માળખાનો પ્રશ્ન**

- જ્ઞાતિ પ્રથા અને તેની મજબૂત પકડ.
- રાજકીય અને ધાર્મિક સંગઠનો દ્વારા કાર્યક્રમોમાં અવરોધ અને ભેદભાવભર્યું વલણ.
- જ્ઞાતિ આધારિત વિતરણ.
 લાલચભર્યું લોકોનું વલણ.

**૫. પુનર્વસન અને લોકોની લાચારી**

સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ ના ભરોસે લોકોએ પોતાનાં ઘરો બાંધવાનું મોકૂફ રાખ્યું અને હવે આશ્રય વગરના લોકોની બીજાના આધારે રહેવાની, જીવવાની પ્રક્રિયા (વલણ).

## નિઃસહાય દલિતો સશક્ત બન્યા

રાજસ્થાનમાં દર વર્ષની જેમ ગયા વર્ષે પણ દુષ્કાળની સ્થિતિ હતી. તેથી રાજસ્થાનનાં ગામોમાં પશુઓ માટે પંજાબથી ઘાસચારો લઈને આવતી ટ્રક જિલ્લા કે તાલુકા મથકે ઘાસ ઉતારે. ત્યાર પછી ત્યાંથી બળદગાડાં મારફતે ગામ સુધી ઘાસ લઈ જવામાં આવતું. એક ગામમાં તાલુકા મથકેથી જે બળદગાડાંમાં ઘાસ લાવવામાં આવતું હતું એ બળદગાડાં ગામના દરબાર આગેવાનનાં હતાં. વળી, પંજાબથી ઘાસ લઈ આવતી ટ્રક પણ તેની જ હતી. તેથી તે દરબારના ઘરે ઘાસનો ખડકલો થઈ જતો અને ગામના જરૂરિયાતમંદ દલિતોને ઘાસ ઓછું મળતું. ગામમાં દલિતોનાં ૧૫ કુટુંબો હતાં. એ કુટુંબોને ઘાસ ન મળતું હોવાથી દર વર્ષે સ્થળાંતર કરવાનો વારો આવતો. એક સ્થાનિક સંસ્થાના ધ્યાનમાં આ વાત આવતાં સંસ્થાએ ગામના દલિતોને ત્રણ બળદગાડાં આપ્યાં. પરિણામે તેમને પણ પૂરતું ઘાસ મળવા લાગ્યું. ગામના દરબારને પણ સાચી પરિસ્થિતિ સમજાવવામાં આવી. પરિણામે બીજા વર્ષથી સ્થળાંતર અટકયું.

**કુદરતી આફતો બધાને એકસરખી રીતે અસર કરે છે?**

ઉપરોકત પ્રશ્નના જવાબરૂપે સહભાગીઓને ત્રણ વિકલ્પો આપવામાં આવ્યા હતા: **૧.** હા, **૨.** ના, **૩.** ના, પણ......


સહભાગીઓએ પોતાનાં મંતવ્યો મુજબ પોતાનો વિકલ્પ પસંદ કરી લીધા પછી અરસપરસ તે અંગે ચર્ચા કરી હતી અને પોતે વિકલ્પ પસંદ કર્યાનું કારણ જણાવ્યું હતું. મોટા ભાગના સહભાગીઓએ જવાબ ‘ના’માં આપ્યો હતો. ત્યાર બાદ કુદરતી આફતોની સૌથી વધુ અસરો કોને થાય છે તે અંગે મોટા જૂથમાં ચર્ચા થઈ હતી. સહભાગીઓએ બાળકો, મહિલાઓ, ગરીબ મહિલાઓ, વૃદ્ધો, પછાત લોકો, વિકલાંગો, ગરીબો, વિધુરો, વિધવાઓ, અનાથ બાળકો, દલિતો, કોળી, મુસ્લિમો વગેરેને કુદરતી આપત્તિની સૌથી વધુ અસર થાય છે તેમ જણાવ્યું હતું.

ચર્ચા કરતાં અનુકૂલનકર્તાઓએ જણાવ્યું હતું કે, દુનિયામાં જુદી જુદી હોનારતો પછી પુનર્વસન પ્રક્રિયા ઓછામાં ઓછાં બે થી બાવીસ વર્ષ સુધી ચાલી છે. આ બધી હોનારતો પછી જોવા મળ્યું છે કે, હોનારતોની સૌથી વધુ ખરાબ અસર અનાથ બાળકો, વિધવા મહિલાઓ, એકાકી મહિલાઓ, વિકલાંગો, દલિતો અને સૌથી વંચિત લોકો પર થાય છે. તેથી રાહત અને પુનર્વસન પ્રક્રિયામાં તેમની ખાસ કાળજી લેવી જરૂરી છે. જો કે, આંતરરાષ્ટ્રીય માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ કુદરતી આપત્તિના તમામ અસરગ્રસ્તોને આપણે રાહત અને પુનર્વસનની પ્રક્રિયામાં ધ્યાનમાં રાખવાના છે. તેમ છતાં ઉપરોકત વ્યકિતઓને આપણે ખાસ લક્ષ્યાંક જૂથ તરીકે ગણીને આપણી રણનીતિ બનાવવી પડશે. જો એ જૂથ માટે આપણે કામ કરવાનું નકકી કરીશું તો કેવી તૈયારીઓ રાખવી પડશે તેવા પ્રશ્નના જવાબરૂપે સહભાગીઓએ નીચે મુજબના મુદ્દા જણાવ્યા હતા:

- એવાં જૂથો માટે કામ કરવાની ક્ષમતા જોઈશે.
- કૌશલ્ય જોઈશે.
- ત્વરિત પરિણામ દેખાશે નહીં.
- તેઓ કદાચ સહભાગી નહીં થઈ શકે.
- કદાચ તેમના માટે કરેલું કામ નોંધપાત્ર ન પણ દેખાય.

ચર્ચાનો મુખ્ય સાર એ હતો કે, આપણે પુનર્વસન પ્રક્રિયામાં સહભાગી પ્રક્રિયાથી કેટલા નિઃસહાય લોકોને સશકત કર્યા તે ખાસ જોવું જોઈએ. ઉપરોકત ચર્ચા થયા પછી સમુદાય આધારિત પુનર્વસનની સમજ આપવામાં આવી હતી. સમુદાય આધારિત પુનર્વસનનું મહત્ત્વ સમજાવવા માટે એક રમત યોજવામાં આવી. રમતના ભાગ રૂપે સૌ પ્રથમ સહભાગીઓ સમક્ષ એક વિધાન મૂકવામાં આવ્યું: અનાથ બાળકો અનાથાશ્રમમાં સુરક્ષિત રહી શકે છે, કારણ કે ત્યાં બધી સગવડો ઉપલબ્ધ છે. સહભાગીઓએ તેનો જવાબ હા, ના કે ના, પણ.....માંથી એક આપવાનો હતો.

મોટા ભાગના સહભાગીઓએ જણાવ્યું કે, અનાથ બાળકો અનાથાશ્રમમાં સુરક્ષિત રહી શકે નહીં. તેને બદલે બાળકને સમુદાયમાં જ રાખવામાં આવે તો તે સુરક્ષિત રહી શકે છે અને તેનો સારી રીતે ઉછેર થઈ શકે છે. તે માટે આપણે સમાજ પર, સમુદાય પર ભરોસો રાખવો



પડશે. સમુદાય પાસે બાળકની સંભાળ રાખવાની આવડત છે જ અથવા જો એ ન હોય તો વિકસી શકે છે. જો કોઈ બાળકને સમુદાયમાં ઉછેરવાનું શકય જ ન બને તો અનાથાશ્રમ છેલ્લા ઉપાય તરીકે યોજી શકાય. પરંતુ ખરેખર તો બાળકને સમુદાયમાં જ રાખવામાં આવે તે અત્યંત જરૂરી છે.

### નિ:સહાય જૂથોનું સશક્તિકરણ

નિ:સહાય જૂથો વિશે સમજ મેળવ્યા પછી તેમના સશક્તિકરણ અંગેનું ત્રીજું સત્ર લેવામાં આવ્યું. સંદર્ભ વ્યકિતએ અસરગ્રસ્ત મહિલાઓના કાયદાકીય અધિકારોની વાત કરતાં પહેલાં સ્ત્રી-પુરુષ સંબંધો, સ્ત્રીઓ તરફનો લોકોનો અભિગમ અને દૃષ્ટિકોણ તથા સ્ત્રીઓની સ્થિતિની વાત દૃષ્ટાંતો સાથે રજૂ કરી હતી. મહિલાઓ તરફ જોવાનો લોકોનો દૃષ્ટિકોણ કેવી રીતે ઊભો થાય છે તે સમજાવવા માટે તેમણે સહભાગીઓ સમક્ષ નીચે દર્શાવ્યા મુજબનું માળખું રજૂ કર્યું:

**બલમદેવીની વાત**

બલમદેવી ઉત્તરાંચલ રાજ્યના પહાડી વિસ્તારમાં રહે છે. તેમનો પતિ રોજ તેમને ખૂબ મારતો. એક દિવસ મારની વેદના સહન ન થવાથી તેમણે તેમના પતિને પાછળથી કુહાડી મારી. પરિણામે તેમના પતિનું મૃત્યુ થયું. તેમના ગામના પુરુષોએ પતિની લાશ સાથે તેમને અને તેમના સાસુને આખી રાત રૂમમાં પૂરી રાખ્યાં. તેથી સ્થાનિક મહિલા સ્વૈચ્છિક સંગઠન 'સહારા સંઘ'એ પુરુષોને બલમદેવી સાથે કરેલા આ કૃત્ય માટે માફી માંગવા જણાવ્યું. પુરુષોએ બલમદેવીની માફી માંગી. બલમદેવીની પોલિસ દ્વારા ધરપકડ કરવામાં આવી. તેમના સસરા પક્ષના પુરુષો બલમદેવીની હત્યા કરી દેવા માંગતા હતા. તેમનાં સાસુને પણ તેમના પ્રત્યે ઉગ્ર રોષ હતો. સ્વાભાવિકપણે બલમદેવીને તેમના વકીલોએ માંડમાંડ જામીન અપાવ્યા. પરંતુ તેમને જેલની બહાર સલામત રીતે રાખવાં શક્ય ન હતાં. તેથી સહારા સંઘે તેમને જેલની અંદર જ એક વ્યવસ્થા ઊભી કરીને રાખ્યાં. તે દરમ્યાન સહારા સંઘની કેટલીક મહિલા કાર્યકરોએ તેમનાં સાસુ સાથે તેમનાં ઘરમાં જ રહેવાનું શરૂ કર્યું. કાર્યકરોએ સાસુને સમજાવ્યા. તેમની સાથે ખૂબ વાતો કરી સાસુએ પોતાની વહુ બલમદેવી પ્રત્યેનો પોતાનો રોષ સંઘના કાર્યકરો સમક્ષ ઠાલવી દીધો. ધીરે ધીરે બલમદેવી પ્રત્યેનું તેમનું વલણ કૂણું પડયું. ત્યાર પછી બલમદેવીને તેમના સાસુ સાથે રહેવા માટે લાવવામાં આવ્યાં. શરૂઆતમાં સહારા સંઘની બહેનો વારાફરતી કેટલાક દિવસો સુધી તે બંનેની સાથે તેમના ઘરમાં રહી. સહારા સંઘે તેમને આર્થિક મદદ કરવાનું કહેતાં સાસુ-વહુએ ના પાડી અને ખેતરમાં સાથે મજૂરી કરવાનું નક્કી કર્યું. આજે બલમદેવી તેમનાં સાસુ સાથે શાંતિથી રહે છે.

ઉપરોક્ત માળખું રજૂ કરીને તેમણે મહિલાઓ પ્રત્યેના પુરુષોના ત્રણ અભિગમો સમજાવ્યા હતા:

૧. **રક્ષણાત્મક અભિગમ**
આ અભિગમમાં પુરુષ સ્ત્રીને તે નબળી છે માટે તેને રક્ષણની જરૂર છે તેવું માની રક્ષણ આપી રહ્યો હોવાનું દર્શાવે છે.

૨. **ઉદાસીન અભિગમ**
પુરુષ (પતિ) સ્ત્રી (પત્ની)ને કંઈ પણ કરવાની જાણે કે છૂટ આપતો હોય એવો ભાવ દર્શાવે છે.

૩. **એકબીજાના પૂરક હોવાનો અભિગમ**
સ્ત્રીના કામમાં પુરુષે મદદ કરીને તથા પુરુષના કામમાં સ્ત્રીએ મદદ કરીને એકબીજાના પૂરક બનવાની ભાવના હોવી જોઈએ. કોઈ પણ સંબંધ એકબીજાના પૂરક હોય તો જ ટકી શકે - આ અભિગમ વિકસાવવાની જરૂર છે.

સમાજમાં મહિલાઓ સાથે ઉપર મુજબનો અભિગમ દાખવવામાં આવે છે. ખરેખર તો દરેક પુરુષે સ્ત્રીને હરીફ માનવાને બદલે પોતાની પૂરક માનવી જોઈએ. તેના અધિકારો, તેના મનનાં ભાવો અને લાગણીઓનો આદર કરવો જોઈએ.

પુનર્વસન પ્રક્રિયામાં મહિલાઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપવાની જરૂર છે એમ તેમણે જણાવ્યું હતું. ત્યાર બાદ વિધવાની ભૂકંપ પહેલાંની અને પછીની સ્થિતિનું વિશ્લેષણ કરવાનું સહભાગીઓને કહેવામાં આવ્યું હતું. સહભાગીઓએ તે અંગેનાં પોતાનાં મંતવ્યો નીચે મુજબ રજૂ કર્યાં હતાં:

- પોતાને બાળકો હોય તેવી યુવાન વિધવાની સ્થિતિ વધુ ખરાબ હોય છે.
- વૃદ્ધ મહિલાની સ્થિતિ ખરાબ છે.
- દલિત મહિલાની સ્થિતિ ખરાબ છે.

સહભાગીઓનાં મંતવ્યોને સાંકળીને સંદર્ભ વ્યકિતએ જણાવ્યું કે, કુદરતી આફતોમાં તમામ વર્ગની મહિલાઓને અસર થાય છે. તેમાંય વિધવા, એકાકી અને ત્યક્તા મહિલાઓને તેની વધુ અસર થાય છે. આ મહિલાઓને થતી અસર વિશે સમજવા આપણે આપણી જાતને તેઓની જગ્યાએ મૂકીને જોવી જોઈએ. આપણે તેમના દૃષ્ટિકોણથી વિચારવું જોઈએ.

આપણે નિ:સહાય મહિલાઓને સશક્ત કરવાનું બીડું ઝડપવું જોઈએ. જો કે, પુનર્વસન પ્રક્રિયામાં આપણે કોઈનેય બાકાત ન રાખી શકીએ અને બાકાત ન રાખવા જોઈએ. સંદર્ભ વ્યકિતએ આપત્તિની સ્થિતિ પછીની મહિલાઓની નિ:સહાય સ્થિતિ વિશે સમજ આપવા સહભાગીઓ સમક્ષ કાર્ગિલનું ઉદાહરણ આપ્યું હતું. કાર્ગિલમાં મૃત્યુ

પામેલા ભારતીય સેનાના જવાનોની વિધવાઓની સ્થિતિ ખૂબ લાચાર બની હતી. તેમની સંપત્તિ અને મળતી સરકારી નાણાકીય રાહત કુટુંબમાં જ રહે તે માટે મહિલાને ૧૦ વર્ષ નાના દિયર સાથે પરણાવી દેવાના કિસ્સા પણ જોવા મળ્યા હતા. એટલું જ નહીં, પરંતુ તેમના પતિનો વારસાહક્ક દીકરાને મળે તે માટેના સંમતિપત્રક પર મહિલાઓને ભોળવીને સહી લઈ લેવામાં આવી હતી. કેટલીક જગ્યાએ મહિલાઓની હત્યા પણ થઈ હતી. ઉત્તરાંચલના પહાડી પ્રદેશની મહિલાઓની સ્થિતિ વિશે માહિતી આપતાં તેમણે કહ્યું હતું કે, ત્યાં પુરુષનું મૃત્યુ થાય તો તેની નનામી નીકળે. પરંતુ જો અવિવાહિત સ્ત્રીનું મૃત્યુ થાય તો તેની લાશને કોથળામાં નાખીને અંતિમવિધિ કરવા માટે લઈ જવાય છે. આમ, સમાજમાં મહિલાઓનું ઠેર ઠેર જુદી જુદી રીતે શોષણ થઈ રહ્યું છે. ભૂકંપ પછીની પુનર્વસન પ્રક્રિયામાં પણ મહિલાઓને અન્યાય થઈ શકે. તેથી અસરગ્રસ્ત વિસ્તારમાં કાર્યરત સ્વયંસેવકોએ સ્ત્રીઓના કાયદાકીય અધિકારો જાણવા જોઈએ.

### વિધવા અજીબહેનની વાત

અજીબહેન રામસિંહ મેરિયા કચ્છ જિલ્લાના ભચાઉ નગરમાં રહે છે. થોડાં વર્ષો પહેલાં અજીબહેને અને રામસિંહભાઈએ પોતાનું નવું ઘર બનાવીને તેમાં રહેવાનું શરૂ કર્યું. તેમની બાજુમાં આવેલા બીજા ઘરમાં તેમના જેઠ રહેતા હતા. અજીબહેન ઘરની બધી વહુઓમાં સૌથી નાનાં છે. રામસિંહભાઈ ભૂકંપમાં મૃત્યુ પામ્યા. તેમની પાછળ તેઓ અજીબહેન અને પાંચ વર્ષની દીકરીને છોડી ગયા. અજીબહેનને પોતાના પતિના મૃત્યુના વળતર પેટે એક લાખ રૂપિયા મળ્યા. પરંતુ તેમના જેઠ તેમને પોતાના અને તેમના સંયુક્ત નામે ખાતું ખોલાવવા દબાણ કરવા લાગ્યા. તે વખતે એક લાખ રૂપિયા પોતાને મળે તેવી મુરાદથી જ તેમના જેઠ તેમની પર સંયુક્ત બેંક ખાતું ખોલાવવા દબાણ કરતા હતા. જો કે, તેઓ અજીબહેનને એવું કહેતા કે, સંયુક્ત ખાતું ખોલાવવાથી નાણાં વધારે સલામત રહેશે. અજીબહેન પોતાની દીકરીને છોડી દઈને નાણાં લઈને બીજા કોઈ પુરુષ સાથે ભાગી જશે એવી તેમના જેઠે ધારણા કરી લીધી હતી.

### વંચિત મહિલાઓનું કાયદાકીય રક્ષણ

સંદર્ભ વ્યકિતએ સહભાગીઓ સમક્ષ મહિલાઓ માટેની કાયદાકીય કલમો વિશે વાત કરી. સહભાગીઓએ પોતાના કાર્યક્ષેત્રમાં આવતી કાયદાકીય મુશ્કેલીઓ સૌ સમક્ષ રજૂ કરી અને ફેસિલિટેટરે તેના ઉકેલો જણાવ્યા. તેમણે જણાવ્યું કે, આપણે કાયદાકીય પ્રક્રિયાની સાથે સાથે સામાજિક પ્રક્રિયા પણ કરવી પડશે. દા.ત. ભૂકંપથી અસરગ્રસ્ત વિસ્તારમાં અનાથ બનેલી બાળકીને આપણે કહેવું પડશે કે વળતરનાં નાણાં તેના નામે જ છે અને તે નાણાં પર તેનો અધિકાર છે.

### વડીલોપાર્જિત મિલકત/ સ્વ-ઉપાર્જિત મિલકત

આપણા ભારતીય કાયદાની જોગવાઈ પ્રમાણે સંયુક્ત હિન્દુ કુટુંબની મિલકત પર પુરુષને જન્મતાંની સાથે જ ભાગનો અધિકાર પ્રાપ્ત થાય છે. જ્યારે દીકરીને તે ભાગ મળતો નથી. સામાન્ય રીતે લોકોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે, કાયદાકીય રીતે કુટુંબની મિલકત પર દીકરા-દીકરીને સમાન ભાગ મળે છે, પરંતુ ખરેખર એવું નથી. સંયુક્ત કુટુંબની માલિકીના ઘરમાં સ્ત્રીને વિભાજનનો અધિકાર નથી. સ્ત્રી વિધવા, ત્યક્તા, નિરાધાર હોય તો તે ઘરમાં રહી શકે ખરી.

### ઈન્ડિયન પિનલ કોડની કલમ ૪૯૮-એ

આ કલમ હેઠળ સ્ત્રીને શારીરિક કે માનસિક રીતે ત્રાસ ગુજારવામાં આવે તો ત્રાસ ગુજારનારની ધરપકડ થઈ શકે છે. જો ગુનો કોગ્નિઝેબલ હોય તો ધરપકડ થાય અને નોન-કોગ્નિઝેબલ હોય તો ધરપકડ થતી નથી. કોઈ પણ ગુનો કોગ્નિઝેબલ છે કે નહીં તે આપણે ખાસ જાણવું જોઈએ, કારણ કે પોલીસને જ્યારે ધરપકડની કાયદાકીય સત્તા મળે છે ત્યારે તે તેનો દુરુપયોગ કરી શકે છે. આપણે કોઈ સ્ત્રી પર થતા અત્યાચાર અંગે તેના પતિ કે સાસરા પક્ષ સામે ફરિયાદ કરી હોય તો પોલિસ તેમની પર અત્યાચાર ગુજારે કે રૂપિયા પડાવે તેવી સંભાવના રહે છે. તેથી કલમ ૪૯૮-એનો દુરુપયોગ ન થાય તેની કાળજી રાખવી જોઈએ. જ્યારે આપણે કોઈ પણ એફઆઈઆર(ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ) કરીએ ત્યારે તેની એક નકલ અને ગુના રજિસ્ટર્ડ નંબર પોલિસ પાસે માંગી લેવો જોઈએ. સ્ત્રીઓના વારસા અધિકારો અંગેની વધુ માહિતી પૂરી પાડવા માટે દરેક સહભાગીને તે અંગેનું સંદર્ભ સાહિત્ય આપવામાં આવ્યું હતું.

### વિકલાંગોનું પુનર્વસન

બીજે દિવસે આરંભમાં આખા દિવસ દરમ્યાન લેવાનારા સત્રનો સાર આપવામાં આવ્યો. ત્યાર બાદ સહભાગીઓએ કાર્યશાળાના પ્રથમ દિવસનાં સત્રોનું ટૂંકમાં પુનરાવર્તન રજૂ કર્યું હતું. તે દરમ્યાન સૌ સહભાગીઓએ વંચિત જૂથ, તેમના કુટુંબ અને સમુદાય એ ત્રણેયની સામેલગીરીથી બધાં કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. સમુદાય આધારિત પુનર્વસનમાં વિધવા, ત્યક્તા તથા એકાકી મહિલાઓ, અનાથ બાળકો, વિકલાંગો જેવા સમુદાયના સૌથી નબળા વર્ગોને કેન્દ્રમાં રાખીને પુનર્વસનનાં કામો કરવાની સૌ સહભાગીઓને પ્રતીતિ થઈ હતી. આવા વંચિત જૂથ માટે સમાજે દયા નહીં, પણ હકારાત્મક વલણ દાખવવું જોઈએ. ત્યાર પછી પ્રથમ દિવસનું વંચિત મહિલાઓ અંગેનું સત્ર આગળ ધપાવવામાં

### પતિનું વલણ બદલાયું

રૂખીબહેન ૬૦ વર્ષનાં ગ્રામીણ વૃદ્ધા છે. તેઓ તેમના લગ્ન પછી પતિની ખૂબ કાળજી લેતાં, પતિનો પડયો બોલ ઝીલતાં. એક વાર તેઓએ એક સંસ્થા દ્વારા યોજાયેલી સામાજિક લિંગ સમાનતાની તાલીમમાં ભાગ લીધો. તાલીમમાં જાતીય સમાનતા વિશે જાણકારી મેળવી. ત્યાર બાદ એક વાર રોજના નિયમ પ્રમાણે રાતે તેઓ કોઈ કામ આટોપી રહ્યાં હતાં ત્યારે તેમના પતિએ તેમને પોતાની પથારી પાથરી આપવા કહ્યું. રૂખીબહેન રમૂજી અને સૌમ્ય સ્વભાવનાં હતાં. તેમણે હળવેકથી પોતાના પતિને તેમની પોતાની પથારી જાતે પાથરી દેવા કહી દીધું. પહેલાં તો તેમના પતિ અવાચક થઈ ગયા. લગ્ન પછીનાં આટલાં વર્ષોમાં રૂખીબહેને કયારેય પથારી પાથરવાની ના નહોતી પાડી. તે રાત્રે પહેલી વાર રૂખીબહેનના પતિએ પોતાની પથારી પાથરી. રૂખીબહેનના પતિનું વલણ બદલાયું અને તેઓ પત્નીનાં કામોમાં હોંશેહોંશે સહયોગ આપવા લાગ્યા.

આવ્યું હતું. સમુદાય સ્તરે આપ મહિલાઓ સાથે કયાં કામો કરો છો? એવા પ્રશ્નના જવાબમાં સહભાગીઓએ પાણી, આરોગ્ય, આવાસ, બાળકો વગેરે મુદ્દા જણાવ્યા હતા. અહીં એક મહત્ત્વનો મુદ્દો ચર્ચવામાં આવ્યો કે, આ બધાં કહેવાતાં સ્ત્રી વિષયક કાર્યો ખરેખર સ્ત્રીને કેટલો અને શું ફાયદો પહોંચાડે છે. તેના વ્યકિતગત જીવનમાં થતી હિંસાને આપણે કેટલે અંશે ચર્ચીએ છીએ. ત્યાર પછી સંદર્ભ વ્યકિતઓએ જણાવ્યું હતું કે, આજે મોટા ભાગે સ્વસહાય જૂથોની મહિલાઓ પોતાના હિસાબોમાં ડૂબી ગઈ છે, પરંતુ તેની પાછળનો સશક્તિકરણનો હેતુ પૂરો થયો નથી. જો એક મહિલા ૧૦ રૂપિયા પણ કમાય તો તેની પર તેનો અંકુશ છે કે કેમ તે તપાસવું જોઈએ.

ગુજરાતમાં રોજ ૧૮ મહિલાઓનાં અપમૃત્યુ નોંધાય છે. કુદરતી આફતો પછી મહિલા પર થતી હિંસામાં ત્રણ ગણો વધારો થાય છે તેવું આંતરરાષ્ટ્રીય સ્તરે જોવા મળ્યું છે. ગુજરાતમાં ભૂકંપ પછી સ્ત્રીઓ પર અત્યાચાર વધ્યા હોય તો પણ તેના વિશેની ખબર બહાર આવતી નથી. મહિલાઓ પર હિંસા થાય એ સ્વભાવિક છે એવું સમાજના કેટલાક લોકો માને છે. કારણ કે તે લોકો મહિલાઓના ચારિત્ર્ય વિશે જાતે જ ધારણા કરી બેસે છે.

મહિલાઓ પર થતા અત્યાચારો અટકાવવા માટે આપણે આપણાથી જ શરૂઆત કરવી પડશે. આપણે આપણા ઘરની મહિલાઓ વિશે વિચારવું પડશે. તેમના પ્રત્યે સંવેદનશીલ બનવું પડશે. આપણે આપણી જરૂરિયાતો માટે મહિલાઓનો કેટલો બધો ઉપયોગ કરીએ છીએ તે અંગે આપણે વિચારવું પડશે. આપણા સમાજમાં પુરુષ ઘરકામ કરે એટલે તેને બાયલો કહેવામાં આવે છે. પરંતુ જો પતિ-પત્નીએ સારી રીતે ઘર ચલાવવું હશે તો એકબીજાને સમજવા પડશે અને એકબીજાના પૂરક બનવું પડશે. પુનર્વસન પ્રક્રિયામાં પણ મકાનનું બાંધકામ કરવા પર ધ્યાન આપવાની સાથે સાથે તેમાં રહેનારી મહિલાનું પણ ધ્યાન રાખવું પડશે. ભૂકંપ પછીના પુનર્વસન દરમ્યાન મહિલાઓ સાથે કામ કરતી વખતે આવતા અવરોધો વિશે સહભાગીઓએ કાર્યશાળામાં રજૂઆત કરી હતી. તે અંગે વાત કરતાં સંદર્ભ વ્યકિતઓએ જણાવ્યું હતું કે, જો મહિલાઓ માટે કોઈ તાલીમ યોજવાની હોય અને તેમના ઘેરથી તેમને તે તાલીમ માટે ગામની બહાર ન મોકલવામાં આવે તો આપણે તેમના ઘરે કે ગામમાં જ તાલીમ યોજવી જોઈએ. તે દરમ્યાન મહિલાઓનાં કુટુંબોનો અને સમુદાયનો વિશ્વાસ સંપાદન કરવો જોઈએ.

આપણાં વાણી, વર્તન અને વ્યવહાર સમુદાયને વિશ્વાસ બેસે તેવાં હોવાં જોઈએ. પુનર્વસન પ્રક્રિયા માટે રચાતી સમિતિઓમાં પણ મહિલાઓને સ્થાન આપવું જોઈએ. વળી, મહિલાઓ પર થતી હિંસા રોકવા માટે પોતાના કાર્યવિસ્તારમાં સતત નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. હિંસા રોકવા માટે મહિલાઓને પોતાની સમસ્યા કહેવાની તક અને વાતાવરણ પૂરાં પાડવાં જોઈએ. મહિલાઓના અસરકારક પુનર્વસન માટે તેમની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવી જરૂરી છે. તેમને જાગૃત કરીને નિ:સહાયમાંથી સશક્ત બનાવવી જરૂરી છે.

સંદર્ભ વ્યકિતએ વિકલાંગ વ્યકિતઓના પુનર્વસન અંગેના બીજા સત્રની શરૂઆતમાં વિકલાંગોના સમુદાય આધારિત પુનર્વસન પર ભાર મૂકયો હતો. તેમણે ભારતના વિકલાંગ લોકોની અને સમુદાય આધારિત પુનર્વસનના ફાયદા વિશેની માહિતી આપી હતી:

- ભારતમાં ૧ કરોડ વ્યકિતઓ નેત્રહીન છે, તેમાંથી ૮૫ ટકા લોકો ગ્રામીણ વિસ્તારના છે.
- ભારતમાં ૨૫૦ સંસ્થાઓ વિકલાંગો માટે કામ કરે છે.
- ગુજરાતમાં અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં અંધજનો અને વિકલાંગો માટે સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે.
- ૪૫ વર્ષથી મોટી ઉંમરના અંધજન કે વિકલાંગને સંસ્થામાં રાખવા મુશ્કેલ છે. તેથી તેઓનું સમુદાય આધારિત પુનર્વસન થાય એ જરૂરી છે.
- આજે ગુજરાતમાં ૩૦૦૦ વિકલાંગ બાળકો સામાન્ય શાળામાં અભ્યાસ કરી રહ્યાં છે.
- સમુદાય આધારિત પુનર્વસનમાં દરેક ઉંમરની વ્યકિતને સાંકળી શકાય છે.
- જો વિકલાંગોનું સમુદાયમાં જ પુનર્વસન થાય તો ગ્રામીણ પ્રજાનો શહેર તરફનો ઘસારો ઘટે. ઉપરાંત, સંસ્થાના નિર્માણ અને સંચાલનનો ખર્ચ પણ ન કરવો પડે.

• વિકલાંગ વ્યકિતને કોઈ પણ પ્રકારની તાલીમ આપતાં પહેલાં તેની ભવિષ્યની ઉપયોગિતા વિશે પણ વિચારવું જોઈએ. જો ગ્રામીણ વિકલાંગ વ્યકિત હોય તો ગામડાની જરૂરિયાત અને વાતાવરણને અનુરૂપ તાલીમ આપવી જોઈએ. દા.ત. ગ્રામીણ વિકલાંગ વ્યકિતને ખુરશી બનાવતાં શીખવીશું તો ભવિષ્યમાં કદાચ તે કળા તેને ગામડામાં સારી રોજી નહીં રળી આપે.
• એક ગામમાં એક સંસ્થાએ અંધજનોને પગલૂછણિયાં બનાવવાની રોજી આપી. પરંતુ તે માટેનો કાચો માલ કયાંથી મળી શકે તે ન શીખવ્યું. પરિણામે તે રોજગારી લાંબા ગાળા સુધી ટકી ન શકી.


ઉપરોકત માહિતી આપ્યા પછી તેમણે અંધજન મંડળની પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપી. અંધજન મંડળ નીચે મુજબનાં પાસાં પર ભાર મૂકે છે:

૧. **અંધત્વ નિવારણ:** અંધત્વ નિવારણ માટે મંડળ નેત્ર શિબિર યોજે છે. વિટામીન 'એ' ની ટીકડીઓ વહેંચે છે. ઉપરાંત, શિક્ષકો માટે જાગૃતિ વર્ગોનું આયોજન કરે છે. અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાનાં ૧૮૨ ગામો વચ્ચે માત્ર માંડલમાં જ હૉસ્પિટલ હોવાથી મંડળની પ્રવૃત્તિઓ ત્યાં અતિ ઉપયોગી નીવડી છે.
૨. **સામાજિક પુનર્વાસ:** મંડળ હંમેશાં અંધજનોના સમુદાય આધારિત પુનર્વાસ પર ભાર મૂકે છે અને તે માટે સતત કાર્યરત રહે છે.
૩. **આર્થિક પુનર્વાસ:** અંધજનો અંધ થયા પહેલાં જે વ્યવસાય કરતા હોય તે જ વ્યવસાયમાં તેમને ફરીથી જોડવાનો પ્રયાસ કરવામાં આવે છે. જેમ કે, બીડી બનાવનાર કે ઈંટો બનાવનારને તે જ વ્યવસાયમાં ફરી વાર જોડાવા માટે તૈયાર કરવામાં આવે છે.
૪. **સહાયક સેવાઓ:** મંડળ અંધજનોને સરકારની સેવાઓનો લાભ અપાવે છે. તેમને પેન્શન મેળવવા, એસ. ટી. બસનો પાસ કે પુસ્તકો મેળવવા માટે મદદ પૂરી પાડવામાં આવે છે. વિકલાંગો માટેની સરકારી યોજનાઓનો લાભ તેમના સુધી પહોંચે તે માટે મંડળ સક્રિય પ્રયાસ કરે છે.
૫. **વહેલી પરખ:** બાળક જન્મતાં જ અંધ હોય તો તેને વહેલી તકે ઓળખી લેવા માટે મંડળ સજાગ રહે છે. કારણ કે વિકલાંગ વ્યકિતને તેની ઉંમર પ્રમાણે બાળપણથી જ તાલીમ આપવામાં આવે તો તે જલદી સ્વનિર્ભર બની શકે.
૬. **જનજાગૃતિ:** કોઈ એક સંસ્થા તમામ વિકલાંગ વ્યકિતઓ સુધી પહોંચી શકે નહીં. દરેક સંસ્થા પોતાની ક્ષમતાને આધારે કામગીરી કરે છે. તેથી અંધત્વ અંગે સાચી જાણકારી લોકો સુધી પહોંચે અને સમુદાયમાં જ તેમનું પુનર્વસન થાય તે માટે જાગૃતિ કેળવવા મંડળ દ્વારા પ્રદર્શનો, નિદર્શનો અને મેળા યોજવામાં આવે છે.
૭. **સંકલિત શિક્ષણ યોજના:** મંડળની સંકલિત શિક્ષણ યોજના હેઠળ નેત્રહીન, મંદ બુદ્ધિવાળાં અને બહેરા-મૂંગા એવાં તમામ બાળકોને સામાન્ય શાળામાં જ એકસાથે ભણાવવામાં આવે છે. વળી, ગામની શાળામાં જ શાળાના શિક્ષકો દ્વારા તે બાળકોને બધી તાલીમો આપવામાં આવે છે. બધાં વિકલાંગો સામાન્ય શાળામાં ભણી શકે એવું સરકારે પણ જાહેર કર્યું છે. જો કે, તો પણ અંધજનો પ્રત્યે સરકારી અધિકારીઓનો અભિગમ ઉદાસીન હોય છે. તેથી તે લોકોએ કોઈ કામ કરવાની કે શિક્ષણ મેળવવાની જરૂર નથી એવું તે અધિકારીઓ માને છે.

ત્યાર પછી સંદર્ભ વ્યકિતએ અંધજન મંડળની કામ કરવાની પદ્ધતિ તબક્કાવાર સમજાવી. અંધજન મંડળ સૌ પ્રથમ પોતાનો કાર્યવિસ્તાર પસંદ કરે છે. કાર્ય વિસ્તાર ગુજરાતમાં ગમે ત્યાં હોઈ શકે છે. પસંદ કરેલા તાલુકાને વિવિધ જૂથોમાં વહેંચી દેવામાં આવે છે. તાલુકાના દરેક ગામને નજીક પડે એવું કેન્દ્રનું ગામ પસંદ કરીને તેને એક ક્લસ્ટર તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે, વિરમગામ તાલુકામાં માલવણ ક્લસ્ટર. ક્લસ્ટર નક્કી થયા પછી સ્થાનિક સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવે છે. સ્થાનિક વ્યકિત પોતાની આસપાસનાં ગામડાંનો જાણકાર હોય છે. તે ગામના માર્ગોથી વાકેફ હોય છે. વળી, સ્થાનિક વ્યકિતને સમુદાય જલદી સ્વીકારે છે અને તેની પર વિશ્વાસ મૂકે છે. કાર્યકરની પસંદગી પર મંડળ ખૂબ ધ્યાન આપે છે, કારણ કે સંસ્થાની સફળતાનો આધાર સ્થાનિક કાર્યકર પર જ હોય છે. મંડળના અનુભવ મુજબ સ્થાનિક કાર્યકર મહિલાઓ ખૂબ સારી

### વિકલાંગ બાળક, વિકલાંગ મહિલા અને વિકલાંગ ખેડૂત માટે સહભાગીઓએ કરેલું પ્રવૃત્તિ આયોજન

૧. **આવક ઉપાર્જન:** મહિલા પોતે બેસીને સુપરવિઝન કરી શકે તેવું કામ અપાવવું. સરકારી યોજનાના લાભ અપાવવા. સ્વસહાય જૂથમાં તેમને સામેલ કરીને રોજગારી ઉપલબ્ધ કરાવવા પ્રયાસ કરવો. ખેડૂત પોતે ખેતીપ્રવૃત્તિ કરીને રોજગારી ઊભી કરી શકે તે માટે મદદ પૂરી પાડવી.
૨. **શિક્ષણ:** આ બાળકને ભણાવે, તેને પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત બનાવે અને માનસિક રીતે સ્વસ્થ કરે તેવા શિક્ષકની વ્યવસ્થા કરવી. તના માટે વ્હીલચેરની વ્યવસ્થા કરવી. સમુદાયના લોકો તે બાળકને સહયોગી બને તે માટે પ્રયાસ કરવા.
૩. **આવાસ:** બાળક, ખેડૂથ અને મહિલા માટે સરળતાથી હરીફરી શકાય તેવું ઘર બનાવવું. વ્હીલચેરમાં બેઠાબેઠા ચીજવસ્તુઓ લઈ શકાય તેવી સ્થિતિમાં તે મૂકવી જોઈએ. ખેડૂત માટેના આવાસમાં અનાજનો સંગ્રહ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ.
૪. **સ્વસહાય જૂથ:** મહિલાઓનું સ્થાનિક સ્વસહાય જૂથ રચીને આ મહિલાને તેમાં સભ્ય તરીકે નિયુક્ત કરવી. તેમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં તેની સક્રિય ભૂમિકા હોય તે ખાસ જોવું.




રીતે પોતાની ફરજ બજાવે છે. કાર્યકર પસંદ કર્યા પછી તેને છ અઠવાડિયાંની તાલીમ આપવામાં આવે છે. તેમાં પાંચ અઠવાડિયાં દરમ્યાન વિકલાંગતા, અંધત્વ, ઝામર, મોતિયો વગેરેની જાણકારી આપવામાં આવે છે. આંખના ઑપરેશનો થતાં બતાવાય છે. અંધ વ્યકિતનાં નામ નોંધતી વખતે ખોટી વ્યકિતનાં નામ ન લખાઈ જાય તે બાબતે કાળજી રાખવાનું કહેવાય છે. ત્યાર પછી એક અઠવાડિયા સુધી ક્ષેત્રકાર્ય કરાવવામાં આવે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન કાર્યકરો અંધજનોને મળીને વધુ સંવેદનશીલ થાય છે.

મંડળે કામની શરૂઆત કરી તે વખતે કેટલાંક ગામોમાં અંધ મહિલાઓ લાકડી પકડતાં ખચકાતી. પરંતુ મહિલા કાર્યકરોની અથાગ મહેનતના સફળ પરિણામ રૂપે આજે અંધ મહિલાઓ કોઈ પણ જાતના સંકોચ વગર લાકડીનો સહારો લે છે. મંડળના સર્વેક્ષણ વખતે ઘણા લોકો પોતાની દીકરી કે દીકરો અંધ હોય તો નામ નોંધાવતા નથી. કારણ કે તેઓ એવું માની બેસે છે કે અંધ હોવાથી તેમની સાથે કોઈ લગ્ન નહીં કરે. મંડળ હંમેશાં સમુદાયની ભાગીદારી અને સહકારથી કામ કરે છે. આજે આખા ભારતમાં વિકલાંગોના સમુદાય આધારિત પુનર્વસનની તાલીમ માત્ર અંધજન મંડળમાં આપવામાં આવી રહી છે. મંડળના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો પછી આજે અંધજનો સમુદાયમાં રહીને સ્વનિર્ભર બન્યા છે. આજે અંધજનો તમામ પ્રકારનાં કાર્યો આત્મવિશ્વાસપૂર્વક કરી શકે છે અને એક સામાન્ય વ્યકિત તરીકે જીવી શકે છે.

## કુદરતી આફતોમાં વિકલાંગો પ્રત્યેનો વૈશ્વિક અભિગમ

સત્રની શરૂઆત બપોરના ભોજન પહેલાં થઈ. સંદર્ભ વ્યકિતઓએ કોઈ પણ છ સહભાગીઓને સ્વયંસેવક તરીકે આગળ આવવા કહ્યું. ત્યાર પછી એ છ સહભાગીઓમાંથી બે સહભાગીઓના આંખે પાટા બાંધીને તેમને અંધ બનાવવામાં આવ્યાં. બીજા બે સહભાગીઓના હાથ બાંધી દેવામાં આવ્યા. બાકી વધેલા બે સહભાગીઓમાંથી એકનો એક પગ અને બીજાના બંન્ને પગ બાંધી દેવામાં આવ્યા. ત્યાર બાદ ભોજન વિરામ આપવામાં આવ્યો. ભોજન દરમ્યાન અને ભોજન પછીનું સત્ર શરૂ થતાં પહેલાં એ છ સ્વયંસેવકોને થયેલા અનુભવો તેમણે સત્ર દરમ્યાન રજૂ કર્યા:

### અંધ બનેલા સ્વયંસેવકોનો અનુભવ


- અંધારામાં ભોજન કરતા હોઈએ એવું લાગ્યું.
- અંધજનોને કેવી તકલીફ પડતી હશે તે સમજાયું.
- બીજા પર સતત નિર્ભર રહેવું પડતું હતું તે ન ગમ્યું.
- સરળતાથી હરીફરી શકાતું ન હતું.
- જો કે, લોકોએ ખૂબ મદદ કરી.

### હાથ ગુમાવેલા સ્વયંસેવકોનો અનુભવ

- જમણો હાથ બાંધેલો હતો તેથી ડાબો હાથ વધુ ક્રિયાશીલ રહ્યો. પરિણામે ડાબો હાથ ખૂબ દુખવા લાગ્યો.
- બંન્ને હાથ બંધાયેલા હતા તેથી તમામ ક્રિયાઓ મોં કે પગ વડે કરવી પડતી.
- લખવાનું પેડ મોંથી ઉપાડવું પડયું.
- બીજાના હાથે ભોજન ગ્રહણ કરવું પડયું. તેથી બાળપણ યાદ આવી ગયું.
- બંન્ને હાથ ન હોય એ ખૂબ તકલીફદાયક છે.
- ખૂબ લાચારી અનુભવાતી હતી.

### પગ ગુમાવેલા સ્વયંસેવકોનો અનુભવ

- જ્યારે માંગી ત્યારે જ મદદ મળી.
- લોકો મને બિચારી, લંગડી એવું કહેતા હતા તે ન ગમ્યું. તે ખૂબ અપમાનજનક લાગતું હતું.
- અંધ વ્યકિતને જોઈને થયું કે, મારી સ્થિતિ તેમના કરતાં વધારે




સારી છે.

- અપંગ લોકો સાથે થોડું કામ કર્યું છે, પરંતુ જ્યારે પોતે અપંગ બન્યા ત્યારે સાચી પરિસ્થિતિ સમજાઈ.
- કોઈની પર નિર્ભર થવું ગમતું ન હતું.
- બંને પગ ન હતા છતાં પોતાની જાત પર વિશ્વાસ રાખીને દૈનિક ક્રિયાઓ કરવાનો આનંદ મળતો હતો.

સહાભાગીઓના ઉપરોક્ત અનુભવો રજૂ થયા પછી સંદર્ભ વ્યકિતઓએ જણાવ્યું કે, વિકલાંગ વ્યકિત સંપૂર્ણ સ્વાવલંબી બની શકે છે. તેથી આપણે તેમની ક્ષમતાઓને ઓછી ન આંકવી જોઈએ. આપણે જે વિસ્તારમાં કામ કરતા હોઈએ ત્યાં કોઈક વ્યકિત તો અપંગ હશે જ. અપંગતા બધે જ છે. અપંગતા અને ગરીબી એકબીજા સાથે જોડાયેલાં છે. પ્રાથમિક આરોગ્ય સેવાઓનો અભાવ અને કુપોષણ અપંગતા માટે જવાબદાર બની શકે છે. અપંગતાને કારણે ગરીબી વધે છે. આમ, આ ચક્ર ચાલ્યા કરે છે. જો કે, ગરીબ, મધ્યમ અને ઉચ્ચ એ તમામ વર્ગમાં અપંગ વ્યકિતઓ હોય છે. શું આપણે તમામ વર્ગની અપંગ વ્યકિતઓ સાથે કામ કરવું જોઈએ? એવા પ્રશ્નના જવાબમાં સહભાગીઓએ સંમતિ દર્શાવતાં કહ્યું હતું કે, કોઈ પણ વર્ગની વિકલાંગ વ્યકિત સાથે કામ કરવું જોઈએ. ત્યાર બાદ સંદર્ભ વ્યકિતઓએ માનવ વિકાસને અસર કરતાં પરિબળો વિશે વાત કરી હતી.

**દરેક વ્યક્તિના વિકાસમાં નીચેનાં પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે:**

૧. **જન્મગત:** વ્યકિતની જાતિ, તેની ઉંમર, કુટુંબ, દેશ, સંસ્થા અને સામાજિક-આર્થિક બાબતોની તેના વિકાસ પર અસર થાય છે.

૨. **વાતાવરણ કે પરિવેશ:** વ્યકિત જે માહોલમાં રહે છે તે માહોલની તેના વ્યક્તિત્વ પર અસર થાય છે. જન્મગત અને વાતાવરણ એ બેના સંમિશ્રણથી આપણું વ્યકિતત્વ ઘડાય છે. આપણે જે ક્રિયાઓ-પ્રતિક્રિયાઓ કરીએ છીએ એ આપણા બાહ્ય પરિવેશને આભારી છે. વિકલાંગ વ્યકિતઓને બાહ્ય વાતાવરણ બે રીતે અવરોધરૂપ બને છે. એક શારીરિક રીતે અને બીજું સામાજિક રીતે. દા.ત. પોલિયોગ્રસ્ત બાળકની શાળા ત્રીજા માળે હોય તો તે તેના શિક્ષણ માટે બાધારૂપ બની શકે છે. આ થયો શારીરિક અવરોધ. શિક્ષકનું અને માતાપિતાનું વિકલાંગ બાળક પ્રત્યેનું વલણ ઉદાસીન હોય અને તેને શાળામાં મોકલવા માટે પ્રોત્સાહન ન અપાતું હોય એ એક મોટો સામાજિક અવરોધ છે, અને તેને દૂર કરવાની જરૂર છે.

અપંગતા દૂર કરવા માટે માત્ર તબીબી અભિગમ નહીં ચાલે. જો સમાજનો અભિગમ સહયોગભર્યો હોય તો જ અપંગતા દૂર થઈ શકે. અપંગતા એ સામાજિક પ્રક્રિયા છે. આપણે ભૂકંપ સંભવિત વિસ્તારમાં રહીએ છીએ. તેથી આપણે સુરક્ષિત સ્થિતિમાં રહેવું જોઈએ. ધરતીકંપને અટકાવી દેવો આપણા હાથમાં નથી પણ ધરતીકંપથી બચવું એ આપણાં હાથમાં છે. આપણે આપણા બચાવની વ્યવસ્થા ચોક્કસ કરી શકીએ.

## વિકલાંગતા સર્જતા સંજોગો

વિકલાંગતા રોકવા માટે નીચેના ત્રણ સ્તરે પ્રયાસો થવા જોઈએ:


૧. આરોગ્ય, શિક્ષણ અને રસીકરણ દ્વારા વિકલાંગતાનાં જોખમો દૂર કરવાં.


૨. અકસ્માત કે રોગના સંજોગોમાં શારીરિક અસરોને સારવાર આપીને ઓછી કરવી અને બાહ્ય વાતાવરણ અનુકૂળ બનાવવું.

૩. અરસપરસના સામાજિક સંકલનને પ્રોત્સાહન આપવું.
   - માત્ર વિકલાંગ વ્યકિતને જ નહીં પરંતુ તેના કુટુંબ અને આસપાસના લોકોને પણ સહયોગ પૂરો પાડવામાં સાંકળવા જોઈએ. તેમાં સામુદાયિક કાર્યકરો, ઑર્થોપેડિક ડૉક્ટરો, ફિઝિયોથેરાપિસ્ટ ડૉક્ટરો વગેરેનો સહયોગ મેળવવો.
   - નિર્ણય લેવાની પ્રક્રિયામાં દરેક તબક્કે અને દરેક સ્તરે વિકલાંગ વ્યકિતઓને તક આપવી જોઈએ.
   - દરેક વ્યકિતએ વિકલાંગ વ્યકિતઓને સમાન તકો પ્રાપ્ત થાય તે માટે સક્રિય થવું જોઈએ.

વિકલાંગો પ્રત્યે સમાજની સંવેદનશીલતા પર સંદર્ભ વ્યકિતઓએ ભાર મૂકયો હતો અને બાહ્ય પરિવેશની વ્યકિત પર થતી અસરો સમજાવી હતી. ત્યાર પછી સહભાગીઓને ચાર જૂથમાં વહેંચીને

**માનવ વિકાસનું સ્વરૂપ**






નીચેના વિષય પર ચર્ચા યોજવામાં આવી હતી:

૧. ૩૦ વર્ષની મહિલા - બંને પગે અપંગ -તેમની પાસે સાયકલ છે.
૨. ૮ વર્ષનું બાળક - પોલિયોગ્રસ્ત -માત્ર હાથનો ઉપયોગ કરી શકે છે.
૩. ૪૫ વર્ષનો ખેડૂત - ભૂકંપમાં એક પગ કપાયો છે.

ઉપરોક્ત ત્રણેય વ્યક્તિઓ માટે ચારેય જૂથને નીચે મુજબની ચાર પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું કહેવામાં આવ્યું હતું:

૧. આવક ઉપાર્જન.
૨. શિક્ષણ.
૩. આવાસ.
૪. સ્વસહાય જૂથ.

ચારેય જૂથે ચર્ચા કરીને ઉપર ઉલ્લેખ કરેલાં મહિલા, બાળક અને ખેડૂત માટે પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. જૂથ ચર્ચામાંથી ઘડાયેલી પ્રવૃત્તિઓ વિશે ટિપ્પણી કરતાં સંદર્ભ વ્યકિતઓએ જણાવ્યું હતું કે, વિકલાંગો માટે આ બધી પ્રવૃત્તિઓ થઈ શકે એવું જો આપણે માનતા હોઈએ તો આપણે ભૂકંપથી અસરગ્રસ્ત વિસ્તારની પુનર્વસન પ્રક્રિયામાં તે પ્રવૃત્તિઓ શરૂ કરી દેવી જોઈએ. વિકલાંગોની સ્થિતિ અંગે ચર્ચા કરતાં તેમણે જણાવ્યું હતું કે, વિકલાંગોની પોતાની જાત પ્રત્યેની ધારણા અને લોકોની તેમના પ્રત્યેની ધારણા બદલવાની જરૂર છે. વિકલાંગો માટે અલગ શાળા ન હોવી જોઈએ. તેમને સામાન્ય શાળામાં જ બેસવા દેવા જોઈએ. વિકલાંગ બાળક સામાન્ય શાળામાં ભણશે તો અન્ય બાળકો સહજ રીતે તેને દોસ્ત બનાવશે અને તે મુખ્ય પ્રવાહમાં ભળી શકશે. આપણે વિકલાંગો માટે દયા દાખવવાને બદલે તેમને સ્વનિર્ભર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

## કુદરતી આફતોમાં બાળકોની સ્થિતિ અને તેમની ખાસ જરૂરિયાતો

સંદર્ભ વ્યકિતએ ‘યુનિસેફ’ની પ્રવૃત્તિઓની ટૂંકમાં માહિતી આપી હતી. યુનિસેફ પ્રારંભિક શિક્ષણની સ્થિતિ સુધારવા સ્વૈચ્છિક સંસ્થાઓની ક્ષમતા વધારવા અને આરોગ્યના મુદ્દા અંગે કાર્યરત છે. ગુજરાતમાં ભૂકંપ પછી અસરગ્રસ્ત સમુદાય સુધી પહોંચવાના હેતુથી કચ્છના ભુજ, રાપર, ભચાઉ અને અંજાર તાલુકામાં કામગીરી બજાવે છે.

સંદર્ભ વ્યકિતએ ‘યુનિસેફ’નો પરિચય આપ્યા પછી ભૂકંપ પછીની બાળકોની સ્થિતિ વિશે વાત શરૂ કરી. તે માટે સહભાગીઓને કુલ ત્રણ જૂથમાં વહેંચવામાં આવ્યા. દરેક જૂથને નીચે મુજબનો એક પ્રશ્ન આપીને તે અંગે ચર્ચા કરવાનું કહેવામાં આવ્યું:


### ગીતાબહેનની વાત

**પરિસ્થિતિ-૧**

ગીતાબહેન ૩૦ વર્ષનાં છે. તેઓ કૉમર્સ ગ્રેજ્યુએટ છે. ભૂકંપ દરમ્યાન પગ પર દિવાલ પડતાં તેમનો એક પગ કાપવો. તેની જગ્યાએ નકલી પગ લગાવવામાં આવ્યો. તેથી થોડું ચાલી શકતાં હતાં. તેઓ બેંકમાં નોકરી કરતાં હતાં. બેંક ત્રીજે માળે હતી અને ટોઈલેટ છેક નીચે હતું. પરિણામે મેનેજરે તેમને કહી દીધું કે, તમારાથી નોકરી નહીં થાય. તમે ઘેર બેસી જાઓ. ગીતાબહેનના મા-બાપે પણ તેમને ઘરમાં જ બેસી રહેવાનું કહ્યું. ગીતાબહેનની જેની સાથે સગાઈ થઈ હતી એ યુવકે પણ ગીતાબહેનની અપંગતાના કારણે તેમની સાથે સગાઈ તોડી નાંખી. આમ, ગીતાબહેને ઘર, ઑફિસ અને થનારા જીવનસાથીનો સાથ ગુમાવ્યો. તેમની જિંદગી અચાનક બદલાઈ ગઈ. ગીતાબહેનનું બાહ્ય વાતાવરણ અનુકૂળ ન હોવાના કારણે તેમની આવી હાલત થઈ. નિમ્નલિખિત કિસ્સામાં તેમનું વાતાવરણ સહયોગી હતું તેથી તેઓ જીવનના મુખ્ય પ્રવાહમાં ભળી શક્યાં.

**પરિસ્થિતિ-૨**

હૉસ્પિટલના સ્ટાફ અને ગીતાબહેનના કુટુંબે તેમને હૈયાધારણ આપી, તેમનામાં સારી રીતે જીવી શકવાની આશા જગાવી. તેઓ જ્યાં નોકરી કરતાં હતાં ત્યાંના સ્ટાફે પણ તેમને ઝડપથી ફરી વાર કામે લાગી જવા માટેની શુભેચ્છાઓ પાઠવી. ગીતાબહેનની જેની સાથે સગાઈ થઈ હતી તે યુવક પહેલાં તો ખૂબ જ હતાશ થઈ ગયો હતો. પરંતુ હવે તે એકદમ સ્વસ્થ છે અને ગીતાબહેન સાથે લગ્ન કરવા માટે તૈયાર છે. આમ, ગીતાબહેનના બાહ્ય પરિવેશે તેમને મદદ કરી તેથી તેઓ નવું જીવન પામી શકયાં. આપણી આસપાસના લોકો આપણને ઉત્સાહ પૂરો પાડે, સધિયારો આપે તેની આપણા જીવન પર ખૂબ સારી અસર પડે છે.




જૂથ-૧. બાળકોને ભૂકંપનો કેવો આઘાત લાગ્યો છે?
જૂથ-૨. ભૂકંપ પછીની બાળકોની પ્રતિક્રિયા કેવી છે?
જૂથ-૩. ભૂકંપ પછીની બાળકોની જરૂરિયાતો કઈ છે?
ઉપરોક્ત પ્રશ્નો અંગે સહભાગીઓના ત્રણેય જૂથોએ ચર્ચા કરીને ફ્લિપ ચાર્ટ પર સૌ સમક્ષ રજૂઆત કરી હતી.

### સલાહ દ્વારા સમસ્યાનું નિવારણ

ત્રીજા દિવસના પ્રથમ સત્રમાં આગળના દિવસનું ટૂંકમાં પુનરાવર્તન કર્યા પછી સંદર્ભ વ્યક્તિએ સલાહ (કાઉન્સેલિંગ) અંગે રજૂઆત કરી હતી. શરૂઆતમાં મોટા જૂથમાં સહભાગીઓ સમક્ષ આ પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો હતો: 'શું લગ્ન કર્યા વગર સ્ત્રી-પુરુષ એકસાથે જીવી શકે?'

સહભાગીઓએ ઉપરોક્ત પ્રશ્ન અંગે પોતપોતાનાં મંતવ્યો રજૂ કરીને ઘનિષ્ઠ ચર્ચા કરી હતી. ચર્ચા પછી સંદર્ભ વ્યક્તિએ જણાવ્યું હતું કે, કાઉન્સેલિંગ કરતી વખતે કાઉન્સેલરે પોતાની વિચારધારાને દૂર રાખીને એક સારા શ્રોતા બનવું પડે છે. સારા શ્રોતામાં સાંભળવાની, સમજવાની અને સ્વીકારવાની ક્ષમતા હોવી જોઈએ. દરેક વ્યક્તિએ પોતાના વિશે બીજાનો પ્રતિભાવ મેળવવો જોઈએ. અસરકારક કાઉન્સેલિંગ વિશે સમજાવવા સંદર્ભ વ્યક્તિએ સહભાગીઓને ત્રણ-ત્રણ વ્યક્તિના જૂથમાં વહેંચાઈ જવા કહ્યું. ત્રણ વ્યક્તિઓમાં એક બોલનારી, બીજી સાંભળનારી અને ત્રીજી માત્ર નિરીક્ષણ કરનારી વ્યક્તિ હતી. કાર્યશાળાની શરૂઆતમાં પરિચયવિધિ મુજબ કરવામાં આવેલી જૂથની દરેક વ્યક્તિએ વારાફરતી ત્રણેય ભૂમિકા (બોલનાર, સાંભળનાર, નિરીક્ષણ કરનાર) અદા કરવાની હતી. તે માટે કુલ પંદર મિનિટની સમય મર્યાદા આપવામાં આવી હતી. બોલનાર વ્યક્તિને પાંચ મિનિટમાં પોતાના જીવન વિશે કોઈ વાત કરવાનું કહેવામાં આવ્યું હતું. આ જૂથ પ્રક્રિયાના અંતે સહભાગીઓએ પોતાને થયેલા અનુભવો રજૂ કર્યા હતા. સહભાગીઓએ રજૂ કરેલા મુદ્દા અંગે ચર્ચા થયા પછી સંદર્ભ વ્યક્તિએ એક સહભાગી સાથે પ્રત્યક્ષ કાઉન્સેલિંગનાં બે નિદર્શનો યોજ્યાં હતાં. સહભાગીઓએ તેનું અવલોકન કરીને તે અંગે પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

### કાઉન્સેલિંગ અંગે ધ્યાનમાં રાખવાના મુદ્દા

૧. કાઉન્સેલર તરીકે મહાનતા બતાવવા જતા હોઈએ એવો મનમાં ભાવ ન હોવો જોઈએ. "હું અમદાવાદથી આપની મદદ માટે આવ્યો છું." -એવાં વાક્યો પોતાની મહાનતા દર્શાવે છે. તેથી આવાં વાકયોનો ઉપયોગ ન કરવો જોઈએ.
૨. દુ:ખી વ્યક્તિ નાની કે નીચી અને કાઉન્સેલિંગ કરનાર વ્યક્તિ મોટી કે ઊંચી એવો ભાવ ન ઉત્પન્ન થવો જોઈએ.
૩. દુ:ખી વ્યક્તિ સાથે અન્ય દુ:ખી વ્યક્તિના દુ:ખની સરખામણી

### બાળકો અને આપત્તિ

- આપત્તિમાં બાળકોની અનેક જરૂરિયાતો પરિપૂર્ણ થતી નથી.
- દુનિયાભરમાં શહેરોમાં ત્યજી દેવાયેલાં રસ્તે રખડતાં બાળકોની વસ્તી વધી રહી છે. તેથી આપત્તિ નિવારણમાં બાળકો પ્રત્યે ધ્યાન આપવાની ખાસ જરૂર છે. આવાં બાળકોની સંખ્યા વધે નહીં તે માટે બાળકો સામેનાં જોખમો દૂર કરવા પર ધ્યાન આપવું જોઈએ.
- બાળકોને પોતાની વાત અને મંતવ્ય રજૂ કરવાની તક આપવી જોઈએ.
- અસરગ્રસ્ત વિસ્તારમાં શાળા જલદી શરૂ થવી જોઈએ.
- જે બાળકોએ આપત્તિ દરમ્યાન વિનાશ, ઈજાઓ કે મોત જોયાં છે તેવાં અસરગ્રસ્ત બાળકોને વ્યાવસાયિક સારવાર પૂરી પાડવી જોઈએ. પોતાનાં બાળકો વિશે ચિંતિત મા-બાપે પોતાના અંગત દાક્તર, બાળકોના દાક્તર કે પછી માનસિક આરોગ્યના વ્યવસાયીને બતાવવું જોઈએ.

ન કરવી જોઈએ. તે વ્યકિત દુ:ખી છે એવું આપણે સ્વીકારવું જોઈએ.

૪. આપણે સમજાવવાની ભાવનાથી દુ:ખી વ્યકિત પાસે જઈએ છીએ. સમજાવવાની ભાવનામાં સલાહનો ભાવ આવી જાય છે. આપણે જાણે એવું માની લઈએ છીએ કે એક કાઉન્સેલર તરીકે દુ:ખી વ્યકિતને આપણે સમજાવી દેવા કે સલાહ આપવા જઈએ છીએ. ખરેખર કાઉન્સેલિંગમાં સલાહ આપવાની હોતી નથી.

૫. દુ:ખી વ્યકિતના દુ:ખની વાત પૂછવી જોઈએ. એની પીડા આપણે સાંભળવી જોઈએ. તેનું દુ:ખ આપણી સમક્ષ હળવું કરવાનો તેને મોકો આપવો જોઈએ. તેને વધારે બોલવાની તક આપવી જોઈએ.

૬. આપણે આપણી માન્યતાઓ તથા વિચારોને બીજા પર થોંપવા ન જોઈએ. આપણે તેમની તકલીફ અને દુ:ખમાં ભાગીદાર થવું જોઈએ.

૭. દુ:ખી વ્યકિત પોતાનું દુ:ખ વ્યકત કરતી વખતે ઊંડી લાગણીપૂર્વક કહેવું જોઈએ કે, 'ખૂબ દુ:ખ થયું', 'બહુ ખરાબ થયું'. જો કે, કાઉન્સેલરે પોતે પણ ભાવનામાં વહી જઈને રોવા માંડયું નહીં.

૮. કોઈ પણ વ્યકિતનું દુ:ખ કોઈનું પ્રવચન સાંભળવાથી દૂર ના થઈ શકે. પરંતુ કોઈની સમક્ષ દુ:ખ વ્યકત કરવાથી હૃદયનો ભાર જરૂર હળવો થાય છે.

૯. કોઈ પણ પ્રકારની કુદરતી આફતો પછી છ મહિના સુધી લોકોને પોતાની દુ:ખની લાગણીઓ વ્યકત કરવાની તક આપવી જોઈએ.

૧૦. કાઉન્સેલરે દુ:ખી વ્યકિત સાથેની પોતાની પહેલી મુલાકાતમાં ૩૦થી ૪૫ મિનિટ ફાળવવી જોઈએ.

૧૧. કાઉન્સેલિંગ વખતે કાઉન્સેલરે યોગ્ય બેસવું જોઈએ. વારંવાર હલન-ચલન કરવાથી કે વધારે પડતાં દૂર-નજીક બેસવાથી કાઉન્સેલિંગમાં અડચણ ઊભી થાય છે.

૧૨. સાંભળવા માટે માત્ર કાન નહીં પણ શારીરિક હાવભાવ પણ ખૂબ મહત્ત્વના છે.

૧૩. કાઉન્સેલરે હોંકારો આપીને, માથું હલાવીને તથા આંખોના હાવભાવથી પોતે બોલનારની વાત સાંભળી રહ્યા છે તેવું દર્શાવવું જોઈએ.

૧૪. કાઉન્સેલરનો પહેરવેશ યોગ્ય હોવો જોઈએ.

૧૫. કાઉન્સેલરે યોગ્ય મૂડ હોય ત્યારે જ કાઉન્સેલિંગ કરવું જોઈએ.

**કાઉન્સેલિંગ શરૂ કરતાં પહેલાં કાઉન્સેલરે ધ્યાનમાં રાખવાના તબક્કા**

૧. કાઉન્સેલરે પોતાના શારીરિક હાવભાવથી દુ:ખી વ્યકિતને આવકારવી. સામાન્ય વાતો કરીને તેને માનવીય વર્તન કર્યાનો અહેસાસ કરાવવો. આરંભના આ પ્રથમ તબક્કા માટે પાંચ મિનિટ ફાળવવી.

૨. દુ:ખી વ્યકિત જ્યારે પોતાની વેદના દર્શાવે ત્યારે તે જ વાત ફરીવાર આપણા શબ્દોમાં દોહરાવવી જોઈએ. જેમ કે, 'આપને પગમાં બહુ દુ:ખે છે નહીં!' 'પગમાં ખૂબ પીડા થાય છે'- વગેરે. આ તબક્કા માટે ૨૦ મિનિટ ફાળવવી જોઈએ.

૩. દુ:ખી વ્યકિત જ્યારે ભવિષ્ય અને ભવિષ્યના આયોજનની વાત કરવા લાગે ત્યારે કાઉન્સેલરે વાતનો અંત આવી રહ્યો છે એમ સમજી લેવું જોઈએ. તે વખતે સમગ્ર વાતનું ટૂંકમાં પુનરાવર્તન કરવું જોઈએ.

કાઉન્સેલિંગ દરમ્યાન દુ:ખી વ્યકિત પોતે જ પોતાની સમસ્યાના નિવારણ માટે વિકલ્પોની વાત કરશે. કાઉન્સેલરે તે વિકલ્પોનો ઉલ્લેખ કરીને તેમાંથી એક વિકલ્પ પસંદ કરવાની દુ:ખી વ્યકિતને રજૂઆત કરવી પડશે. દા.ત.

**સમસ્યા** : મા વગરના બાળકનું શું કરવું?

**વિકલ્પો** : ૧. બાળકને પિતા પાસે રહેવા દેવું.
૨. માસી પાસે છોડી દેવું.
૩. પિતાએ બીજાં લગ્ન કરી લેવાં, જેથી બાળકને નવી મા મળે.

કાઉન્સેલરે દુ:ખી વ્યકિતને એવો અહેસાસ કરાવવો જોઈએ કે, તેની સાથે કોઈક છે. જો કે, તેની સમસ્યાના નિવારણ માટે તેણે પણ પ્રયાસ કરવો પડશે એવું દુ:ખી વ્યકિતને કાઉન્સેલરે જણાવવું જોઈએ.

## કુદરતી આફત વખતે કાયદાની સ્થિતિ

સંદર્ભ વ્યકિતએ સૌ પ્રથમ કુદરતી અને માનવસર્જિત આફતોની વાત કરી હતી. કાયદાની વાત સમજાવતાં પહેલાં તેમણે આફતોની સ્થિતિમાં સરકારની જવાબદારીઓ વિશે નીચે મુજબ જણાવ્યું હતું:

- સરકાર આફતથી અસરગ્રસ્તોને વળતર આપે એ સરકારની કાયદાકીય જવાબદારી છે. સરકાર પ્રજાના પિતા સમાન છે. જે નાગરિકો (વિધવા, અનાથ, અપંગો વગેરે) પોતાની સુરક્ષા જાતે ન કરી શકે તેમની જવાબદારી ઉઠાવવાની સરકારની ફરજ છે. રાહત અને પુનર્વાસની જવાબદારી સરકારની છે. એક નાગરિક તરીકે આપણે સરકાર પાસે આપણો અધિકાર માંગીએ છીએ, ભીખ નથી માંગતા.
- રાજ્ય સરકારે આફત પ્રબંધની કોઈ નીતિ બનાવી નથી. ખરેખર તો દરેક રાજ્યમાં 'ડિઝાસ્ટર મૅનેજમેન્ટ પોલિસી' હોવી જોઈએ.
- આપણા દેશના બંધારણની કલમ-૨૧માં કહેવામાં આવ્યું છે કે, 'કોઈ પણ વ્યકિતનો પોતાની જિંદગી પર અધિકાર છે, કાનૂની અધિકાર વગર કોઈનું જીવન છીનવી શકાય નહીં.' આમાં માત્ર

શ્વાસ લઈને જીવતા રહેવાની વાત નથી, પણ એક માણસ તરીકે રોટી, કપડાં, મકાન, પ્રાથમિક આરોગ્ય, પાણી જેવી મૂળભૂત જરૂરિયાતો સંતોષીને જીવવાની વાત છે.

- કાયદામાં એવું કહેવાયું છે કે, આફતો પછી જો સરકાર પાસે નાણાં હોય એટલે કે ક્ષમતા હોય તો તેણે લોકોનું પુનર્વસન કરવું. પરંતુ ગુજરાતની વડી અદાલતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ શ્રી બી. જે. દીવાને ભૂકંપ પછી કૉર્ટમાં સરકાર સામે કરેલા કેસમાં નીચે મુજબના મુદ્દા ઉઠાવ્યા છે:
  - ક. આવી રહેલી નાણાકીય સહાયોનું કૉર્ટ નિરીક્ષણ કરવું જોઈએ.
  - ખ. નિરીક્ષણ કરવા માટે એક નિષ્પક્ષ સમિતિ રચવી જોઈએ.
  - ગ. ભૂકંપ પીડિતો માટે આવેલાં નાણાં અન્ય ફંડ માં ન જવાં જોઈએ.

  ઉપરના કેસ સંદર્ભે અદાલતે ફેબ્રુઆરીમાં નીચે મુજબ ચૂકાદો આપ્યો છે:
  - ક. નાણાકીય સહાય રૂપે આવેલાં નાણાં એક અલગ ખાતામાં જમા કરવાં.
  - ખ. ભૂકંપ પીડિતો માટે આવેલાં નાણાં તેમના માટે જ વાપરવાં.
  - ગ. કોઈ પણ નાગરિક તે અંગેની બધી જ માહિતી માંગી શકે.

વડી અદાલતે ઉપરના ચુકાદાની સાથે સાથે ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં જિલ્લા ન્યાયાધીશની રાહબરી હેઠળ લોકપાલની વ્યવસ્થા કરી. તેમાં અસરગ્રસ્તોને પોતાની ફરિયાદો કરવાની જોગવાઈ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં તે વ્યવસ્થા હેઠળ ૧૧૦૦૦ અસરગ્રસ્તોએ પોતાને વળતર ન મળવા અંગે ફરિયાદો નોંધાવી છે. સામાન્ય રીતે ત્યાં વળતર અને આવાસને લગતી ફરિયાદો નોંધાવી શકાય છે. તા.૧૮-૧૯ મે દરમ્યાન ભૂકંપગ્રસ્ત વિસ્તારની મુલાકાતે આવી ગયેલા 'રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ' ના ન્યાયાધીશશ્રી વર્માએ પણ પુનર્વસન અંગે રાજ્ય સરકારને કેટલાક નિર્દેશો કર્યા હતા. ઉપરોકત માહિતી આપ્યા પછી સંદર્ભ વ્યકિતએ અસરગ્રસ્તોને ઉપયોગી કાયદાકીય વ્યવસ્થાની જાણકારી આપી હતી.

વિકલાંગ વ્યક્તિ સરકારી હૉસ્પિટલની લિફ્ટમાં વ્હીલ ચેર સાથે જઈ શકે તેવી લિફ્ટ હોવી જોઈએ. જો કે, ખાનગી હૉસ્પિટલોને આ કાયદો લાગુ પડતો નથી. વિકલાંગ વ્યકિતને વળતર, હૅલ્પર સાથે મુસાફરી કરવાનો પાસ, સરકારી લોન વગેરે મેળવવાનો અધિકાર છે. ભૂકંપથી અસરગ્રસ્તો માટે કાયદાકીય વ્યવસ્થાની ચર્ચા દરમ્યાન સહભાગીઓએ પોતાને મૂંઝવતા પ્રશ્નો સંદર્ભ વ્યકિત સમક્ષ રજૂ કર્યા હતા. સંદર્ભ વ્યકિતએ દરેક પ્રશ્નની ચર્ચા કરીને તે અંગેની જરૂરી માહિતી પૂરી પાડી હતી. તેમણે ન્યાયાધીશશ્રી કૃષ્ણ ઐયરના ચુકાદાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, સરકાર ભૂકંપગ્રસ્તોના પુનર્વસન માટે જવાબદાર છે. સરકાર પાસે નાણાકીય ક્ષમતા ન હોય તો સરકારે રાજીનામું આપવું જોઈએ. નાણાં એકઠાં કરવાની જવાબદારી સરકારની છે. ત્યાર બાદ સંદર્ભ વ્યકિતએ કચ્છમાં અસરગ્રસ્તોને કાનૂની માર્ગદર્શન અને સહાય આપવાના હેતુથી શરૂ થયેલા 'હ્યુમન રાઈટ્સ લૉ નેટવર્ક' વિશે માહિતી આપી હતી. આ નેટવર્ક આદિપુરમાં કાર્યરત છે. તે લોકોને જુદા જુદા કાયદાની જાણકારી આપશે તથા સ્થાનિક વકીલો તૈયાર કરશે.

### વંચિતો માટે આવાસ

સંદર્ભ વ્યકિતએ ત્રીજા સત્રની શરૂઆતમાં ભૂકંપ પછીની પુનર્વસન પ્રક્રિયા વિશે વાત કરી. લાતુરમાં આવેલા ભૂકંપ પછી પુનર્વસન પ્રક્રિયા અનેક વર્ષો સુધી ચાલી હતી. ખાસ કરીને કાયમી આવાસ પૂરા પાડવાનું કામ લાંબા સમય સુધી ચાલ્યું હતું તેની વાત કરી. ગ્રામીણ વિસ્તારમાં ૭૦થી ૭૫ ટકા મકાનો લોકોએ જાતે બાંધેલાં હોય છે. ગ્રામીણ ઘરો સ્થાનિક રીતે ઉપલબ્ધ સામગ્રીમાંથી બનેલાં હોય છે. ઘરો પર પ્લાસ્ટરને બદલે સ્થાનિક માટીથી લીંપણ કરેલું હોય છે. જ્યાં વરસાદ વધુ પડતો હોય તેવા વિસ્તારમાં બે ઢાળનાં નીચાં છાપરાંવાળાં ઘર જોવા મળે. આવાં ઘરોમાં શ્રમની કિંમત આંકવી જોઈએ. ગ્રામીણ વ્યકિત પોતાની આજીવિકાને પોસાય એવું અને જ્યારે જરૂર પડે ત્યારે વિસ્તારી શકાય એવું ઘર બનાવે છે. મોટા ભાગે જ્યારે ખેતીના કામમાંથી જ્યારે જ્યારે ફુરસદ મળે ત્યારે ધીમે ધીમે ઘર બનાવવામાં આવે છે. આવાં ઘરોનો એકથી વધુ હેતુથી ઉપયોગ થતો હોય છે. કેટલાંક ઘરોમાં રસોડું, અનાજ વગેરે સંગ્રહ કરવાની જગ્યા અને ઢોરને બાંધવાની જગ્યા એકસાથે જ જોવા મળે. આવાં ઘરની કિંમત આપણને ૮૦૦ રૂપિયા જેટલી લાગે પણ તેમના શ્રમની કિંમત ગણીએ તો તે ઘર ૧૬૦૦ રૂપિયાનું થાય.

ભૂકંપગ્રસ્તોને ઘરની મદદ પૂરી પાડનાર સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ કે અન્ય વ્યકિતઓએ અસરગ્રસ્તોની ઘરની જરૂરિયાતો અંગે ખાસ ધ્યાન આપવું જોઈએ. લાતુરમાં એક કોયલાનગર બાંધવામાં આવ્યું હતું. તેમની જરૂરિયાતો વિશે કશું જ પૂછવામાં આવ્યું ન હતું. પરિણામે ચૂલા પર રસોઈ બનાવવા ટેવાયેલા એ અસરગ્રસ્તો માટે સ્ટેન્ડિંગ કિચન બનાવાયાં હતાં. તેઓ ખુલ્લામાં કુદરતી હાજતે જવા ટેવાયેલાં હતાં છતાંય તેમને એટેચ્ડ ટોઈલેટવાળાં ઘર આપી દેવામાં આવ્યાં હતાં. આજે તે ઘરોમાં લોકો પોતાનાં ઢોર બાંધે છે, પણ પોતે રહેતાં નથી. આપણે લોકોને પાકું મકાન નહીં, પણ ભૂકંપથી સુરક્ષિત મકાન આપવાની વાત પર ભાર મૂકવો જોઈએ. સિમેન્ટ વાપરવાથી ઘર મજબૂત બની જાય એવું માનવું ભૂલભરેલું છે. કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની તંગી હોય ત્યાં સિમેન્ટવાળાં ઘર પર છાંટવા માટે પાણી કેવી રીતે મળે? આપણે લોકોને જ પૂછવું જોઈએ કે, "તેઓ

## કાર્યશાળા બાદ સહભાગીઓ દ્વારા વિકલાંગોના સમુદાય કેન્દ્રી પુનર્વસન અંગે લેવાયેલાં પગલાં

**મીના પરમાર, 'સેવા' (અમદાવાદ)**
તાલીમ પછી મને એવું લાગ્યું કે, જે વિકલાંગ વ્યક્તિઓ સાથે આપણે કામ કરીએ છીએ તેમને છોડી ના દેવા જોઈએ. ૧૯૯૪માં બંને પગે અપંગ એવા આશાબહેનને ધ્યાનમાં રાખીને સાક્ષરતાના વર્ગ ચલાવ્યા હતા. પણ પછી તેમણે વર્ગમાં આવવાનું બંધ કરી દીધું. હવે અમે આશાબહેનને સાથે રાખીને જ તેમના વિસ્તારમાં શિક્ષણ માટેના વર્ગો ચલાવવાનું કામ કર્યું છે.

**રજાક તુરિયા, 'સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી'- કચ્છ વિકાસ ટ્રસ્ટ (નખિયા)**
રાયધણ મુકામે હું કાર્યકર તરીકે કામ કરું છું. તેમાં અંધ અપંગ બાળકો અને પુખ્ત વયના વિકલાંગોના પુનર્વસન માટે કામ કરું છું. સમુદાય કેન્દ્રી પુનર્વસનની તાલીમ પછી મેં અંધ વ્યક્તિઓને તેમના પગ પર ઊભા રહેતા કરવાનો પ્રયાસ કર્યો છે. આજે તેઓ ખેતીનું કામ કરી શકે છે અને વાહનોમાં આવ-જા પણ કરી શકે છે.

**નીલા પટેલ, ગણતર (અંજાર)**
વિકલાંગ કાર્યકરને તેઓ ક્ષેત્ર કાર્ય માટે વાહન લઈને જતા હતા તેથી તેમને વાહન ભથ્થું આપવાનો નિર્ણય લેવાયો. તે સમયે અન્ય કાર્યકરોએ તેને અંગે કોઈ વિરોધ કર્યો નહીં, એટલું જ નહીં પણ અન્ય કાર્યકરોએ તે સહર્ષ સ્વીકારી લીધું. આ વિકલાંગ બહેન બાળકોને માત્ર ભણાવવાનું જ કામ કરતા હતા. પરંતુ તેમને સર્વેક્ષણ માટેનું કામ પણ સોંપાયું તો તેઓ તે કામ ઉત્સાહભેર કરવા તૈયાર થયા. આ રીતે તેમની ક્ષમતાનો તેમને પરિચય થયો. એમ લાગે છે કે, વિકલાંગ લોકોને તક આપવાની વિશેષ આવશ્યકતા છે કે જેથી સમાજ પણ તેમની શક્તિઓને ઓળખે.

**કાંતિ પટેલ, પ્રયાસ (અંજાર)**
અંજાર તાલુકાના સતાપર ગામમાં એક વિકલાંગ ભાઈને સ્નેહકર્તા તરીકેની કામગીરી સોંપવામાં આવી. પહેલાં તો તેઓ આ કામ નહીં કરી શકે તેવું માનતા હતા. પણ પછી તેઓ બાજુના અસ્વારીયા ગામમાં ત્રણ કિલોમીટર ચાલીને જતા થયા અને તેમણે ગામની પાણીની સમસ્યા દૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. તાલુકા પંચાયતમાં રજૂઆત પણ કરી અને ગામમાં પાણીનું ટેંકર લઈ આવ્યા.

**જયંત ભોજિયા, ઉન્નતિ (ભચાઉ)**
ભચાઉ તાલુકાના વેર ગામના પબીબહેન પક્ષાઘાતના શિકાર થયેલાં છે. તેમના બંને પગ કામ કરતા નથી. તેઓ સાજા થઈ રહ્યા છે. અને સામાન્ય જીવન જીવી શકાય તેવી આશા રાખે છે. તેઓ મહિલા કારીગરોના જૂથમાં સામેલ થયાં છે. અને તેઓ ભરત કામ દ્વારા પોતાનો જીવનનિર્વાહ ઊભો કરવા માંગે છે. 'ઉન્નતિ' તેમને અને બીજા વિકલાંગ લોકોને સહાય કરી રહી છે.

**જિજ્ઞાસા જોષી, મહિલા સામખ્ય-ગુજરાત (અમદાવાદ)**
મહિલા સામખ્યની પ્રવૃત્તિઓમાં વિકલાંગ લોકોનો સમાવેશ કરવાનાં પગલાં લેવાયાં છે. અંધજન મંડળ સાથેના સહયોગમાં કામ કરવાની અમે તૈયારી કરી છે.

**સપના, સેવા અકાદમી (અમદાવાદ)**
તાલીમ લીધા પછી અકાદમીની સંશોધન ટુકડીને કાઉન્સેલિંગ અને વિકલાંગોના પુનર્વસન વિશે વાત કરી. તેમનામાં આ વિષય વિશે સમજણ ઊભી થઈ. અંતરિયાળ ગામોમાં તેઓ લોકોને રોજેરોજ મળે છે અને તેઓની ભાગીદારી ઊભી કરવાનો પ્રયાસ કરે છે.

તેમનું ઘર કેવી રીતે ફરીથી બેઠું કરવા માંગે છે?"

**અસરગ્રસ્તો માટે એક આદર્શ ઘર કેવું હોય?**

૧. તેમની જરૂરિયાત મુજબનું -
   દા.ત. વણકર માટે બનાવેલા ઘરમાં વણાટકામ માટે જગ્યા હોવી જોઈએ. તેથી તેમનો ઓરડો ૧૨ ફૂટને બદલે ૧૮ ફૂટનો હોવો જોઈએ.
૨. માલસામાન કે મહેનત રૂપે તેમનું યોગદાન હોય એવું.
૩. સમુદાયના સામુહિક પ્રયાસથી સૌના માટે બનેલું.
૪. ભૂકંપથી સુરક્ષિત રહી શકે તેવું.

સુરત જિલ્લાના વાલોડ તાલુકાનાં ગામોમાં આદિવાસીઓએ પોતાનાં ઘર બનાવવા માટેનું લાકડું લેવા કયાંય બહાર જવું પડયું ન હતું. તેમના પોતાના જ વાડાની નીલગીરીને કાપીને તેમણે ઘર બનાવ્યાં હતાં. તેની સામે તેમણે એટલાં જ છોડ વાવીને તેનો ઉછેર કર્યો હતો. અસરગ્રસ્ત લોકોનું ઘર બનાવતી વખતે સ્થાનિક બાંધકામ સામગ્રીનો જ ઉપયોગ કરવો જોઈએ. ઘર બનાવવા માટે હયાત શ્રમ, સાધન અને સૂઝનો ઉપયોગ થવો જોઈએ. સંદર્ભ વ્યકિતએ ઘર બનાવવાની પ્રક્રિયા અને બનેલાં ઘરને મહત્ત્વનાં ગણાવ્યાં હતાં. કુદરતી આફતો પછી સામાન્ય રીતે આવાસ બનવાની પ્રક્રિયા ત્રણ રીતોથી થાય છે: **૧.** કોઈ એજન્સી (સંસ્થા)ના આધારે ઊભા થતા આવાસો, **૨.** બજાર આધારિત ઊભા થતા આવાસો, **૩.** ઘરમાલિક દ્વારા ઊભા થતા આવાસો. કુદરતી આફતો પછી મોટા ભાગે એજન્સીઓ કે સંસ્થાઓ દ્વારા ઘર બનતાં જોવા મળે છે. તે ગામલોકો માટે હિતકારી નથી. એજન્સીઓ પોતાની સમજ પ્રમાણે ઘરની ડિઝાઈન

બનાવે છે. કોઈક એજન્સી બે લાખ રૂપિયામાં ૨૫૦ ચો. ફૂટનું ઘર ઊભું કરી દે છે. પરંતુ તેમાં રહેનારો ખેડૂત પોતાના અનાજનો સંગ્રહ કયાં કરશે તે વિશે કોઈ વિચાર કરવામાં આવતો નથી. તેથી આપત્તિ પછીની સ્થિતિમાં ઘરમાલિકો જાતે જ પોતાનું ઘર બનાવે તે વાત પર આપણે ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. ઘરમાલિક દ્વારા બનતા ઘરની પ્રક્રિયામાં આ બાબતો પર તેનો અંકુશ રહે છે: **૧.** બાંધકામ સામગ્રી કયાંથી, કેટલા ભાવમાં મળશે?, **૨.** ભવિષ્યમાં ઘરનો વિસ્તાર કેવી રીતે વધારવો?, **૩.** સ્થાનિક બાંધકામ કૌશલ્યો ઉપલબ્ધ બનશે. તે કૌશલ્યો વિકસાવી શકાશે, **૪.** બાંધકામની તકનિક. જેમ કે, પથ્થર વાપરવો કે ઈંટ, **૫.** નાણાકીય સ્રોતો. સંદર્ભ વ્યકિતએ પ્રક્રિયાની વાત સમજાવ્યા પછી ઘર વિશે રજૂઆત કરી હતી.

**કાચું ઘર અને પાકું ઘર એટલે શું?**

ઘરની વ્યાખ્યામાં કાચું ઘર કે પાકું ઘર એવું કહી શકાય નહીં. ભૂકંપ દરમ્યાન મોટાં મકાનો ધરાશાયી થઈ ગયાં છે અને નાનાં અડીખમ ઊભાં છે. તો કયું ઘર પાકું થયું? સંદર્ભ વ્યકિતએ ઘરની વ્યાખ્યા સમજાવતાં ઘરના બે પ્રકારો જણાવ્યા હતા: **૧.** ખૂબ જાળવણી ખર્ચવાળું, **૨.** ઓછા જાળવણી ખર્ચવાળું.

અસરગ્રસ્ત લોકો પાસે બાંધકામ સામગ્રી અંગેનું કૌશલ્ય છે પણ ભૂકંપની દૃષ્ટિએ સુરક્ષિત ઘર અંગેનું જ્ઞાન નથી. તેથી અસરગ્રસ્ત વિસ્તારમાં કાર્યરત સ્વયંસેવકોએ તે અંગેની જાણકારી મેળવીને અસરગ્રસ્તો સુધી પહોંચાડવી જોઈએ.

**ઘર બનાવતી વખતે આ મુદ્દા ધ્યાનમાં રાખવા જોઈએ:**

૧. ઘરની ચારેય દિવાલો એકબીજા સાથે બંધાયેલી કે જોડાયેલી હોવી જોઈએ.
૨. દિવાલનો અંદરનો અને બહારનો ભાગ એકબીજા સાથે ચોંટેલો હોવો જોઈએ. તેની વચ્ચે જગ્યા ન રહેવી જોઈએ.
૩. તમામ પ્રકારના ઘરની છત ચારેય દિવાલો સાથે બંધાયેલી હોવી જોઈએ.
૪. છતના બધા ભાગો (નળિયાં, બટનપટ્ટી, વળીઓ વગેરે) એકબીજા સાથે બંધાયેલાં હોવાં જોઈએ.

ઉપરોક્ત મુદ્દા વિશે ચર્ચા થયા પછી સંદર્ભ વ્યકિતએ સમુદાય આધારિત આવાસ નિર્માણના તબક્કા દર્શાવ્યા હતા:

- સૌ પ્રથમ ગામમાં લાભાર્થીની પસંદગી કરવા માટે મીટિંગ યોજવી. તેમાં ઘર બનાવવામાં સંસ્થાની અને લાભાર્થીની ભૂમિકા શું રહેશે તે સ્પષ્ટ કરવું. ઉપરાંત, સંસ્થાનો અને લાભાર્થીનો ફાળો શું રહેશે તે પણ નક્કી કરી લેવું.
- ધારો કે, પાંચ લોકોનાં ઘર બનાવવાનાં હોય તો તે પાંચેય વ્યક્તિઓ સાથે મળીને વારાફરતી એક-એક વ્યક્તિનું ઘર બાંધવાની જવાબદારી લેવી.
- ઘર બાંધકામ માટે જરૂરી સામગ્રી નક્કી કરવી. તે માટે પડી ગયેલા ઘરની ઉપલબ્ધ સામગ્રી પણ ઉપયોગમાં લઈ લેવી.
- ઘરની ડિઝાઈન અને તેની ગુણવત્તા વિશે સ્પષ્ટતા કરી લેવી.

ઉપરોક્ત તબક્કામાં એક બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે, આપણે કોઈ પણ પ્રકારનું આવાસનું મૉડેલ લઈને જતા નથી. આપણે તો એની મેળે ચાલતી આવાસની પ્રક્રિયાને માત્ર સહયોગ આપવાનો છે. જેમ કે, ગામમાં માત્ર બે વૃદ્ધાનાં જ ઘર બાંધવાની જરૂર હોય તો આપણે આપણી પ્રક્રિયા ત્યાંથી શરૂ કરવી જોઈએ. સહભાગી પ્રક્રિયામાં કહેવાયું છે કે, લોકો જ્યાં સુધી પહોંચ્યા છે ત્યાંથી પ્રક્રિયા શરૂ કરવી. જો પુનર્વસનની પ્રક્રિયા સમુદાય આધારિત હશે તો લોકો શાંતિથી જીવી શકશે, નહીં તો તેઓ અલગ પડી જશે. ટકાઉ સમાજ બનાવવા માટે સમુદાય આધારિત પુનર્વસન થાય તે અત્યંત જરૂરી છે.

કાર્યશાળાના અંતે સહભાગીઓ પોતાના પ્રશ્નો રજૂ કરી શકે તે માટે એક ખુલ્લું સત્ર યોજાયું હતું. તેમાં સૌ સહભાગીઓએ કાર્યશાળા વિશે નીચે મુજબ પોતાના પ્રતિભાવો આપ્યા હતા:

- અમે અસરગ્રસ્ત લોકોને માત્ર ઘર બાંધી આપવા વિશે જ જાણતા હતા. સમુદાય આધારિત પુનર્વસન વિશે પહેલી વાર જાણકારી મળી અને તે ખૂબ ઉપયોગી લાગ્યું.
- નવા વિષયો વિશે જાણવા મળ્યું.
- પુનર્વસનના કામને હવે નવી દિશા મળી.
- દિવસ દરમ્યાન મોડે સુધી સત્ર ચાલતાં હતાં તે લાંબાં લાગતાં હતાં.
- પુનર્વસનનું કામ કરવાની હિંમત મળી.
- અમારું જ્ઞાન ધારદાર થયું.
- ફૉલો-અપ કાર્યશાળા યોજવી જોઈએ.
- આ કાર્યશાળાનો બીજો તબક્કો યોજવો જોઈએ.
- અત્યાર સુધી અમે અમારા લક્ષ્યાંક જૂથ સાથે જ કામ કરતા હતા, પરંતુ હવે સમુદાય આધારિત પુનર્વસનની નવી વાત જાણવા મળી.
- પુનર્વસનમાં લોકભાગીદારીની વાત ખૂબ ગમી.
- આવો શિબિર અમારા સિનિયરો માટે થવો જોઈએ.
- કાર્યશાળામાં શીખેલું અન્યને જણાવવું જોઈએ.
- અસરકારક પુનર્વસન પ્રક્રિયાની ઊંડાણપૂર્વકની જાણકારી મળી.
- વિકલાંગો સાથે કામ કરવાનું શીખવા માટે એક ખાસ કાર્યશાળા યોજવી જોઈએ.

# ૮૭મો બંધારણ સુધારો અને પંચાયતો

દેશના લોકશાહી માળખામાં પંચાયતોને ત્રીજા સ્તરની સરકાર બનાવતો ૭૩મો બંધારણ સુધારો ૧૯૯૨માં થયો. હવે એ સુધારામાં સુધારો કરતો એક નવો બંધારણ સુધારો આવી રહ્યો છે. તેના ગુણદોષની ચર્ચા **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા આ લેખમાં કરવામાં આવી છે.

**પ્રસ્તાવના**

૧૯૯૨માં બંધારણમાં કરવામાં આવેલા ૭૩મા બંધારણ સુધારાએ પંચાયતોને બંધારણીય સરકારનો દરજ્જો આપ્યો હતો. ભારતની લોકશાહીમાં આ એક મહત્ત્વનું કદમ હતું કારણ કે પંચાયતોનું અસ્તિત્વ ૧૯૯૨ સુધી રાજ્ય સરકારોની મરજી ઉપર આધાર રાખતું હતું. ૭૩મા બંધારણ સુધારા પછી પંચાયતોનું અસ્તિત્વ એક હકીકત બની ગઈ. ભારતમાં લોકશાહીને વધારે જીવંત અને ધબકતી બનાવનારું આ એક અભૂતપૂર્વ પગલું હતું. વળી, ગ્રામ સભાને તેમાં અનેકવિધ સત્તાઓ આપવામાં આવી અને તેનાથી પ્રત્યક્ષ લોકશાહી સ્થાપવા નોંધપાત્ર રસ્તો ખૂલ્યો. પરોક્ષ અને પ્રતિનિધિત્વવાળી ભારતની લોકશાહીમાં આ પણ એક ક્રાંતિકારી પગલું હતું.

હવે બંધારણમાં પંચાયતો અંગે એક નવો સુધારો આવી રહ્યો છે. આ સુધારો ૮૭મો બંધારણ સુધારો છે. તે સૌ પ્રથમ ૧૯૯૯માં સંસદમાં દાખલ કરાયો હતો. પરંતુ સંસદ દ્વારા તે હજુ પસાર થયો નથી. આ સુધારો ત્રીજા સ્તરની સરકાર એવી પંચાયતોની રચના ઉપર ભારે મોટી અસર ઊભી કરનારો છે. તેથી તેના ગુણદોષ વિશે વિગતે વિચારવાની આવશ્યકતા છે.

## ૮૭મો બંધારણ સુધારો

૮૭મો બંધારણ સુધારો ૧૯૯૨માં કરાયેલા બંધારણ સુધારાની કલમ ૨૪૩ (સી)માં સુધારો કરવા માટે કરવામાં આવી રહ્યો છે. કલમ-૨૪૩ (સી)માં પંચાયતોની રચના કેવી રીતે કરવી તેની જોગવાઈ કરવામાં આવી છે. ૮૭મા બંધારણ સુધારા દ્વારા કલમ ૨૪૩ (સી)ની પેટા કલમ-૨ પછી પેટા કલમ-૨(ક) ઉમેરવામાં આવી રહી છે. આ નવી પેટા કલમ ૨-કમાં નીચે મુજબની જોગવાઈઓ છે:

૧. તાલુકા પંચાયતની તમામ બેઠકોમાં એ તાલુકાની ગ્રામ પંચાયતોના તમામ સરપંચો સભ્ય બને.
૨. જે રાજ્યોમાં તાલુકા પંચાયતો છે જ નહિ ત્યાં જિલ્લા પંચાયતમાં તમામ ગ્રામ પંચાયતોના તમામ સરપંચો સભ્ય બને.
૩. જે રાજ્યોમાં તાલુકા પંચાયતોનું અસ્તિત્વ છે ત્યાં જિલ્લા પંચાયતમાં એ જિલ્લાની તમામ તાલુકા પંચાયતોના પ્રમુખો સભ્ય બને.

ઉપરાંત ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતોમાં સરપંચ કે પ્રમુખની ચૂંટણી રાજ્યની વિધાનસભા નક્કી કરે તે રીતે થશે. આ જોગવાઈ ૭૩મા બંધારણ સુધારાની કલમ ૨૪૩(સી)ની પેટા કલમ-૫માં સુધારો કરીને લાવવામાં આવી રહી છે. અગાઉની પેટા કલમ-૫માં એવી જોગવાઈ છે કે, ગ્રામ પંચાયતમાં સરપંચની ચૂંટણી રાજ્યની વિધાનસભા નક્કી કરે તે મુજબ થાય અને તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી તેમના ચૂંટાયેલા સભ્યોમાંથી થાય.

૮૭મા બંધારણ સુધારા ખરડાના જે હેતુઓ અને કારણો આ ખરડા સાથેના નિવેદનમાં દર્શાવવામાં આવ્યાં છે તે નીચે મુજબ છેઃ

૧. તાલુકા અને જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસે કોઈ અર્થપૂર્ણ કામો હોતાં નથી. ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોના સભ્યોને ઉપલા સ્તરની પંચાયતોના પ્રમુખો ચૂંટવાની સત્તા નથી.
૨. ત્રણ સ્તરની પંચાયતો વચ્ચે કોઈ મજબૂત સંબંધ નથી અને તાલુકા તથા જિલ્લા પંચાયતના સભ્યો વચ્ચે પણ કોઈ સંબંધ નથી.
૩. ગ્રામ પંચાયતોના સરપંચો અને તાલુકા પંચાયતોના પ્રમુખો ઉપલા સ્તરની પંચાયતોમાં કોઈ અસરકારક ભૂમિકા ભજવી શકતા નથી. આથી જુદા જુદા પ્રતિનિધિઓ સામસામા હેતુસર કામ કરે છે અને તેથી વિવિધ સ્તરની પંચાયતોની કામગીરીની બાબતમાં વિરોધાભાસો અને વિવાદો ઊભા થાય છે.
૪. રાજ્યની વિધાનસભાને સરપંચની ચૂંટણી માટે કાયદો કરવાની સત્તા છે પણ તાલુકા-જિલ્લા પંચાયતોના પ્રમુખોની ચૂંટણી અંગે કાયદો કરવાની સત્તા નથી.

આમ, ૮૭મો બંધારણ સુધારો પંચાયત સ્તરે ચૂંટણીની પ્રક્રિયા બદલવા માટેનો છે. જો કે, ૮૭મા બંધારણ સુધારાનો અમલ કરવો કે ના કરવો તે રાજ્ય સરકારની મરજી પર છોડવામાં આવ્યું છે.

## ૮૭મા બંધારણ સુધારાની અસરો

૮૭મા બંધારણ સુધારાનો અમલ થાય તો તેની નીચે મુજબ અસરો થાયઃ

૧. ગ્રામ પંચાયતોના સરપંચો આપોઆપ હોદ્દાની રૂએ તાલુકા પંચાયતના

સભ્યો બને. એટલે તાલુકા પંચાયતના સભ્યોની લોકો દ્વારા ચૂંટણી કરવાની રહે નહિ.

૨. તાલુકા પંચાયતોના પ્રમુખો આપોઆપ હોદ્દાની રૂએ જિલ્લા પંચાયતોના સભ્યો બને. એટલે જિલ્લા પંચાયતના સભ્યોની લોકો દ્વારા ચૂંટણી કરવાની રહે નહિ.

૩. ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતોના સરપંચ અને પ્રમુખોની ચૂંટણી કેવી રીતે કરવી એ રાજ્યની વિધાનસભા નક્કી કરી શકે છે. આનો અર્થ એમ પણ થઈ શકે કે વિધાનસભા એવો કાયદો કરી શકે કે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પ્રમુખોની ચૂંટણી સીધી જ લોકો કરે, અને પંચાયતના સભ્યો પ્રમુખોની ચૂંટણી ના કરે.

૪. એક એવો અંદાજ છે કે ત્રણેય સ્તરની પંચાયતોમાં અત્યારે લોકો દ્વારા ચૂંટાતા પ્રતિનિધિઓની સંખ્યા દેશમાં આશરે ૩૪ લાખ છે. જો ૮૭મા સુધારાનો અમલ થાય તો આ સંખ્યામાં આશરે ત્રણ લાખનો ઘટાડો થાય, કારણ કે તાલુકા અને જિલ્લા સ્તરે તો લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય જ નહિ.

૫. જો પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની સંખ્યા ઘટી જાય તો હરિજનો, આદિવાસીઓ અને મહિલાઓ માટે અનામત બેઠકોની વ્યવસ્થા થવાથી તેમનું જે પ્રતિનિધિત્વ ઊભું થયું છે તે પણ ઘટી જાય. એટલે કે સમાજના આ વર્ગોનું પ્રતિનિધિત્વ રાજકીય જગતમાં ઓછું થઈ જાય. જો ત્રણ લાખ જેટલા ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઓછા થઈ જાય તો તેમાં એક લાખ તો મહિલા પ્રતિનિધિઓ જ હોય. આમ, મહિલાઓને જે તક રાજકીય અને વહીવટી ક્ષેત્રે પ્રાપ્ત થઈ છે તે પણ ઘટી જાય.

આ પરિસ્થિતિના સંદર્ભમાં જે કેટલાક મહત્ત્વના મુદ્દા ખાસ કરીને ગુજરાતના સંદર્ભમાં પણ ઉપસ્થિત થાય છે તે નીચે મુજબ છે:

૧. ગ્રામ પંચાયતના સરપંચો અને તાલુકા પંચાયતના પ્રમુખોની કોઈ ભૂમિકા અનુક્રમે તાલુકા અને જિલ્લા પંચાયતોમાં નથી એવી દલીલ સાથે ૮૭મો બંધારણ સુધારો લાવવામાં આવ્યો છે. પરંતુ ૭૩મા બંધારણ સુધારામાં આને માટે જોગવાઈ કરવામાં આવી જ છે. ગ્રામ પંચાયતના સરપંચો અને તાલુકા પંચાયતના પ્રમુખોને અનુક્રમે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં પ્રતિનિધિત્વ આપવા માટે રાજ્યની વિધાનસભા કાયદો કરી શકે જ છે. કલમ - ૨૪૩ (સી) (૩)માં આવી જોગવાઈ કરાઈ જ છે. ઉપરાંત, ધારાસભ્યો અને સાંસદોના પ્રતિનિધિત્વ માટે પણ જોગવાઈ કરાઈ છે.

૨. ગ્રામ પંચાયતોની ચૂંટણી રાજકીય પક્ષોના ધોરણે લડાતી નથી. પરંતુ તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી પક્ષીય ધોરણે યોજાય છે. જો તાલુકા અને જિલ્લા પંચાયતોમાં સીધી ચૂંટણીઓ યોજવામાં જ ના આવે તો ત્રણેય સ્તરની પંચાયતો પક્ષીય રાજકારણથી દૂર થઈ જાય. અથવા તો ગ્રામ સ્તરે પણ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ પક્ષીય ધોરણે યોજવી પડે.

૩. જો તાલુકા અને જિલ્લા પંચાયતોમાં પ્રતિનિધિઓની ચૂંટણી જ ના થાય અને તેઓ નીચલા સ્તરની પંચાયતોમાંથી હોદ્દાની રૂએ જ આવે તો, એનો અર્થ એ થાય કે માત્ર ગ્રામ પંચાયતમાં જ લોકો પોતાના પ્રતિનિધિઓને ચૂંટે. વાસ્તવમાં, આ તો તાલુકા અને જિલ્લા પંચાયતોના લોકશાહી અસ્તિત્વ સામે જ ખતરો ઊભો કરે છે. શાસન કે વહીવટના કોઈ પણ સ્તરના અસ્તિત્વનો અર્થ ત્યારે જ રહે છે કે જ્યારે તેમાં લોકો દ્વારા સીધી રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસતા હોય. જો તાલુકા અને જિલ્લા સ્તરે પંચાયતોમાં લોકોએ સીધી રીતે ચૂંટેલા પ્રતિનિધિઓ ન બેસવાના હોય તો એ બંને સ્તરની પંચાયતો લોકોને કેટલી જવાબદાર રહેશે તેવો સવાલ ઊભો થાય છે.

૪. તાલુકા પંચાયતના પ્રમુખ જો તાલુકા પંચાયતના સભ્યો એટલે કે સરપંચો દ્વારા અને તેમનામાંથી જ નક્કી થાય તો તેઓ પોતે પણ કોઈક ગામની સરપંચ હશે. પરિણામે એવી વ્યવસ્થા ઊભી થશે કે જેથી તાલુકા પંચાયતના પ્રમુખને હોદ્દા પરથી દૂર કરવા માટે કોઈ એક ગામની ગ્રામ પંચાયત સક્ષમ બની જશે. એનું કારણ એ છે કે સરપંચને હોદ્દા પરથી દૂર કરવાની સત્તા તો ગ્રામ પંચાયત પાસે છે. જે વ્યક્તિ સરપંચ જ ના રહે એ વ્યકિત તાલુકા

### પંચાયતોની રચના અંગે ૭૩મા બંધારણ સુધારાની જોગવાઈ

૭૩મા બંધારણ સુધારામાં કલમ-૨૪૩(સી)માં પંચાયતોની રચના અંગે જે જોગવાઈઓ કરવામાં આવી છે તે નીચે મુજબ છે:

૧. રાજ્યની વિધાનસભા કાયદા દ્વારા પંચાયતોની રચના અંગે જોગવાઈઓ કરી શકે છે.

૨. પંચાયતની બધી બેઠકો પંચાયતના પ્રાદેશિક મતદાર વિભાગોમાંથી સીધી ચૂંટણીથી પસંદ થયેલી વ્યક્તિઓથી ભરવામાં આવશે.

૩. રાજ્યની વિધાનસભા કાયદા દ્વારા સરપંચોનું તાલુકા પંચાયતમાં અને તાલુકા પંચાયતોના પ્રમુખોનું જિલ્લા પંચાયતમાં પ્રતિનિધિત્વ નક્કી કરી શકે છે. ઉપરાંત, લોકસભા, વિધાનસભા અને રાજ્ય સભાના સભ્યોનું પ્રતિનિધિત્વ તાલુકા અને જિલ્લા પંચાયતમાં નક્કી કરી શકશે. તેવા તમામ સભ્યોને પંચાયતની સભાઓમાં મત આપવાનો અધિકાર રહે છે.

૪. સરપંચની ચૂંટણી રાજ્યની વિધાનસભાના કાયદાની જોગવાઈ મુજબ થશે.

૫. તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખોની ચૂંટણી પંચાયતના સભ્યો કરશે.

પંચાયતની સભ્ય જ ના રહે. તો પછી તાલુકા પંચાયતના પ્રમુખપદે તો રહે જ કેવી રીતે? એ જ રીતે જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણી જિલ્લા પંચાયતના સભ્યો એટલે કે તાલુકા પંચાયતના પ્રમુખો કરે તો એનો અર્થ એ થાય કે જિલ્લા પંચાયતના પ્રમુખ કોઈક ગામનો સરપંચ પણ હશે કારણ કે તાલુકા પંચાયતનો પ્રમુખ કોઈક ગામના સરપંચ હોય જ. એટલે જે વ્યકિત જિલ્લા પંચાયતની પ્રમુખ હોય એને કોઈક ગામની ગ્રામ પંચાયત હોદ્દા પરથી દૂર કરી શકે. આ એક મોટી વિસંગતિ ઊભી થાય તેમ છે.

૫. પંચાયતની રાજના માળખામાં તાલુકા પંચાયતના પ્રમુખ અને જિલ્લા પંચાયતના પ્રમુખ એમ બે વ્યક્તિઓ એવી હોય કે તેઓ સરપંચ પણ હોય. વળી, જે વ્યક્તિ જિલ્લા પંચાયતની પ્રમુખ બને તે વ્યક્તિ તો તાલુકા પંચાયતની પ્રમુખ પણ હોય અને કોઈક ગામની સરપંચ પણ હોય. આમ, તેણે ત્રણ હોદ્દા એકસાથે સંભાળવાના થાય. જે વ્યક્તિ જિલ્લા પંચાયતની સભ્ય હોય તે પણ તાલુકા પંચાયતની પ્રમુખ અને કોઈક ગામની સરપંચ તો હોય જ. આમ, એક જ વ્યક્તિ પાસે બબ્બે કે ત્રણ ત્રણ હોદ્દા ઊભા થાય તેમ છે. આ કેટલું યોગ્ય ગણાય? તેઓ બધા હોદ્દા પર કાર્યક્ષમતાથી કામ કેવી રીતે કરી શકે?

૬. અત્યારે ૭૩મા બંધારણ સુધારા મુજબ સરપંચની ચૂંટણી કેવી રીતે કરવી તે રાજ્યની વિધાનસભા નક્કી કરી શકે છે. પણ તાલુકા અને જિલ્લા પંચાયતોના પ્રમુખો તો તેમના સભ્યોમાંથી જ ચૂંટાય છે. લગભગ બધાં જ રાજ્યોમાં અત્યારે સરપંચની ચૂંટણી લોકોમાંથી સીધી થાય છે. સરપંચને ગ્રામ પંચાયતના સભ્યો ચૂંટતા નથી. હવે રાજ્ય વિધાનસભા તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખોની ચૂંટણી પણ લોકોમાંથી સીધી કરાવી શકે છે. ૮૭મા બંધારણ સુધારામાં આ એક સારી જોગવાઈ છે. જો એવી જોગવાઈ થાય તો ગ્રામ પંચાયત કોઈ સરપંચને હોદ્દા પરથી હટાવીને તાલુકા કે જિલ્લા પંચાયતના પ્રમુખને દૂર ના કરી શકે. વળી, તાલુકા કે જિલ્લા પંચાયતના સભ્યો બહુમતીના જોરે તેમને હોદ્દા પરથી દૂર પણ ના કરી શકે. એટલે વારંવાર પક્ષપલટાને લીધે પ્રમુખો બદલાય એવું નહિ બને અને તેથી તાલુકા અને જિલ્લા પંચાયતોમાં વધારે સ્થિરતા આવશે.

### ઉપસંહાર

ઉપરોક્ત વિગતો જોતાં એમ જણાય છે કે ૮૭મો બંધારણ સુધારો તાલુકા અને જિલ્લા પંચાયતોના સભ્યો સીધા જ ચૂંટાય નહિ તેની જોગવાઈ કરવા અને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પ્રમુખોની ચૂંટણી સીધી લોકો દ્વારા કરવા અને પંચાયતના સભ્યો દ્વારા નહિ કરવા માટેની જોગવાઈ કરવા લાવવામાં આવી રહ્યો છે. પંચાયતોના સભ્યો જો લોકોમાંથી સીધા ચૂંટાયેલા જ ના હોય અને એક જ સ્તરે ચૂંટાયેલા સભ્યો ત્રણેય સ્તરની પંચાયતનું સંચાલન કરે એ તો લોકશાહીના મૂળભૂત હાર્દથી જ વિરુદ્ધની બાબત છે. આ સંદર્ભમાં નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લેવાની જરૂર છે એમ લાગે છે:

૧. ૭૩મા બંધારણ સુધારામાં કલમ-૨૪૩(સી)(૫)માં એવો સુધારો થવો જોઈએ કે સરપંચની ચૂંટણી સીધી લોકોમાંથી જ થાય કે જેથી એ ફરજિયાત બની જાય. એ જ રીતે તાલુકા અને જિલ્લા પંચાયતોના પ્રમુખોની ચૂંટણી પણ સીધી લોકોમાંથી જ થાય તેવી જોગવાઈ થાય.

૨. સાંસદો અને વિધાનસભાના સભ્યોને તાલુકા અને જિલ્લા પંચાયતમાં મતાધિકાર સાથે નીમવાની જે સત્તા રાજ્ય વિધાનસભાને આપવામાં આવી છે તે રદ થવી જોઈએ. કમ-સે-કમ તેમને મત આપવાનો અધિકાર તો ન જ હોવો જોઈએ. જો સાંસદો અને ધારાસભ્યોને તાલુકા અને જિલ્લા પંચાયતોની બેઠકોમાં મત આપવાનો અધિકાર હોય તો જેઓ સીધા લોકો દ્વારા પંચાયતોમાં સભ્યો તરીકે ચૂંટાયા હોય એમના પંચાયતોમાંના અસ્તિત્વનો કશો અર્થ રહેતો જ નથી.

૩. તમામ ત્રણેય સ્તરની પંચાયતોના તમામ સભ્યોની ચૂંટણી લોકોમાંથી થાય તેવી જે જોગવાઈ છે તે ચાલુ જ રહેવી જોઈએ.

**પૃષ્ઠ ૩૩નો શેષ ભાગ**

### કચ્છનાં નગરો માટે પુનર્વસનનું પેકેજ, ભચાઉમાં સહભાગી નગર આયોજન

આ બંને નાનાં ચોપાનિયાં તરીકે પ્રકાશિત કરવામાં આવ્યાં છે. પ્રથમ ચોપાનિયામાં સરકાર દ્વારા કચ્છનાં ચાર નગરો ભુજ, ભચાઉ, રાપર અને અંજાર માટે જે પેકેજ બહાર પડાયું છે તેને સરળ ભાષામાં પ્રશ્નોત્તર સ્વરૂપે રજૂ કરાયું છે. વારંવાર પૂછાતા ૨૮ પ્રશ્નો તારવાયા છે અને તેના જવાબો અપાયા છે. ઉપરાંત, તેમાં પુનર્વસન પેકેજના અમલના સંદર્ભમાં ઊભા થતા પ્રશ્નોનો ઉલ્લેખ પણ કરાયો છે. જ્યારે બીજા ચોપાનિયામાં ભચાઉ નગરમાં સહભાગી નગર આયોજનની પ્રક્રિયા કેવી રીતે ચાલી રહી છે અને તે કેવી રીતે ચાલવી જોઈએ તે જણાવાયું છે. મુખ્યત્વે તેમાં નગર આયોજક દ્વારા બોલાવાયેલી એક ચર્ચા સભાનો અહેવાલ છે અને સહભાગિતા ઊભી કરવા માટે શું શું કરવાની આવશ્યકતા છે તેનાં સૂચનો અપાયાં છે. પુનર્વસન માટે નગરના જુદા જુદા લોકોને આયોજનની પ્રક્રિયામાં સહભાગી થવા માટે કેવી રીતે સામેલ કરી શકાય તે અસરકારક રીતે દર્શાવાયું છે. નકલ મેળવવા સંપર્ક સાધો: 'ઉન્નતિ', અમદાવાદ.

# સ્થાનિક નેતાઓના ક્ષમતા વર્ધન માટે શૈક્ષણિક વ્યૂહરચના

અમદાવાદના 'જનવિકાસ'ના પ્રવૃત્તિ કેન્દ્ર 'સેન્ટર ફોર રુરલ સપોર્ટ એન્ડ ટ્રેનિંગ' ખાતે શ્રી ફિરોઝ કોન્ટ્રેક્ટર (ફિલીભાઈ) અને તેમના સાથીઓ વિભા અને શિરિનની 'ઉન્નતિ'નાં **સુશ્રી દીપા સોનપાલ** દ્વારા લેવાયેલી મુલાકાતને આધારે આ લેખ તૈયાર કરાયો છે.

**પ્રસ્તાવના**

ફિલીભાઈ હંમેશાં ગ્રામીણ ભારતમાં રસ ધરાવતા રહ્યા છે. તેમના ઔપચારિક શિક્ષણ દરમ્યાન પણ તેઓ સતત સમુદાય વિકાસ અંગે ચિંતિત હતા. તેમણે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અધ્યાપક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી ત્યારે પણ તેઓ એ હકીકત વિશે સભાન હતા કે ગ્રામીણ અર્થતંત્ર અને ગ્રામ વિકાસ દેશની પ્રગતિ માટે મહત્ત્વનાં છે. કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રેરણા શિબિરો યોજતી વખતે તેમને લાગ્યું કે જો એ શિબિરો ગ્રામ વિસ્તારોમાં થાય તો સારું. અનુભવને આધારે ૧૯૭૦માં ગ્રામજનોને સામેલ કરતી એક પ્રાયોગિક પરિયોજના હાથ ધરવામાં આવી. શિબિરોમાં ગ્રામજનો એકત્ર થતા. ત્રણ વર્ષ બાદ તેમણે ઉનાળો ગામડામાં ગાળવાનું વિચાર્યું; અને તેમણે શિબિરોની અસર તપાસી. તેમને લાગ્યું કે શિક્ષક ત્યાં રહે તો જ તેની અસર થાય. એ સિવાય આવા શિબિરોનો કશો અર્થ નથી.

મહત્ત્વની બાબત હતી કે તેઓ અને તેમના સાથીઓ ગામડા વિશે કશું જાણતા-સમજતા નહોતા. જે ખ્યાલ ઔપચારિક શિક્ષણ દરમ્યાન તેમણે વિકસાવ્યો હતો તે અને વાસ્તવિકતા બંને તદ્દન ભિન્ન હતાં. અને વાસ્તવિકતાનો તેમને પરિચય નહોતો. દરમ્યાન તેમના ઉપર ગાંધીજી અને પાઉલો ફ્રેરેનાં દર્શન અને અભિગમની ઊંડી અસર પડી હતી. તેમણે કોલેજ છોડી અને ગ્રામ વિસ્તારોમાં રહેવાનું શરૂ કર્યું. પછીનાં વર્ષો પ્રવૃત્તિઓથી સભર રહ્યાં. ગ્રામજનો વચ્ચે તેઓ રહેતા. ત્યાં તેમણે શિક્ષણકારની જ ભૂમિકા ભજવી. તેઓ કહે છે કે "શિક્ષણ બેધારી તલવાર છેઃ તેનો ઉપયોગ સત્તા મેળવવા થઈ શકે અથવા બીજાને સક્ષમ બનાવવા થઈ શકે."

સૌ પ્રથમ તેમણે મેલેરિયાનો મુદ્દો ઉઠાવ્યો. મેલેરિયા શું છે? તે શા માટે થાય છે? તબીબો શું કરે છે? તેઓ કેવી રીતે સમજાવે છે? બીજા વિકલ્પો કયા છે? -વગેરે મુદ્દા તેમાં ઊભા થયા. એ જ રીતે જમીન તથા જ્ઞાતિ અને વર્ગને આધારે થતા શોષણના મુદ્દા ઉઠાવ્યા. એ રીતે તેઓ શીખતા રહ્યા અને શિખવતા રહ્યા. ધીમે ધીમે તેમને લાગ્યું કે સત્તાનાં સમીકરણો બદલાઈ રહ્યાં છે. જેમની પાસે સત્તા નહોતી, શક્તિ નહોતી, તેઓ હવે શક્તિશાળી બની રહ્યા છે. તેમણે ખાસ કરીને દલિત વણકરોમાં કામ કર્યું. તેઓ લગભગ ગુલામીમાંથી બહાર આવવા લાગ્યા. એમાં ૧૭ વર્ષ લાગ્યાં. પછી તેમની પર હુમલો થયો અને ગોલાણા હત્યાકાંડ તરીકે એ ઘટના વિખ્યાત થઈ. દક્ષિણ ગુજરાતમાં પણ તેમણે આદિવાસીઓને સહકારી મંડળીઓ રચવા સક્ષમ બનાવ્યા. અહીં લોકોને સંગઠિત કરવાનું એક બીજું પાસું તેમને જાણવા મળ્યું.

ફિલીભાઈ એક શિક્ષણકાર તરીકે માને છે કે લોકોને શિક્ષિત કરવા અને તેમના અધિકારો તેઓ માગે તે માટે તેમને તૈયાર કરવા અનેક વ્યૂહરચનાઓનો ઉપયોગ જરૂરી છે. અહીં છેલ્લાં ૩૦ વર્ષના અનુભવને આધારે જે તાલીમ વિકસાવાઈ છે તેની વિગતો આપવામાં આવી છે. આ તાલીમ આરંભમાં 'સામાજિક સંચાલન ફેલોશિપ કાર્યક્રમ' (એફપીએસએમ) તરીકે ઓળખાતી હતી. પછી તે 'યુવા પ્રશિક્ષણ કાર્યક્રમ' તરીકે ઓળખાય છે. તે ત્રણ તબક્કામાં હાથ ધરાઈ. દરેક તબક્કો શીખવાનો એક અનુભવ હતો અને તેથી બીજો તબક્કો સુધારવાની તક હતી. દરેક તબક્કામાં લક્ષ્યાંક જૂથો જુદાં જુદાં હતાં અને સહભાગીઓની જરૂરિયાત અનુસાર તેની વિગતો અને પદ્ધતિઓ બદલાતાં રહ્યાં. તેમાં નેતૃત્વ વિકસાવવા પર ધ્યાન અપાયું કે જેથી સહભાગીઓ ગ્રામ વિકાસ માટે ઉપયોગી દરમ્યાનગીરી કરી શકે.

## સામાજિક સંચાલન ફેલોશિપ કાર્યક્રમ

**દર્શન**

બિહેવિયરલ સાયન્સ સેન્ટર ખાતેના અનુભવથી એમ જાણવા મળ્યું કે શહેરી યુવાનો ગ્રામ વિસ્તારોને સમજે અને તેના પ્રત્યે સંવેદનશીલ બને તેનો ખૂબ જ અવકાશ છે. યુવાનો ગ્રામીણ વાસ્તવિકતાની ઊંડાણથી સમજ કેળવે તેવા હેતુ સાથે આ કાર્યક્રમ તૈયાર કરાયો છે. તેઓ કર્મશીલો છે તેથી તેઓ વર્ગખંડના શિક્ષણનો બોજો ઉઠાવવા માગતા નથી. તેથી અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અધ્યાપકોની એક ટુકડી બનાવવામાં આવી કે જે તેમને વિવિધ વિભાવનાઓ અંગે ખ્યાલ આપે. પછી તેમને ક્ષેત્રમાં લઈ જવામાં આવે કે જેથી તેઓ આ વિભાવનાઓની પ્રસ્તુતતાને તપાસી શકે.

**અભ્યાસ અને શિક્ષણ**

ગ્રામ વિકાસમાં રસ ધરાવતા યુવાન સ્નાતકો માટે આ અભ્યાસક્રમ છે.

## યુવા પ્રશિક્ષણ કાર્યક્રમ શું છે?

આ કાર્યક્રમ 'જનવિકાસ' દ્વારા વિકસાવાયો છે. ૧૯૮૭થી આ સ્વૈચ્છિક સંસ્થા સ્થાનિક સંગઠનોને તાલીમ અને વિકાસલક્ષી સહયોગ પૂરો પાડે છે. 'બિહેવિયરલ સાયન્સ સેન્ટર' (બીએસસી) દ્વારા ચલાવાયેલા 'સામાજિક સંચાલન ફેલોશિપ કાર્યક્રમ'ના અનુભવમાંથી પ્રેરણા લઈને આ કાર્યક્રમ ઘડાયો છે. સમુદાયને લાભ પહોંચાડવામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સરકાર કરતાં વધારે અસરકારક છે અને તેમને વધારે અસરકારક કેવી રીતે બનાવી શકાય એ બાબત આમાં ધ્યાનમાં રખાઈ છે. સ્વૈચ્છિક સંસ્થાઓની અસરકારકતા વધારવા માટે આ મુદ્દાઓ મહત્ત્વના છે:

૧. વિવિધ આર્થિક અને સામાજિક જૂથોની ગરીબીનાં કારણો અને પાસાં સમજવાં અને સ્વૈચ્છિક સંસ્થાની સ્થાનિક અને વ્યાપક સ્તરની ભૂમિકા સમજવી.
૨. વિસ્તાર અને લોકોની પસંદગી માટે યોગ્ય માપદંડ અને પદ્ધતિ પસંદ કરવાં.
૩. યોગ્ય વસ્તુઓ અને હેતુઓની પસંદગી.
૪. સંગઠનની યોગ્ય વ્યૂહરચનાઓ અને પ્રવૃત્તિઓની પસંદગી અને વ્યાપક અસર ઊભી કરવાની વ્યૂહરચના
૫. સંસ્થાગત ક્ષમતા ઉપરોક્ત કાર્યો માટે વધારવી. તેમાં માનવ સંસાધનો, નેતૃત્વ, કામની શૈલી, કામની સ્થિતિ, જવાબદારીઓની વહેંચણી અને માળખાં, આયોજન, દેખરેખ અને મૂલ્યાંકનની પદ્ધતિઓ વગેરેનો સમાવેશ થાય છે.

આમ, કર્મશીલોની ક્ષમતા વધારવા માટે આ કાર્યક્રમ ચાલે છે. સિદ્ધાંતો અને ક્ષેત્રકાર્ય બંનેનો તેમાં સમાવેશ થાય છે. શીખવાની પાયાની બાબત એ છે કે સિદ્ધાંતોની સમજને વ્યવહારની કસોટીએ ચડાવવી. સિદ્ધાંતો શીખવવામાં વિવિધ અભિગમો અંગે સમજ આપવામાં આવે છે. તેથી સહભાગીઓ સંચાર, આયોજન, દેખરેખ, તાલીમ, હિસાબીકામ, સત્તાની વહેંચણી, નેતૃત્વ અને વહીવટ શીખે છે.

પ્રાયોગિક બાબતોમાં અનુભવોની આપ-લે કરવાનો સમાવેશ થાય છે. ક્ષેત્રીય મુલાકાતો અને કામના અનુભવો સિદ્ધાંતો સાથે કેટલો મેળ ખાનારા છે તે જોવાય છે.

અહીં મૂળભૂત સિદ્ધાંત અને અભિગમ એ છે કે પ્રથમ સ્વને, પછી અન્યને અને પછી જગતને વિશે સભાનતા કેળવવી. આ માટે અનેક સ્વાધ્યાયો પણ વિકસાવવામાં આવ્યા છે. દર મહિને ૮ દિવસ સિદ્ધાંતોની સમજ માટે અને બાકીના દિવસો ક્ષેત્રકાર્ય માટે ફાળવવામાં આવ્યા છે.

તેઓ ગ્રામ વિસ્તારોમાં સ્વતંત્ર રીતે કામ કરી શકે તે માટે તેમનામાં નેતૃત્વની ક્ષમતા વિકસાવવાનો તેનો હેતુ છે. સામાજિક, રાજકીય, આર્થિક, માનસિક અને સંચાલકીય પાસાં અંગેની વિભાવનાઓ તેમને સમજાવાય છે. શિક્ષણ પદ્ધતિમાં વિભાવનાત્મક શિક્ષણ અને ક્ષેત્રકાર્ય બંનેનો સમાવેશ થાય છે. સ્વાધ્યાય, જૂથ કાર્ય, વાચન, પરિયોજના કાર્ય, પરિસંવાદોમાં હાજરી અને વિવિધ પરિયોજનાઓની મુલાકાતનો તેમાં સમાવેશ થાય છે. નિયમિત ચર્ચા અને સમીક્ષા બેઠકો યોજાય છે.

**પદાર્થ પાઠ**

ક્ષેત્રમાં શૈક્ષણિક પ્રક્રિયાનો આરંભ કરવા માટેની માર્ગરેખાઓ તે પૂરી પાડે છે. ગ્રામ વિકાસને કારકિર્દી તરીકે સ્વીકારનારા યુવાન સ્વયંસેવકોનું પ્રશિક્ષણ કરવાનું છે એ બાબતને અહીં ધ્યાનમાં રાખવામાં આવી છે. તેને 'યુવા પ્રશિક્ષણ કાર્યક્રમ-દ્વિતીય તબક્કો' એવું નામ આપવામાં આવ્યું છે. તેમાંથી આ બાબતો શીખવા મળી:

૧. આ એક ગુણવત્તાવાળો અભ્યાસક્રમ હતો એટલે માત્ર શહેરી યુવાનો જ નહિ, પણ મિશનરીઓનાં ફાધર્સ અને સિસ્ટર્સ પણ તેના પ્રત્યે આકર્ષાયાં. ધીમે ધીમે આ રીતે તેનું લક્ષ્યાંક જૂથ બદલાતું ગયું.
૨. કર્મશીલો અને વિભાવનાઓ સમજાવતા નિષ્ણાતો વચ્ચે સતત વાદ-વિવાદ થતા. નિષ્ણાતો એ સ્વીકારવા તૈયાર નહોતા કે વિભાવનાઓ ખોટી હોઈ શકે. દા.ત. શીખવું. શીખવું એટલે શું? શીખવાની વિભાવના એવી છે કે તેમાં કંઈક કહેવાવું જોઈએ. જ્યારે વાસ્તવમાં તેનો અર્થ સમજ થાય છે. આપણે જ્યારે ગ્રામ વિસ્તારોમાં જઈએ છીએ ત્યારે અનુભવથી શિખાય છે. નિષ્ણાતો એમ સમજે છે કે માત્ર પુસ્તકો અને ચર્ચા દ્વારા શિખાય છે, જ્યારે ખરેખર તો શીખવાનાં વિવિધ સમય સ્તરો હોય છે.

આનું એક ઉદાહરણ અગત્યનું છે. જો આપણે સમાનતાના મૂળભૂત અધિકારનું વિશ્લેષણ બંધારણની બાંયધરી અનુસાર કરીએ તો એમ પ્રશ્ન ઊભો થાય કે જો સમાનતા છે તો પછી અનામતની શી જરૂર છે? એટલે અંતે એવું તારણ નીકળે કે લોકોને પછાત રાખવા માટેનું એક સાધન અનામત છે. ફિલીભાઈ કહે છે: "હું તો સતત એમ કહું છું કે જો તમારા માટે અનામત છે તો એનો અર્થ એ છે કે હું એમ વિચારું છું કે હું તમારા કરતાં ઘણો સારો છું અને તેથી હું તમને કંઈક આપું છું. તો પછી સમાનતા ક્યાં છે?"

પછી ફિલીભાઈએ બિહેવિયરલ સાયન્સ સેન્ટરથી છૂટા પડીને 'જનવિકાસ'ની સ્થાપના કરી.

## યુવા પ્રશિક્ષણ કાર્યક્રમ – દ્વિતીય તબક્કો (બાડમેર)

'જનવિકાસ'ની સ્થાપના ૧૯૮૭માં થઈ. તેની પ્રવૃત્તિઓના ભાગરૂપે તેમણે આવા જ એક અભ્યાસક્રમની શરૂઆત કરી. તેમાં જૂથને બદલે યુવાનોની વ્યક્તિગત ક્ષમતા વધે તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો. જો કે શિક્ષણની પદ્ધતિ અને અભ્યાસક્રમ અગાઉના પ્રથમ તબક્કાના કાર્યક્રમના અનુભવ પર આધારિત હતાં.

### દર્શન

અગાઉના અનુભવને આધારે કાર્યક્રમનો બીજો તબક્કો ઘડાયો. અનુભવથી તેમને સમાજમાં શિક્ષકોનું મહત્ત્વ જણાયું. ફિલીભાઈને શિક્ષણના વ્યવસાય પ્રત્યે ભારે આદર અને શ્રદ્ધા હતાં. જ્ઞાન અને અનુભવને આધારે વ્યક્તિગત વિકાસ દ્વારા શાણપણના તબક્કા વિકસે છે. ગાંધીજીના દર્શનની તેમના પર મોટી અસર થઈ છે, અને દરમ્યાનગીરીની વ્યૂહરચના ઘડવામાં તેણે અગત્યની ભૂમિકા ભજવી છે. તેમને તેઓ મહાન વ્યૂહરચનાકાર માને છે. મહાત્મા ગાંધીએ આશ્રમમાં લોકોને ગામડાંમાં જઈને કામ કરવા પ્રેરણા આપી, તાલીમ આપી. આથી ફિલીભાઈને આશ્રયમનો ખ્યાલ ગમે છે. લોકો ગાંધીજી પાસે આશ્રમમાં આવતા અને પૂછતા, "બાપુ, હમ ક્યા કરેં? મૈં ગાંવમેં જાઉં?" અને

**યુવા પ્રશિક્ષણ કાર્યક્રમ**
**દ્વિતીય તબક્કોઃ અભ્યાસક્રમની વિગતો**

| ક્રમ | મુદ્દો | વિગતો |
|---|---|---|
| ૧. | પ્રૌઢ શિક્ષણ | પ્રૌઢ શિક્ષણનો અર્થ, શીખવાનું ચક્ર, પરંપરાગત શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણ વચ્ચેનો તફાવત. |
| ૨. | વિકાસ | અર્થ, વિવિધ માર્ગો, ગાંધીવાદી અભિગમ, વ્યૂહરચના, કર્મશીલનાં લક્ષણો અને કૌશલ્યો. |
| ૩. | સમુદાય વિકાસ | સમુદાયની વ્યાખ્યા, મહત્ત્વ, પ્રકારો, સમુદાય વિકાસ કાર્યકરની ભૂમિકા, જવાબદારી અને કૌશલ્યો. |
| ૪. | અર્થશાસ્ત્ર | ગ્રામ-શહેર વચ્ચે અસમતુલા, ગરીબીની સમસ્યા અને કારણો, આપણી વ્યવસ્થાનાં સામાજિક, આર્થિક અને રાજકીય માળખાં. |
| ૫. | સમાજશાસ્ત્ર | મનુષ્ય, કુટુંબ, સમુદાય, સમાજ, સંસ્કૃતિ, મૂલ્ય પ્રથા, સમાજ અને વ્યક્તિઓ પર મૂલ્ય પ્રથાની અસર. |
| ૬. | સ્વૈચ્છિક પ્રવૃત્તિ અને સ્વૈચ્છિક સંગઠનો | સ્વૈચ્છિક પ્રવૃત્તિઓનો ઈતિહાસ, હેતુઓ, સ્વૈચ્છિક સંગઠનોના ઉદ્દેશો, બિનસરકારી સંગઠનો અને સ્વૈચ્છિક સંગઠનો વચ્ચેનો તફાવત. |
| ૭. | શિક્ષણ પ્રથા | શિક્ષણની સંસ્થાનવાદી પ્રથા, શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ. |
| ૮. | દમન | પાઉલો ફ્રેરેનું દર્શન, બળવો, વિકાસ અને શિક્ષણ, જન સંગઠન અને મજૂર મંડળ. |
| ૯. | નાણાં અને વહીવટ | વિદેશી અને ભારતીય દાન, બેંકિંગ ક્ષેત્ર, એફસીઆરએ, વહીવટી પ્રથા, તેનું મહત્ત્વ, સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા, દાતા સંસ્થા સાથેના સંબંધો અને વિશ્વસનીયતા. |
| ૧૦. | કેન્દ્રીકરણ, વિકેન્દ્રીકરણ અને સમવાય | સત્તાની વહેંચણીનો અર્થ અને મહત્ત્વ. |
| ૧૧. | જોહરી વિન્ડો | – |
| ૧૨. | સંચાર | મહત્ત્વ, વિવિધ સ્વરૂપો, સમસ્યાઓ, શ્રવણ અને સાંભળવા વચ્ચેનો તફાવત, સંચાર કૌશલ્ય સુધારવા માટેના માર્ગો. |
| ૧૩. | પ્રતિભાવ (ફીડબેક) | અર્થ, મહત્ત્વ, પ્રતિભાવ આપવા અને મેળવવાની કળા, અવરોધો, અસરકારક પ્રતિભાવ. |
| ૧૪. | સંવાદ | મહત્ત્વ અને અવરોધો. |
| ૧૫. | નિર્ણય પ્રક્રિયા | અસરકર્તા પરિબળો - વ્યક્તિગત અને જૂથ સ્તરે. |
| ૧૬. | વ્યક્તિના વિકાસની પ્રક્રિયા | – |
| ૧૭. | આયોજન, દેખરેખ અને પ્રતિસાદ | – |
| ૧૮. | દરખાસ્ત લેખન અને અંદાજપત્રની તૈયારી | પરિયોજના દરખાસ્ત ઘડવાનાં પગલાં, સમુદાયની સામેલગીરી. અને તૈયાર થયેલા અંદાજપત્રમાં દરખાસ્તનું પ્રતિબિંબ. |
| ૧૯. | જરૂરિયાતો | વ્યક્તિગત, વ્યવસાયી, આર્થિક, પારિવારિક, માનસિક, સંસ્થાગત, સહકાર. |
| ૨૦. | સર્જનાત્મકતા | નવ બિંદુ. જરૂરિયાતોની પૂર્તિ માટે સર્જનાત્મક માર્ગો અપનાવવા. |




રોજિંદા જીવનની સમસ્યાઓ વિશે ચર્ચા કરો

મહાત્મા જવાબ આપતાઃ "હાં, જાઓ, દેખ લો, કુછ કામ તો મિલ જાયેગા." આમ કહેવાનો એમનો અર્થ એ હતો કે જો કોઈ ગામમાં જાય તો પહેલાં તો તેણે ત્યાં ઝૂંપડું બાંધીને રહેવું પડે. તેને માટે લોકોનો સહકાર મેળવવો પડે, તેણે પોતે શારીરિક શ્રમ કરવો પડે અને તે રીતે પોતે તેમના કરતાં ઊંચો નથી તે સાબિત કરવું પડે. તેણે સફાઈ અને આરોગ્ય શીખવાં પડે. આ કવાયત વ્યક્તિને બીજાની સાથે સહકારમાં કામ કરતાં શીખવે છે. પછી એ ઝૂંપડું આશ્રમ બની જાય. લોકો ત્યાં આવે અને પ્રશ્ન પૂછે કે, "આપણે સ્વતંત્રતા શા માટે જોઈએ છે?" આ રીતે લોકો સશક્તિકરણના ખ્યાલથી અભિમુખ બને છે. ગાંધીજીએ આ વ્યૂહરચનાથી એક જબરજસ્ત સ્વાતંત્ર્ય આંદોલન ઊભું કર્યું. લોકોને શિક્ષિત કરવા અને સક્ષમ બનાવવા માટે કોઈક પ્રશ્ન હાથ પર લેવો જોઈએ અને એની આસપાસ શિક્ષણ કરવું જોઈએ. દા.ત. આરોગ્ય. અનુભવ એમ કહે છે કે લોકો સાથે સતત રહેવાથી અને લોકો સાથેનું સામીપ્ય ઊભું થવાથી લોકો તેમના પ્રશ્નો વ્યક્ત કરે છે અને શોષણનું આખું ચક્ર ખુલ્લું થઈ જાય છે. આ રીતે લોકોમાં જાગૃતિ લાવવાનું શક્ય છે. સરકારે આપેલી જમીન પર ગાંડો બાવળ ઉગાડવાનું સાહસ પણ તેમણે ગ્રામજનો પાસે શરૂ કરાવડાવ્યું. છેવટે તેમાં એક સહકારી મંડળી બની અને દર વર્ષે તેણે એક લાખ રૂપિયાની કમાણી કરવા માંડી. તેની આસપાસ તેમણે સહકારી મંડળીનો ખ્યાલ, હિસાબોની જાળવણી, સંઘર્ષનું નિવારણ, સંચાલન અને પદ્ધતિનો વિકાસ વગેરે વિષયો લોકોને શિખવ્યા.

**અભ્યાસ અને શિક્ષણ**

બીજા તબક્કાના યુવા પ્રશિક્ષણ કાર્યક્રમનો હેતુ વ્યક્તિગત ધોરણે યુવાનોને શિક્ષણ આપવાનો હતો કે જેથી તેઓ સ્વતંત્ર રીતે સ્વૈચ્છિક સંસ્થા સ્થાપે અને તેનું સંચાલન કરે. આ તબક્કામાં કેટલાક શહેરી યુવાનોને તાલીમ અપાઈ. તેઓ પછી ગામોમાં ગયા અને તેમણે પોતાની સંસ્થાઓ સ્થાપી. સાથે સાથે બાડમેરની ગ્રામીણ સંસ્થાઓના નેતાઓએ શિક્ષણ લેવા તેમનો સંપર્ક સાધ્યો. જો કે, તેમને માટે અલગ અભ્યાસક્રમ હાથ ધરાયો. બીજા તબક્કાના યુવા પ્રશિક્ષણ કાર્યક્રમમાં સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સંગઠનનું સંચાલન વગેરેના પ્રાથમિક ખ્યાલોનો સમાવેશ કરાયો હતો. તે પાંચ મહિનાનો કાર્યક્રમ હતો અને દરેક મહિનામાં ૧૦ દિવસ ક્ષેત્રકાર્ય માટે હતા. ટૂંકાં વ્યાખ્યાનો અને નાનાં જૂથોમાં ચર્ચા અને પછી મોટા જૂથમાં સંવાદની પદ્ધતિ અપનાવવામાં આવી હતી. ૧૦ દિવસના ક્ષેત્રકાર્યમાં સિદ્ધાંતોને વ્યવહારમાં પ્રયોજવાના હતા અને ઉપયોગિતા ચકાસવાની હતી.

**પદાર્થ પાઠ**

આ અનુભવ દરમ્યાન તેઓ ઘણી બધી બાબતો પોતાને વિશે તેમ જ ગ્રામીણ વાસ્તવિકતા વિશે શીખ્યા. તે નીચે મુજબ છે:

***વિસ્તારિત સંવેદનશીલતાઃ*** "ગરીબોમાં આપણા કરતાં વધારે પ્રેમભાવના હોય છે, આપણે એને એક યા બીજી રીતે મારી નાખી છે. આપણામાં સ્પર્ધાની ભાવના ઊભી થઈ છે. એટલે આ અનુભવ એક સાંસ્કૃતિક ભણતરનો હતો. અમે ભૂખ વિશે વધારે સમજ્યા. જે તળાવમાંથી પ્રાણીઓ પાણી પીતાં હોય એ જ તળાવમાંથી પાણી પીવું એટલે શું અને તેના શાં પરિણામો આવે તે અમે શીખ્યા." ગ્રામજનો અમારા વિશે એમ કહેતા થયા કે, "આ તો અમારી ભાષા બોલે છે." આથી અમારી સંવેદનાઓ વધારે તીવ્ર બની." - એમ ફિલીભાઈ કહે છે.

***ઉછેરઃ*** કર્મશીલો એ શીખ્યા કે યુવાનોને એવી વિભાવનાઓ ન શીખવી શકાય કે જે તેઓ તેમની સાથે લઈ જઈ ના શકે. તેમણે એ વિભાવનાઓને ઉછેરવી પડે છે અને ક્ષેત્રીય પ્રવૃત્તિઓમાં તેમનું રૂપાંતર કરવું પડે છે. યુવાનો સમર્પણની ભાવનાથી ભરપૂર હોય છે પણ તેમની પાસે કોઈ દિશા હોતી નથી. તેથી તેઓ બીજી દિશામાં ખેંચાઈ જાય છે. શિક્ષણ કદી નકામું જતું નથી એમ ફિલીભાઈ માને છે. તમારે જો શિક્ષક થવું હોય તો તમારા પોતાનામાં અને બીજાઓમાં શ્રદ્ધા રાખવી પડે છે.

***સંસ્થાકરણઃ*** ફિલીભાઈ કહે છે કે, "અમે સફળ થયા પણ છીએ અને નથી પણ થયા." સ્વૈચ્છિક સંસ્થાઓનું આંદોલન ૧૯૯૦ના દાયકામાં સંવેદનાના સ્તરથી બદલાઈને વધારે વ્યવસાયી બન્યું છે. "બાડમેરમાં




જે શૈક્ષણિક પ્રક્રિયા શરૂ થઈ તેમાં સ્થાનિક પ્રયાસોને ટેકો આપવા અમને નાણાં મળ્યાં. સંસ્થા નિર્માણ માટે નેતૃત્વ ક્ષમતાનું નિર્માણ આ કાર્યક્રમનો મહત્ત્વનો ભાગ બની ગયું." ગામોમાં શાળા, પાણીની ટાંકી, આવક સર્જનની પ્રવૃત્તિઓ વગેરે શરૂ કરવા માટેના કાર્યક્રમો માટે તેમને નાણાં પૂરાં પડાયાં. ગ્રામજનો સાથે પણ આ કાર્યક્રમો વિશે વાત કરાઈ. અમુક નિશ્ચિત સમયગાળા માટે તે અંગે નાણાં અપાયાં હતાં. તેનાથી જ્ઞાન અને જાગૃતિ ઊભાં થયાં અને વાસ્તવિકતાને સમજવાની ક્ષમતા તેનાથી વિકસી. અત્યારે તેમાંના ઘણા સહભાગીઓ પાસે નાણાં નથી. આ કાર્યક્રમના અભિગમમાં એક મહત્ત્વની અને નોંધપાત્ર ખામી એ હતી કે સહભાગીઓ સંસ્થા નિર્માણના ખ્યાલ અને અર્થને બરાબર સમજી શક્યા નહોતા. મોટા ભાગના સહભાગીઓ મકાન બાંધકામને સંસ્થા નિર્માણ સમજી બેઠા હતા. પરિસ્થિતિના પડકારોને પહોંચી વળવાની ક્ષમતા ઊભી કરવી એ સંસ્થા નિર્માણ છે એ તેઓ સમજ્યા નહોતા.

**યુવા પ્રશિક્ષણ કાર્યક્રમ – તૃતીય તબક્કો (હિમાચલ પ્રદેશ)**

ઈન્ડો-જર્મન સોશ્યલ સર્વિસ સોસાયટીની વિનંતીથી ત્રીજો તબક્કો હાથ ધરવામાં આવ્યો. હિમાચલ પ્રદેશમાં સોસાયટી દ્વારા સહાયિત સ્વૈચ્છિક સંસ્થાઓના મુખ્ય કાર્યકર્તાઓને તાલીમ આપવાનો તેનો ઉદ્દેશ હતો. તેમને માટે ચાર તાલીમ બેઠકો થઈ. પછી સોસાયટીએ એ જ સંગઠનોના બીજા કાર્યકર્તાઓ માટે એવી તાલીમ યોજવા વિનંતી કરી. એમ જણાયું કે સંસ્થાઓના મુખ્ય કાર્યકર્તાઓ અને તેમના શહેરી વ્યવસાયીઓના અભિગમમાં મોટો તફાવત હતો. પરંતુ જેઓ ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા હતા તેમની કાર્યશૈલી તદ્દન જુદી જ હતી.

**દર્શન**

તૃતીય તબક્કો શરૂ થાય ત્યાં સુધીમાં તો સ્વૈચ્છિક સંસ્થાઓની તાસીર જ બદલાઈ ગઈ હતી. તેમાં એવા વ્યવસાયીઓ હતા કે જેઓ ઝડપથી પરિણામો સિદ્ધ કરવા માગતા હતા. પરંતુ વાસ્તવિકતા એ હતી કે સ્થાનિક સ્તરે તો તેની પોતાની ગતિ હોય. એટલે એક સંતુલન ઊભું કરવાની જરૂર હતી. તેઓ ગ્રામીણ વાસ્તવિકતા સમજે એ જરૂરી હતું. વળી, વિકાસના વિષય વિશે જ ભાતભાતની સમજો ઊભી થઈ હતી. એનું કારણ એ હતું કે, દાતાઓની કાર્યસૂચિ અને વ્યૂહરચનાએ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની દિશા નક્કી કરવાનું શરૂ કર્યું હતું. દા.ત. એઈડ્સ નિયંત્રણ અંગે ખૂબ પૈસા મળતા હતા તો એક સ્વૈચ્છિક સંસ્થાએ એનું જ કામ શરૂ કર્યું. સ્વૈચ્છિક સંસ્થાઓના ક્ષેત્રમાં જે બજારુ વલણો દાખલ થયાં હતાં તેને સમજવામાં ઘણા થાપ ખાતા હતા. સ્થાનિક વલણોને વ્યાપક પ્રશ્નો સાથે સાંકળવાનું મહત્ત્વનું હતું. તેથી અભ્યાસક્રમ દરમ્યાન વિશ્વાસ, શ્રદ્ધા અને આશાનાં

**જનવિકાસ શું છે?**

જનવિકાસ એક તાલીમ અને વિકાસ સહયોગી સંગઠન છે. આપણે જે સમાજમાં જીવીએ છીએ તેની અન્યાયી સામાજિક-આર્થિક વાસ્તવિકતા પ્રત્યેના અસંતોષમાંથી તેનો જન્મ થયો. માનવીય પ્રયાસોથી શોષક અને દમનકારી માળખાં બદલી શકાશે એવી શ્રદ્ધા સાથે તેનો જન્મ થયો, પછી એ પિતૃસત્તાક હોય કે વર્ગ-જ્ઞાતિગત હોય. આ મૂળભૂત શ્રદ્ધા સાથે જનવિકાસ વિકાસ ક્ષેત્રમાંની વ્યક્તિઓ, સ્વૈચ્છિક સંગઠનો અને જાહેર સંસ્થાઓને તાલીમ અને સહયોગ પૂરાં પાડે છે.

**ગ્રામ સહયોગ અને તાલીમ કેન્દ્ર**

આ કેન્દ્રની સ્થાપના જનવિકાસના એક વિશિષ્ટ એકમ તરીકે ૧૯૯૭માં થઈ. તેનો હેતુ નાનાં સ્થાનિક સ્વૈચ્છિક સંગઠનો અને સ્વસહાય જૂથોને વિકેન્દ્રિત ટેકો પૂરો પાડવાનો છે. જનવિકાસે જે વિકેન્દ્રિત પદ્ધતિ અપનાવી તેનું આ પરિણામ હતું. કેન્દ્ર આરંભથી જ ગુજરાત અને રાજસ્થાનમાં કામ કરે છે. માનવ સંસાધન વિકાસ, પાણી, શિક્ષણ, લઘુ ધિરાણ, આરોગ્ય અને મહિલા વિકાસ અંગેની પ્રવૃત્તિઓમાં તે સામેલ છે. તેની ભૂમિકા સ્થાનિક કાર્યકરોને સક્ષમ કરવાની અને સ્વૈચ્છિક સંગઠનોની કામગીરી સરળ બનાવવાની છે.

## ઈન્ડો–જર્મન સોશ્યલ સર્વિસ સોસાયટી

તે તા. ૯.૫.૧૯૬૧ના રોજ ૧૮૬૦ના સોસાયટી નોંધણી ધારા અને ૧૯૭૬ના એફસીઆરએ ધારા હેઠળ નોંધાયેલી સંસ્થા છે. તે જર્મનીની 'મિઝેરિયર કમ્પેઈન ઓફ જર્મન કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ અગેઈન્સ્ટ હંગર અને ડિસીઝ ઈન ધ વર્લ્ડ'ની ભાગીદાર સંસ્થા છે. તે ભારત સરકારને વિદેશી નાણાંના ઉપયોગ અંગે એફસીઆરએ ધારા-૧૯૭૬ની જોગવાઈઓ અનુસાર અહેવાલ પણ આપે છે.

તેની દૃષ્ટિ એ છે કે એવી સામાજિક વ્યવસ્થા સ્થાપવી અને મજબૂત કરવી કે જેમાં તમામ લોકોની પાયાની જરૂરિયાતો પરિપૂર્ણ થાય, આર્થિક અસમાનતા દૂર થાય, વ્યક્તિઓ અને સમાજ સર્જનાત્મક રીતે વિચારે, લોકશાહી નિર્ણય પ્રક્રિયા થાય અને કશાય ભેદભાવ વિના મનુષ્યો ગૌરવપૂર્ણ જીવન જીવે. તે સ્વૈચ્છિક સંસ્થાઓને વિકાસ, શિક્ષણ, તાલીમ વગેરે ક્ષેત્રે સહયોગ આપે છે. ખાસ કરીને દલિતો, આદિવાસીઓ, મહિલાઓ અને બાળકોને લાભ કરનારી પરિયોજનાઓને તે ટેકો આપે છે. સામાજિક વિકાસની પરિયોજનાઓ અને કાર્યક્રમોને તે સહયોગ આપે છે. તે તાલીમ, માહિતી, દસ્તાવેજીકરણ અને નેટવર્કિંગના આવા પ્રકારના પ્રયાસોને પણ સહયોગ પૂરો પાડે છે. વ્યક્તિગત સ્તરે ફેલોશિપ અને શિષ્યવૃત્તિ પણ અપાય છે.

મૂલ્યો વિશે ભારપૂર્વક જણાવાયું. સામાજિક વિકાસલક્ષી પ્રયાસોને ટકાવવા માટે આ તમામ મૂલ્યોની જાળવણી અનિવાર્ય છે.

**અભ્યાસ અને શિક્ષણ**

આ કાર્યક્રમ સ્વૈચ્છિક સંસ્થાઓના દ્વિતીય સ્તરના નેતાઓ માટે ઘડાયો હતો. તેઓ વિભાવનાઓ અને કુશળતાઓની દૃષ્ટિએ મજબૂત બને એ જ તેનો ઉદ્દેશ હતો. સંચાર અને સહકારી મંડળીના સંચાલનમાં સહભાગીઓ બહુ નબળા હતા. કોઈની સમક્ષ કેવી રીતે રજૂઆત કરવી તે પણ તેઓ જાણતા નહોતા. તેઓ પરસ્પર હૂંફ આપતા થયા. તેમાં પ્રૌઢ શિક્ષણના સિદ્ધાંતોને આધારે કાર્યશાળાઓ હાથ ધરવામાં આવી. ક્ષેત્રકાર્ય ઉપર અને મૂલ્યોના વ્યવહારુ ઉપયોગ ઉપર ભાર મૂકવામાં આવ્યો. બે નિષ્ણાતોએ સમગ્ર કાર્યક્રમ ચલાવ્યો અને તેઓ લગભગ બધો સમય સહભાગીઓ સાથે જ રહ્યા.

**પદાર્થ પાઠ**

આ તબક્કામાં કેટલાંક મૂલ્યો શિખવવા પર ભાર મુકાયો હતો. તેથી તેમણે કેટલુંક ભૂતકાળનું ભણતર ભૂલવું જરૂરી હતું.

**૧. શ્રદ્ધા**

સમાનતામાં શ્રદ્ધા અને વિશ્વાસ. લોકો વચ્ચે જીવવું અને પોતે જે માને છે તે મુજબ જીવવું. તેથી વ્યક્તિ મનથી બોલે છે કે કેમ તે જાણી શકાય. મૂલ્યો પ્રત્યે મક્કમ રહેવામાં શી મુશ્કેલીઓ આવી શકે તે સહભાગીઓને પૂછવામાં આવતું હતું. ભારતીય ગુરુ તરીકેની શિક્ષકની ભૂમિકા તેમાં મહત્ત્વની હતી. સરસ્વતી દેવીને સત્તાના નહિ પણ નમ્રતાના પ્રતીક તરીકે જોવામાં આવી. જ્ઞાનને ક્ષમતા નિર્માણના સાધન તરીકે જોવામાં આવ્યું. તમે તમારી સત્તા ગુમાવ્યા વિના બીજાને સત્તા આપી શકો નહિ. જો કે, અમે માનીએ છીએ કે દરેક જણ શીખી શકે છે અને દરેક જણ શીખવી શકે છે.

**૨. રાષ્ટ્રવાદ**

રાષ્ટ્રવાદ એક મૂલ્ય હતું. પરંતુ જ્યારે કાશ્મીર અને શીખોના પ્રશ્ને રાષ્ટ્રવાદ નવી રીતે ઉપસી આવ્યો ત્યારે એમ લાગ્યું કે આ મૂલ્ય સ્વીકારવા જેવું નથી. ત્યારે એમ લાગે છે કે સામાજિક ન્યાયના પરિપ્રેક્ષ્યમાં આ આદર્શને વાળવાની જરૂર છે. દા.ત. આપણામાંના કેટલા લોકો દેશની સંભાળ લે છે? આપણે એક અન્યાયી સમાજમાં જીવીએ છીએ એવું કેટલા લોકો ખરેખર માને છે? આપણે બંધારણ સામે પ્રશ્ન નથી કરતા એવું કેટલા લોકોને લાગે છે? રાજકારણીઓ દેશની પરિસ્થિતિ બગાડે છે એ જોઈને કેટલાનું દિલ દુઃખે છે? આ પ્રકારનું વિશ્લેષણ અમે હાથ ધર્યું.

**૩. પ્રેમ વિરુદ્ધ ઘાતકીપણું**

મનુષ્યો શા માટે ઘાતકી હોય છે એ જ સમજાતું નથી. મનુષ્યો બીજા બધા મનુષ્યોને જ્ઞાતિ, જાતિ, રંગ, ધર્મ વગેરેના ભેદભાવ વિના પ્રેમ કેમ કરતા નથી? બીજાઓને પાડી દેવાના પ્રયાસોને સમજવાની તો ખાસ જરૂર છે.

**૪. વિશ્વાસ**

વિશ્વાસ પોતાનામાંથી જ જન્મે છે. જો તમે નબળા હોવ તો તમને તમારા પોતાનામાં વિશ્વાસ નથી હોતો અને તેથી તમને બીજાનામાંય વિશ્વાસ નથી બેસતો. ફિલીભાઈ કહે છે કે કશાય બદલાની અપેક્ષા વિના ગ્રામજનો ખૂબ પ્રેમ આપે છે. એક ડોશીએ તેમના માથા પર હાથ મૂકીને આશીર્વાદ આપ્યા હતા કે, "બેટા, હજુ તો બહુ કામ કરવાના છે, જીવતો રહેજે." જ્યારે યુવાનો અને બાળકોની આંખો આપણે જોઈએ છીએ ત્યારે તે પ્રેમથી છલકાતી દેખાય છે અને તેનું વર્ણન કરી શકાય એમ નથી.

**૫. પ્રેરણા**

અમે એ શીખ્યા છીએ કે કોઈએ સારું કામ કર્યું છે તે કોઈ કહી શકે નહિ. આપણને શાબાશી જોઈતી નથી. જો અમે સારું કામ કર્યું છે તો અમને સારું લાગે છે. જો અમે સારું કામ ના કર્યું હોય તો અમને દુઃખ થાય છે. આ સંવેદના જ અમને જીવંત રાખે છે. એટલે આપણે તો કામ કરવું હોય તો ગામમાં જ જીવવું જોઈએ. આ કોઈ આધ્યાત્મિક બાબત નથી પણ સામાન્ય જીવનનો ભાગ છે. અમને ખબર છે કે

**જુઓ પૃષ્ઠ ૩૧**

# સાંપ્રત પ્રવાહ

**ગ્રામ સભામાં સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકર્તાઓ પર હુમલો**
તા. ૨૦.૫.૨૦૦૧ના રોજ સમગ્ર રાજસ્થાનમાં ગ્રામ પંચાયતોમાં ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પંચાયતી રાજ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ ગ્રામ સભાઓ સફળ રીતે પાર પડે તે માટે પ્રયાસો કર્યા હતા. રાજ્ય સરકારના પંચાયતી રાજ વિભાગ દ્વારા પણ સ્વૈચ્છિક સંસ્થાઓને એક પરિપત્ર મોકલવામાં આવ્યો હતો અને તેમાં તેઓ ગ્રામ સભાઓને સફળ બનાવવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવે તે માટે તેમને અનુરોધ કરવામાં આવ્યો હતો. આવી જ એક સ્વૈચ્છિક સંસ્થા બિકાનેર જિલ્લામાં પુગલ ક્ષેત્રમાં કામ કરે છે. તેનું નામ છે 'શાંતિ મૈત્રિ મિશન સંસ્થાન'. તેના બે કાર્યકર્તાઓ ગ્રામ સભામાં ભાગ લેવા માટે ગયા. ગ્રામ સભાની બેઠક દરમ્યાન ભ્રષ્ટાચારના મુદ્દે ચર્ચા ચાલી રહી હતી. ચર્ચા દરમ્યાન ગ્રામ સેવક, સરપંચ અને દુકાળ રાહત કામોમાં લાગેલા કર્મચારીઓ પર ગ્રામ સભાના સભ્યો ભ્રષ્ટાચારના આક્ષેપો કરતા હતા. તે વખતે ગ્રામ સભાની કાર્યવાહીનું ઓડિયો રેકોર્ડિંગ સંસ્થાનના બે કાર્યકર્તાઓ કરતા હતા. તેમનો હેતુ રાજ્ય સરકારના પંચાયતી રાજ વિભાગને તેની માહિતી આપવાનો હતો. એ જ વખતે દુકાળ રાહત કામોના કર્મચારીની નજર આ કાર્યકર્તાઓ પર પડી અને તેને થયું કે આ તો તેની અને તેના સાથીઓની પોલ ખુલ્લી પડી રહી છે. તેણે ઉપસ્થિત લોકોને ઉશ્કેરવાનું શરૂ કર્યું. તેણે અન્ય લોકો સાથે મળીને પછી સંસ્થાનના કાર્યકર્તાઓને માર્યા અને કેસેટ તથા રેકોર્ડર ઝૂંટવી લીધાં. કાર્યકર્તાઓએ પછી પોતાનો જાન બચાવવા ભાગવું પડ્યું. આ ઘટનાથી નીચે મુજબના સવાલો ઉપસ્થિત થાય છે:

૧. સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકર્તાઓ પર હુમલો કરવાનું યોગ્ય છે?
૨. શું સચ્ચાઈને સૌની સામે લાવવી એ ગુનો છે?
૩. જો એમ જ હોય તો પછી કદી લોકો સચ્ચાઈને નહિ સ્વીકારે અને સચ્ચાઈથી તેઓ હંમેશાં દૂર ભાગશે.
૪. જેમને માટે સ્વૈચ્છિક સંસ્થાઓ કામ કરે છે તેમની સાથે કેટલા લોકો છે?

આ ઘટના અંગે આપની પ્રતિક્રિયા આ સરનામે મોકલી શકો છોઃ **૧.** કલેક્ટર, જિ. બિકાનેર, રાજસ્થાન. **૨.** નિયામક, પંચાયતી રાજ વિભાગ, સચિવાલય, જયપુર, રાજસ્થાન.

**માહિતીના અધિકાર અંગે જન સુનાવણી અને અધિવેશન**
એમકેએસએસએ એનસીપીઆરઆઈ દ્વારા રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના કુંભલગઢ બ્લોકની જાનાવાડ પંચાયતમાં ૧૯૯૫-૨૦૦૦ દરમ્યાનના વિકાસલક્ષી ખર્ચ અંગે એક જન સુનાવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. માહિતીના અધિકારના આંદોલને રાજસ્થાન સરકારને ૧૯૯૬માં પંચાયતી રાજ ધારાને સુધારવાની ફરજ પાડી હતી. તેનાથી નાગરિકોને બિલ, વાઉચર અને હાજરી પત્રકોની પ્રમાણિત નકલો પ્રાપ્ત કરવાનો અધિકાર મળ્યો હતો. રાજસ્થાનની વિધાનસભાએ તા. ૧.૫.૨૦૦૦ના રોજ માહિતીના અધિકારનો સર્વગ્રાહી ખરડો પસાર કર્યો હતો. જાનાવાડ પંચાયતના લોકોને મોટી નાણાકીય ગોલમાલની ખબર પડી હતી. પંચાયતના વિકાસલક્ષી ખર્ચમાં થયેલા વ્યાપક ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવા અને તેની સમસ્યા ઉકેલવા જનસુનાવણી યોજવામાં આવી હતી.

આ જન સુનાવણીમાં નજીકનાં ગામોના લોકો, પત્રકારો, ન્યાયમૂર્તિઓ, વિકાસલક્ષી કર્મશીલો, સરકારી પ્રતિનિધિઓ અને બીજા ઘણા લોકો હાજર રહ્યા હતા. પંચાયત દ્વારા થયેલાં બાંધકામ અને દુકાળ રાહતનાં કામોનો હિસાબ ત્યાં રજૂ થયો. એમ જણાયું કે જે એક કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા તેમાંથી માત્ર ૬૫ લાખ રૂપિયાના જ હિસાબો મળતા હતા. તેમાં પણ ૪૫ લાખ રૂપિયાના ખર્ચા ખોટા હતા કે તદ્દન અસ્પષ્ટ હતા. દરેક બાંધકામની વિગત લોકો સમક્ષ રજૂ કરવામાં આવી. એ બાંધકામોનું અસ્તિત્વ છે કે નહિ અને છે તો કયા સ્વરૂપે છે તે પણ તપાસવામાં આવ્યું. એ ગામોના લોકોને જ વિગતો રજૂ કરવા માટે મંચ પર બોલાવવામાં આવ્યા. આ પ્રક્રિયા બહુ જ સરળ હતી અને સૌને સામેલ કરનારી હતી. આ બધી રજૂઆતો થઈ ગયા બાદ હાજર રહેલા નિષ્ણાતોની ટુકડીને તેમનો અભિપ્રાય આપવાનું જણાવવામાં આવ્યું. જે બેફામ ગેરરીતિઓ આચરવામાં આવી હતી તેનાથી સૌને ભારે આશ્ચર્ય થયું હતું. દા.ત. પંચાયત ઘરના પ્રથમ માળે પશુ ચિકિત્સાલય બાંધવામાં આવ્યું હતું પણ તેનું અસ્તિત્વ જ નહોતું. એક ચેક ડેમ બાંધવામાં આવ્યો હતો પરંતુ તે પણ દેખાતો નહોતો. ઘણાએ એવો મત વ્યક્ત કર્યો કે આ માહિતીનો ઉપયોગ કરવામાં આવે તો તેનાથી ભ્રષ્ટાચારનો અંત આવે અને લોકો સક્ષમ બને. એમ પણ જણાવવામાં આવ્યું કે માહિતીનો અધિકાર એ કંઈ માત્ર ભ્રષ્ટાચારનો અંત લાવવા માટે નથી પરંતુ લોકશાહી શાસન વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા માટે છે. આ જન સુનાવણી બાદ 'રાષ્ટ્રીય માહિતી અધિકાર લોક ઝુંબેશ' દ્વારા બે દિવસનું એક અધિવેશન બોલાવવામાં આવ્યું હતું. આ બેઠકમાં રાજસ્થાનના મુખ્ય પ્રધાન શ્રી

અશોક ગેહલોત અને મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શ્રી દિગ્વિજયસિંહને પણ નિમંત્રણ આપવામાં આવ્યું હતું. અધિવેશનના પ્રથમ દિવસે નાનાં નાનાં જૂથોમાં ચૂંટણી પ્રક્રિયા, માનવ અધિકારો, આરોગ્ય, માધ્યમો, મહિલા વિકાસ, આદિવાસીઓના અધિકારો, દુકાળ અને અન્ન સલામતી, જાહેર વિતરણ વ્યવસ્થા, શ્રમ અને વેતન, શિક્ષણ, ગ્રામ વિકાસના કાર્યક્રમો, વિસ્થાપન અને પુનર્વસન, નગરપાલિકાની ભૂમિકા વગેરે વિષયો વિશે ચર્ચાઓ થઈ. આ ભલામણો એ માન્યતા પર આધારિત હતી કે માહિતીથી બધી સમસ્યાઓ ઉકલી જતી નથી, પરંતુ માહિતીથી પારદર્શિતાની પ્રક્રિયા મજબૂત બને છે. આ ભલામણોને 'બ્યાવર ઘોષણા' તરીકે જાહેર કરવામાં આવી. બીજે દિવસે બ્યાવરના ઐતિહાસિક ચાંગ દરવાજાથી એક રથયાત્રા કાઢવામાં આવી. માહિતીના અધિકારનું આંદોલન પાંચ વર્ષ અગાઉ એ જ સ્થળેથી શરૂ થયું હતું. ત્યાં પછી એક જાહેર સભા યોજાઈ. તેમાં રવિ રે, કિશન પટનાયક, એ. બી. બર્ધન, અશોક ગેહલોત વગેરે જેવા રાજકીય નેતાઓ હાજર રહ્યા હતા. રાજસ્થાનમાં ચાલતાં દુકાળ રાહતનાં કામો અને વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો અંગે મુખ્ય પ્રધાનને ખુલ્લંખુલ્લા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

### જૈવ સંસાધનો અંગે રાષ્ટ્રીય ઝુંબેશ

'જિન કમ્પેઈન' એક રાષ્ટ્રીય સંગઠન છે. તે જૈવ સંસાધનો, બૌદ્ધિક મિલકત અધિકારો, દેશજ જ્ઞાન તથા ખેડૂતો અને આદિવાસીઓના અધિકારો અંગે કામ કરે છે. તે આ સમુદાયોની અન્ન અને જીવનનિર્વાહની સલામતી ક્ષેત્રે કામ કરે છે. વિશ્વ વ્યાપાર સંગઠન (ડબ્લ્યુટીઓ) અને ખાસ કરીને પેટન્ટ તથા બૌદ્ધિક મિલકત અધિકારો અંગેની તેની જોગવાઈઓ જગતના ગરીબ અને છેવાડાના લોકો માટે ખૂબ જ વિપરીત અસર કરનારી છે. 'વ્યાપાર સંબંધી બૌદ્ધિક મિલકત અધિકારો' (ટ્રિપ્સ) અંગે ચાલુ વર્ષે સમીક્ષા થવાની છે. ત્યારે બહુરાષ્ટ્રીય કંપનીઓ અને વિકસિત દેશોની સરકારો દ્વારા જગત ઉપર લોકો વિરોધી અને ખેડૂત વિરોધી જે બૌદ્ધિક મિલકત અધિકારો ઠોકી બેસાડવામાં આવી રહ્યા છે તેની સામેની લડાઈમાં સૌ સામેલ થાય અને સઘન પ્રયાસ કરે તેની જરૂર છે.

'જિન કમ્પેઈન' આ અંગે ભારતમાં અન્ય લોકો સાથે નેટવર્ક રચીને જોરદાર ઝુંબેશ ઉપાડી રહી છે. જે મુદ્દાઓ પર તે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરશે તે આ મુજબ છેઃ **૧.** વિકસતા દેશોને બૌદ્ધિક મિલકતના અધિકારો અંગેનો તેમનો પોતાનો કાયદો કરવા માટેના અધિકાર અંગેની ઝુંબેશ. **૨.** વિકસતા દેશોમાં બૌદ્ધિક મિલકતના અધિકારો અંગે 'યુપોવ'ને ધોરણ બનાવવા વિરુદ્ધ ઝુંબેશ. **૩.** લીમડો અને હળદર જેવી જૈવિક સંપત્તિની ચોરી અટકાવવા માટેની ઝુંબેશ. **૪.** 'જૈવ વૈવિધ્ય ઠરાવ'ને માન્યતા અપાવવા અને તે સ્વીકારવા માટેની ઝુંબેશ. **૫.** બિયારણ અને સજીવો પરના પેટન્ટ વિરુદ્ધ ઝુંબેશ. 'વિશ્વ વ્યાપાર સંગઠન'ની અસર હેઠળ જ ખાદ્ય ચીજોની આયાત પરનાં જથ્થાત્મક નિયંત્રણો હટાવાયાં છે. જો 'ટ્રિપ્સ'નો અમલ તેના અત્યારના સ્વરૂપમાં જ થશે તો ખેતી અને ગ્રામીણ ભારત માટે તેનાં પરિણામો ખતરનાક હશે. ભારતની અન્ન સલામતી અને ખેતી સામે ખતરો ઊભો થઈ રહ્યો છે. આ ઝુંબેશને આપનાં સૂચનો આ સરનામે મોકલી આપોઃ ડૉ. સુમન સહાય, જે-૨૩૫/એ, સૈનિક ફાર્મ્સ, ખાનપુર, નવી દિલ્લી-૧૧૦ ૦૬૨. ફોનઃ ૦૧૧-૬૫૧૭૨૪૮, ૬૮૫૬૮૪૧, ફેક્સઃ ૬૯૬૯૭૧૬, ઈ-મેઈલઃ genecamp@vsnl.com વેબસાઈટ: www.genecampaign.org.

### રાષ્ટ્રીય જળ સંમેલન

૨૧થી ૩૦ એપ્રિલના ૩ દિવસ રાજસ્થાનમાં જયપુર પાસેના નિમ્બી ગામે મળેલ રાષ્ટ્રીય જળ સંમેલનમાં ૨૬ રાજ્યોની ૩૭૨ સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત પાણી પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં વિવિધ સ્તર અને ક્ષેત્રના ૫૦૦૦ જળ કર્મશીલોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સૌથી વધુ ગુજરાતના વિવિધ સંસ્થાઓના ૧૮૯ પ્રતિનિધિઓએ આ સંમેલનમાં સક્રિય ભાગ લીધો હતો. આ સંમેલનમાં ઉપસ્થિત સૌએ પાણી પ્રવૃત્તિને મુખ્ય પ્રવૃત્તિ ગણીને કાર્યને વ્યાપક રૂપ આપવા દરેક સંસ્થા અને વ્યક્તિએ પોતાની વૈચારિક સીમાઓથી ઉપર ઉઠીને જળ સંચય, જળ સંરક્ષણ અને જળ સંવર્ધનના કાર્યને જન-જનનું કાર્ય બનાવવાનું ઠરાવ્યું હતું. પ્રાકૃતિક સંપદાની જાળવણી અને સંરક્ષણનું આ કાર્ય આપણને સાચા ગ્રામ સ્વરાજની દિશામાં આગળ વધારનારું બની રહેશે અને એટલે જ ભવિષ્યમાં આપણી અલગ અલગ ઓળખને બદલે પાણી પ્રવૃત્તિ જ આપણી સૌની ખરી ઓળખ બની રહેશે. સૌએ જળ બિરાદરીને અધિક મહત્ત્વ આપવાનો સંમેલનમાં સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો હતો. આ જળ સંમેલનમાં ૨૬ રાજ્યોના ઉપસ્થિત કર્મશીલો દ્વારા જે તે રાજ્યની જળ બિરાદરીની રચના કરાઈ હતી અને તેના સંયોજકોની વરણી પણ કરવામાં આવેલી. એ જ રીતે ગુજરાતના વિવિધ સંસ્થાઓના ૧૮૯ પ્રતિનિધિઓ સંમેલનમાં ઉપસ્થિત હતા અને તેઓએ સંયોજક તરીકે સર્વાનુમતે શ્રી શામજીભાઈ આંટાળાની પસંદગી કરી.

દેશમાં જળ સંચયની બાબતમાં ગુજરાત રાજ્ય મોખરાનું સ્થાન ધરાવે છે અને દેશભરમાં જળ સંચય અને જળસંવર્ધનની બાબતમાં ગુજરાત માર્ગદર્શક પણ બની રહે એ માટે પાણી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ સંસ્થાઓ અને તમામ સ્તર અને ક્ષેત્રના જળ કર્મશીલો જળ બિરાદરીના માધ્યમ દ્વારા પાણીના કાર્યને જન-જનનું કાર્ય બનાવવા સક્રિય બને તે માટે રાજ્ય કક્ષાનું જળ સંમેલન બોલાવવાનું આયોજન છે અને એ સંમેલનમાં ગુજરાત પ્રદેશ જળ બિરાદરીના

## સુશ્રી એલિસ ગર્ગને અને સુશ્રી અશમ્માને નીરજા ભાનોટ પારિતોષિક એનાયત

રાજસ્થાનના જયપુરનિવાસી સુશ્રી એલિસ ગર્ગને ઈ.સ. ૨૦૦૦નું પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય નીરજા ભાનોટ પારિતોષિક એનાયત કરાયું છે. પદદલિતો અને મહિલાઓના અધિકારો માટે તેમણે નિરંતર લડત આપી છે. તેઓ 'બાલ રશ્મિ સોસાયટી'નાં મંત્રી છે અને તેમણે ૧૭૮ મહિલાઓને દહેજ, બળાત્કાર, જાતીય શોષણ, ઘરેલૂ હિંસા, ભેદભાવ અને છૂટાછેડાના કિસ્સામાં મદદ કરી હતી.

રાજસ્થાન યુનિવર્સિટીના છાત્રાલયમાં એક યુવતી પર બળાત્કાર, ભંવરી દેવી પર બળાત્કાર, જૈન મુનિ દ્વારા એક યુવતી પર બળાત્કાર, વેશ્યાગૃહે વેચાતી સાંસી સમુદાયની એક યુવતીને છોડાવવી વગેરે જેવા કિસ્સામાં સુશ્રી એલિસ ગર્ગે મોટી ભૂમિકા ભજવી હતી. આ તમામ કિસ્સામાં રાજકીય નેતાઓ સાથે આરોપીઓના સંબંધો હતા. તેથી સુશ્રી એલિસ ગર્ગ અને તેમના સાથીઓ સામે માત્ર ૧૪ દિવસમાં જ ૯ ફોજદારી ગુના નોંધવામાં આવ્યા હતા. પોલિસે સર્ચ વોરન્ટ વિના જ તેમની કચેરીમાં ઘૂસીને તોડફોડ કરી હતી. શ્રી એલિસ ગર્ગના સાથીઓને પોલિસ કસ્ટડીમાં લઈ જવાયા હતા અને તેમને શારીરિક ત્રાસ અપાયો હતો. તેમના એક સાથીનું તો પોલિસ કસ્ટડીમાં મૃત્યુ નીપજ્યું હતું. પરંતુ આ હુમલા અને દબાણો સામે તેઓ ઝૂકી ગયાં નહોતાં. પાછળથી તેમની સામેના કેટલાક કેસ પોલિસે પાછા ખેંચ્યા હતા અને કેટલાક અદાલતે રદ કર્યા હતા.

'આંધ્ર પ્રદેશ મહિલા સંસ્થા સોસાયટી'નાં નેતા સુશ્રી અશમ્માને પણ આ પારિતોષિક માટે પસંદ કરાયાં છે. તેઓ આંધ્ર પ્રદેશના કર્ણી નામના ગામનાં હરિજન મહિલા છે. તેઓ અત્યારે ૩૫ વર્ષના છે અને નિરક્ષર છે. તેઓ માત્ર ૭ વર્ષનાં હતાં ત્યારે તેમને ગામની 'જોગણી' બનવાની ફરજ પાડવામાં આવી હતી. ૧૧ વર્ષની વયે જ દેવદાસી તરીકે તેમનું જાતીય શોષણ થવાનું શરૂ થયું હતું. કિશોરાવસ્થામાં જ તેઓ એક દીકરીની માતા બની ગયાં હતાં.

પોતાની અપમાનિત જિંદગીથી કંટાળીને તેમણે ગામ છોડ્યું. પણ ગામ લોકોએ તેમને પકડી પાડીને ફરીથી જોગણી તરીકે જ રહેવા ફરજ પાડી હતી. તે જ સમયે મહેબૂબનગર જિલ્લામાં 'આંધ્ર પ્રદેશ મહિલા સંસ્થા સોસાયટી'એ મહિલાઓના અધિકારો અંગે કામ શરૂ કર્યું હતું. સુશ્રી અશમ્માએ તેને વિશે સાંભળ્યું અને તેમાં જોડાયાં. પછી તો આ સંસ્થાના નેતા તરીકે જ તેમની વરણી થઈ. ૧૯૯૭માં તેમના જ ગામમાં ફરી એક વાર સાત વર્ષની એક છોકરીને 'જોગણી' બનાવવાનો પ્રયાસ થયો. ત્યારે સુશ્રી અશમ્માએ તેની સામે ઝુંબેશ ઉપાડી અને એ છોકરીને 'જોગણી' બનતી રોકી. જિલ્લામાં તેમના આંદોલનથી આ પ્રકારના કિસ્સામાં મોટો ઘટાડો નોંધાયો છે. અનેક મહિલાઓ માટે સુશ્રી અશમ્મા આ રીતે પ્રેરણાનું સ્રોત બન્યાં છે.

૧૯૮૬માં કરાચી ખાતે અપહૃત પાન એમ વિમાનની પરિચારિકા નીરજા ભાનોટે સેંકડો ઉતારુઓને બચાવવા માટે જબરજસ્ત હિંમત દાખવી હતી. તેની યાદમાં આ પારિતોષિક આપવામાં આવે છે. પારિતોષિકમાં રૂ. ૧.૫૦ લાખ રોકડ, ટ્રોફી અને પ્રશસ્તિપત્રનો સમાવેશ થાય છે.

સ્વરૂપને આખરી ઓપ સૌ સાથે બેસીને આપશે એવો ખ્યાલ છે. વધુ વિગતો સંપર્ક સાધો: શ્રી શામજીભાઈ આંટાળા, સંયોજક, ગુજરાત પ્રાંત જળ બિરાદરી, 'રામકૃપા', બસ સ્ટેન્ડ સામે, ધોરાજી-૩૬૦૪૧૦, ફોનઃ ૦૨૮૨૪-૨૧૯૪૦, ૨૩૧૫૦, ફેક્સઃ ૨૯૭૦૬.

## બંધારણના પાંચમા પરિચ્છેદમાં સુધારાની હિલચાલના વિરોધમાં રાષ્ટ્રીય સંમેલન

છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજકીય માનસમાં ધરખમ ફેરફારો થયા છે અને બંધારણના પાંચમા પરિચ્છેદમાં સુધારો કરવા માટે કેન્દ્ર સરકાર અને અનેક રાજ્ય સરકારો પ્રયાસ કરી રહી છે. અનુસૂચિત વિસ્તારોમાં આદિવાસીઓની જમીનના રક્ષણ માટેના જે કાયદાઓ છે તે કાયદાઓ પાછા ખેંચવાની હિલચાલ ચાલે છે. તેની પાછળ ખાસ કરીને ખાણકામ કંપનીઓની લોબી કામ કરે છે. ઈરાદો એ છે કે આ પ્રદેશોમાં તેનાથી ખાનગીકરણની પ્રક્રિયા વધારે ઝડપી બને. જાહેર ચર્ચા વિના જ સરકાર પાંચમા પરિચ્છેદમાં આ માટે સુધારો કરવા માગે છે, એ તો વધારે ખતરનાક બાબત છે. આ પ્રદેશોમાં ઉદ્યોગીકરણ અને ખાનગીકરણની પ્રક્રિયાથી જ વિકાસ થાય અને કુદરતી સંસાધનોનો ઉપયોગ આ રીતે થાય તો જ વિકાસ થાય એમ સરકાર માને છે. સરકાર તેને જ દેશની પ્રગતિ માટે ઈચ્છનીય સમજે છે. બંધારણીય સલામતી દૂર કરવાથી આ પ્રદેશો અને તેમાં વસતી આદિવાસી પ્રજાનો નાશ થશે એ તે વિચારતી જ નથી. ટૂંકમાં એમ કહી શકાય કે સરકાર કલ્યાણ અને સામાજિક ન્યાયની જવાબદારીમાંથી છટકી જવા માગે છે.

સર્વોચ્ચ અદાલતે ૧૯૯૭માં સમતા વિરુદ્ધ આંધ્ર પ્રદેશ રાજ્યના કિસ્સામાં આપેલા ચુકાદામાં એમ જણાવ્યું હતું કે દેશના અનુસૂચિત વિસ્તારોમાં જો ખાનગી ખાણકામ માટે ભાડાપટા આપવામાં આવ્યા હોય તો તે ગેરકાનૂની છે, બિનબંધારણીય છે અને તેમનું અસ્તિત્વ રહેતું જ નથી. આનાથી મોટી હલચલ મચી ગઈ અને તેથી સરકાર હવે બંધારણીય જોગવાઈ જ બદલવા માગે છે.

આ ચુકાદા પછી પણ સરકારનું વલણ બદલાયું નથી. બાલ્કો એક જાહેર ક્ષેત્રની કંપની હતી અને તે અનુસૂચિત વિસ્તારમાં હતી. અને છતાં સરકારે તે વેચી મારી. પછી મૂડી વિસર્જન પ્રધાને એમ નિવેદન પણ કર્યું કે બાલ્કોના કિસ્સામાં જે ચુકાદો આવ્યો છે તેના સંદર્ભમાં સરકાર કાનૂની સુધારા કરવા માગે છે. ભારતના એટર્ની જનરલ શ્રી સોલી સોરાબજીએ ખાણ મંત્રાલયને તા. ૧૦-૭-૨૦૦૦ ના એક પત્રમાં પણ એવો અભિપ્રાય આપ્યો છે કે સમતા કેસના ચુકાદાની અસરને નાબૂદ કરવા માટે ભારતના બંધારણના પાંચમા પરિચ્છેદમાં સુધારો કરી શકાય છે. દરમ્યાન, બાલ્કોનો કેસ સર્વોચ્ચ અદાલતમાં અત્યારે પડેલો જ છે. ત્યારે સરકાર સમતા કેસમાં આવેલા ચુકાદાની સમીક્ષા માટે પણ પ્રયાસ કરી રહી છે. આ તમામ મુદ્દાઓ વિશે ચર્ચા કરવા અને સરકારની હિલચાલ રોકવા માટેની વ્યૂહરચના ઘડવા માટે એક રાષ્ટ્રીય સંમેલન તા. ૮-૯ જુલાઈ, ૨૦૦૧ના રોજ દિલ્લીમાં ઈન્ડિયન સોશ્યલ ઈન્સ્ટિટ્યૂટ, ૧૦, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, લોધી રોડ, નવી દિલ્લી - ૧૧૦૦૦૩. ફોન : ૦૧૧-૪૬૧૧૭૪૫, ૪૬૨૨૩૭૯.

### કચ્છમાં શિક્ષણ શ્રમ અર્પણ શોધયાત્રા

ગુજરાતમાં ૨૬ જાન્યુઆરીના દિવસે ભૂકંપે સર્જેલ તારાજીના જખ્મો હજી તાજા છે. ત્યારે દર વર્ષે શિયાળા અને ઉનાળાના સૌથી દુષ્કર સમયમાં યોજાતી શોધયાત્રા આ વખતે ફરી એક વાર કચ્છમાં જરાક અલગ રીતે આયોજિત કરેલ છે. આ ભૂકંપમાં અંસખ્ય ગામોની સામૂહિક સંપત્તિ જેવી કે શાળાઓ, તળાવોને ભારે નુકસાન થયું છે અને કદાચ વધુ મદદની ત્યાં જરૂર છે. પ્રાથમિક શિક્ષણ આપતી શાળાઓને ભૌતિક નુકસાન તો થયું જ છે. પરંતુ સ્થાનિક ગ્રામજનોએ શાળાએ જતાં બાળકોને મને-કમને આજીવિકા માટે મજૂરીમાં જોતરવાં પડ્યાં છે. કચ્છમાં આમ ચિંતાજનક રીતે અધવચ્ચે શાળામાંથી ઊઠી જનારાં બાળકોના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. અગાઉ યોજાયેલ શોધયાત્રાનાં ગામોમાં પણ કંઈક કરી શકીએ તે હેતુસર આ શોધયાત્રાનું આયોજન થયું હતું. સાથે સાથે શિક્ષણ શાળાની બહાર પણ છે અને કોઠાસૂઝ ધરાવતા સ્થાનિક લોકો, મેધાવી બાળકો અને સ્થાનિક નિષ્ણાંતો પાસેથી પણ ઘણું શીખી શકાય છે તેવું પ્રસ્થાપિત કરવાનો પણ પ્રયાસ આ શોધયાત્રા દરમ્યાન રહ્યો હતો. શોધયાત્રાનો મૂળભૂત ઉદ્દેશ સ્થાનિક સર્જનાત્મકતા અને કોઠાસૂઝની કદર કરવાનો હતો. આવા સમયે સ્થાનિક રીતે જીવન યાપનના નિત-નવીન ઉપાયો શોધનાર લોકોને સન્માનવાનો કાર્યક્રમ તો હતો જ.

શોધયાત્રા દરમ્યાન સજીવ ખેતી અને કુદરતી સંસાધનો આધારિત ટકાઉ વિકાસના અનુભવોથી મલ્ટિમિડિયાના વીજાણુ માધ્યમથી ગામ લોકોને પરિચિત કરાવાશે. શૈક્ષણિક પુનઃવસન કચ્છ તથા ભૂકંપથી પીડિત અન્ય ગામોમાં જરા પણ ઓછું મહત્ત્વનું નથી અને આ શોધયાત્રા આ દિશામાં એક નાનો પ્રયાસ બની રહેશે. શક્ય હશે ત્યાં વાનસ્પતિક વિવિધતા હરીફાઈઓ દ્વારા બાળકો અને ગ્રામજનોને પ્રોત્સાહિત પણ કરાયા હતા. આ શોધયાત્રા ૬થી ૨૩ જૂન સુધી ચાલી હતી. તે રાપર તાલુકાનાં ડાભુંડા, સઈ, પીછાણા, નલીયાટીંબાર, મેવાસા, થોરીયાળી, કુંભારિયા, ખાનપર, ગજુવાઢ, જેઠાસરી, ધોધાવાંઢ, ગોવિંદપુર, લાદરગઢ અને સરસલા એમ ૧૪ ગામોમાં ફરી હતી. ૬૧ કિ.મી. લાંબી આ યાત્રા દરમ્યાન ભૂકંપગ્રસ્ત ગામોમાં શૈક્ષણિક પુનર્વસન માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ પ્રો. અનિલ ગુપ્તા, 'સૃષ્ટિ', ભારતીય પ્રબંધ સંસ્થાન, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૧૫. ફોન : ૦૭૯-૬૩૨૪૯૨૭, ૬૩૨૪૮૩૦, ૬૪૦૪૨૯૨.

### રાજસ્થાનમાં સ્વાવલંબન અને પંચાયતી રાજ

રાજસ્થાનના અલવર જિલ્લાના થાનાગાજી રાજગઢ તાલુકામાં ગ્રામ સ્વાવલંબનનો વિચાર ધીરે ધીરે ૩૦૦ જેટલાં ગામોમાં ફેલાઈ રહ્યો છે. ત્યાં લોકો પોતાની રીતે જળ સંચાલન, ખેતીમાં સુધારણા, પશુપાલન વગેરે કરીને ખાતર, બિયારણ અને પાણીની બાબતમાં સ્વાવલંબી બની રહ્યા છે. સ્વાવલંબનની આ પ્રક્રિયા ચેકડેમ બનાવવાથી શરૂ થઈ હતી. હવે ગામલોકો જળસંચાલન માટે પોતાની તમામ જૂની રીતો અપનાવી રહ્યા છે. એ જ રીતે ગોબરનું ખાતર બનાવવાનું કામ પણ ચાલે છે અને જૂનાં બીજનું ઉત્પાદન વધારવાનું કામ પણ સાથે સાથે થાય છે. ચેકડેમ ક્યાં બનાવવો, જળનું સંચાલન કેવી રીતે કરવું, જળને સ્વચ્છ કેવી રીતે રાખવું, પાણીનો ઉપયોગ કેવી રીતે કરવો વગેરે તમામ નિર્ણયો ગામલોકો લે છે. હવે આ ગામોમાં સરકારી સહાય સૌથી પહેલી પહોંચે છે કારણ કે એ ગામોની પંચાયતો તાલુકા અને જિલ્લા પંચાયતો ઉપર દબાણ લાવે છે. શ્રેષ્ઠ ગ્રામ પંચાયતનું એક ઉદાહરણ ભાંવતા ગ્રામ પંચાયત છે. ત્યાં પંચાયતની ચૂંટણીમાં સહેજ પણ ખર્ચ થતું નથી. ગ્રામ પંચાયતના તમામ સભ્યોની ચૂંટણી સર્વસંમતિથી થાય છે. અને પંચાયતના સભ્યો સંપૂર્ણ જવાબદારીથી કામ કરે છે. તરુણ ભારત સંઘ આ વિસ્તારમાં કામ કરે છે અને ત્યાં મોટા ભાગની ગ્રામ પંચાયતોમાં સભ્યો કશાય ખર્ચ વિના જ ચૂંટાય છે. ભાંવતા ગામે એક ઉદાહરણ સૌને પૂરું પાડ્યું છે.

### પોશીના પટ્ટાની પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ

ખેડબ્રહ્મા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં નવદીપ પ્રગતિ યુવક મંડળ -પોશીના દ્વારા પ્રજાને શિક્ષણનું મહત્ત્વ સમજાય તથા બાળકના ભાવિ અંગેની જાગૃતિ કેળવાય તે હેતુથી ૨૬ જેટલાં ગામોમાં તા. ૨૫-૬-૨૦૦૧ના રોજ શાળા પ્રવેશ ઝુંબેશનું આયોજન કરાયું હતું. દરેક ગામમાં ગ્રામ સભા યોજાઈ. શાળા પ્રવેશ ઝુંબેશની ભણતર

ફેરીમાં 'ભણવું છે, રમવું છે, રમવું છે, ભણવું છે' અને 'શેરીએ શેરીએ ગૂંજે નાદ, ભણો-ભણાવો એક જ વાત' જેવાં સૂત્રોના ગૂંજતા વાતાવરણ વચ્ચે પ્રાથમિક શાળાનાં બાળકો, ઉત્સાહી, યુવાન અને શિક્ષણપ્રેમી શિક્ષક મિત્રો તથા બહેનો તેમ જ ગ્રામ વિકાસ સમિતિ, મહિલા મંડળના સભ્યો અને વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં અજાવાસ જૂથની ૧૧, દેલવાડા જૂથની ૧૧ તથા પોશીના અને દંત્રાલ જૂથની ૮ જેટલી પ્રાથમિક શાળાઓમાં ૫ વર્ષથી ઉપરના ૪૮૪ છોકરાઓ અને ૪૯૫ છોકરીઓ એમ કુલ ૯૭૯ બાળકોને ધોરણ-૧માં સંસ્થા તરફથી અપાયેલ સ્લેટ-પેન શાળાના આચાર્યો તથા ગામના આગેવાનોના હસ્તે આપીને પ્રવેશ અપાવ્યો હતો. તદુપરાંત છોછર, આંબાસર, દાંતિયા, ખંડેરા, દંત્રાલ, આંબામહુડા અને લાખિયા ગામોનાં ગરીબ કુટુંબોનાં બાળકો ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને લીધે અધવચ્ચેથી શાળા છોડી ન દે તે હેતુથી ધોરણ ૨થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્લેટ, પેન્સિલ, ફૂટપટ્ટી, કંપાસ, નોટબૂકો, નકશાપોથીઓ, પ્રયોગપોથીઓ અને ચિત્રપોથીઓનું વિતરણ કરી તેમના ઉત્સાહમાં વધારો કરી, શાળા અધવચ્ચે છોડી જવાનો દર ઓછો કરવાનો સંસ્થાએ પ્રયાસ કર્યો છે. શાળા પ્રવેશોત્સવની સાથે સાથે સંસ્થા દ્વારા ચાલતા અવૈધિક શિક્ષણનાં ૨૯ કેન્દ્રોમાં ભણતાં ૭૨૫ બાળકોમાંથી ધોરણ ૧માં ૨૧૩, ધોરણ -૨માં ૬૯, ધોરણ-૩માં ૪૦, ધોરણ-૪માં ૧૭ અને ધોરણ-૫માં ૩ મળી કુલ ૩૪૨ બાળકોને શાળાના ચાલુ પ્રવાહમાં તેમની વય પ્રમાણે પ્રવેશ અપાવ્યો હતો. કાર્યક્રમમાં ચંદ્રાણા, અજાવાસ, ઝીંઝણાટ, કાલીકાંકર, કલછાવાડ, વલસાડી, સાલેરા, પીપલિયા, મોટા સેબલિયા, ચોલિયા, ગણેર, લક્ષ્મણપુરા, વિંછી, છોછર, દલસર, દાંતિયા, આંબાસર, દંત્રાલ, લાખિયા અને આંબામહુડા પ્રાથમિક શાળાના આચાર્યોશ્રીઓ તેમ જ શિક્ષક મિત્રો અને બહેનોએ સાથ સહકાર આપીને સંસ્થાની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી.

# આગામી કાર્યક્રમ

**સહભાગી આયોજન, દેખરેખ અને મૂલ્યાંકન અંગે કાર્યશાળા**

છેલ્લા બે દાયકા દરમ્યાન સહભાગી આયોજન, દેખરેખ અને મૂલ્યાંકન ક્ષેત્રનું મહત્ત્વ વધ્યું છે. સામાજિક વિકાસની અસરને માપવા વિશે તાજેતરમાં ઊભી થયેલી ચર્ચાએ આ ખ્યાલને પ્રોત્સાહન આપ્યું છે. તેથી આ વિષય વિશે એક કાર્યશાળાનું આયોજન કરાયું છે. તા.૨૦થી ૨૫ ઓગસ્ટ દરમ્યાન યોજાનારી આ કાર્યશાળાના હેતુઓ નીચે મુજબ છે: (૧) સહભાગી આયોજન, દેખરેખ અને મૂલ્યાંકનનાં દર્શન અને પદ્ધતિ વિશેની સમજ વધારવી. (૨) આપણા પોતાના કામમાં તેના સૂચિતાર્થો તપાસવા. આ કાર્યશાળામાં ૨૪ જણા ભાગ લેશે. આ સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ તથા દ્વિપક્ષી અને બહુપક્ષી સંસ્થાઓના કાર્યકર્તાઓ ભાગ લઈ શકશે. સહભાગી દીઠ તેની ફી રૂ. ૭,૫૦૦ છે. તેમા નિવાસ, ભોજન અને સાહિત્યનો સમાવેશ થાય છે. ૨૦મી જુલાઈ સુધીમાં નિશ્ચિત ફોર્મમાં આ કાર્યશાળામાં ભાગ લેવા માટે અરજી કરવી. વધુ વિગતો માટે સંપર્ક સાધો : કાર્યક્રમ સંયોજક, સોસાયટી ફોર પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા (પ્રિયા), ૪૨, તુઘલકાબાદ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, નવી દિલ્લી - ૧૧૦૦૬૨. ફોન: ૬૦૮૧૯૦૬, ૬૦૮૯૫૫૯, ફેક્સ: ૬૦૮૦૧૮૩. ઈ-મેઈલ: info@pria.org

**પૃષ્ઠ ૨૬ નો શેષ ભાગ**

ભારત દેશમાં ગરીબીનું પ્રમાણ ખૂબ વધારે છે અને હજુ ખાસ્સા લાંબા સમય સુધી આ ગરીબી રહેવાની છે. પણ કોઈએ કોઈનું કશું ચોરવું જોઈએ નહિ. માનવજાતનો ઈતિહાસ આપણે તપાસીએ તો એમ દેખાય છે કે એક પણ સમય એવો ગયો નથી કે જ્યારે ગરીબી અને દમન ના પ્રવર્તતાં હોય. એટલે આપણે સૌએ ગરીબી દૂર કરવા લડવાનું છે એમ નહિ, પણ દમન સામે લડવાનું છે કારણ કે ગરીબીનું કારણ સમાજના ધનવાન વર્ગો દ્વારા થતું ગરીબોનું દમન પણ છે.

## ઉપસંહાર

વયસ્કો માટે માળખાગત તાલીમ એ વધુ સમય માગી લેનારી બાબત છે કારણ કે તેમાં તાલીમકાર અને તાલીમાર્થી બંને શીખે છે. તેથી પ્રશિક્ષકના મનમાં વિભાવનાઓ સ્પષ્ટ હોવી જોઈએ અને તેને પ્રક્રિયા તથા મૂલ્યોમાં શ્રદ્ધા હોવી જોઈએ. તેને માટે ખૂબ જ સંવેદનશીલતા અને સાવધાનીની જરૂર રહે છે કે જેથી સહભાગીઓની લાગણીઓને સમજી શકાય. જેમ જેમ સભાનતા વધતી જાય છે તેમ તેમ તાલીમ દરમ્યાન અને સંગઠનમાં સંઘર્ષની સ્થિતિ વધતી જાય છે. સંસ્થાગત પ્રશ્નોને સાવધાનીપૂર્વક હાથ ધરવા જોઈએ. માળખાગત તાલીમના વિવિધ નિષ્ણાતોએ એક-એક મુદ્દા લેવાના નથી હોતા. તેમાં તો પ્રશિક્ષકોએ સહભાગીઓની સાથે જ સંપર્કમાં રહેવાનું હોય છે. ત્રીજો તબક્કો પૂરો થયા પછી ફિલીભાઈને લાગે છે કે ગામોમાં જઈને પ્રાથમિક શિક્ષણનું કામ શરૂ કરવું જોઈએ. પ્રાથમિક શિક્ષણ જ શોષણની પરિસ્થિતિને બદલશે. તાલીમ કાર્યક્રમનો હેતુ એવી અનેક વ્યક્તિઓ ઊભી કરવાનો છે જે ન્યાય માટે લડે. એટલે પ્રશિક્ષણમાં વ્યક્તિને ઉછેરવાની છે. એવું વટવૃક્ષ નકામું છે કે જે ખૂબ વધે, મોટું થાય, પણ તેની નીચે કશું જ ન ઊગે. યુવાન પેઢીને તેની જવાબદારીઓ અંગે સભાન કરવા ઉછેરવાની છે.

# સંદર્ભ સાહિત્ય

## લોકોભિમુખ વહીવટની દિશામાં

ગુજરાત સરકારે વહીવટને વધારે પારદર્શી, પ્રતિભાવાત્મક અને ઉત્તરદાયી બનાવવા માટે નાગરિક અધિકારપત્રો ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં જારી કરવાનું ઠરાવેલું છે. એ અન્વયે નાગરિક અધિકારપત્રો જારી પણ થયાં છે. લોકાભિમુખ વહીવટ આ નાગરિક અધિકારપત્રોના વ્યવહારુ અમલથી કેવી રીતે ઊભો થાય તેની ચર્ચા આ પુસ્તકમાં કરવામાં આવી છે.

પુસ્તકમાં નવ પ્રકરણો છે અને તેમાં કચેરીની કાર્યપદ્ધતિ અંગેની માર્ગદર્શિકા પણ આપવામાં આવી છે. નાગરિક અધિકારપત્ર શું છે અને તેનો અમલ થવાથી શું ફાયદા થાય તથા જનસંપર્ક અને માહિતી કેન્દ્રની શી ભૂમિકા તેમાં રહેલી છે તે આ પુસ્તકમાં સમજાવવામાં આવ્યું છે. સરકારી, અર્ધસરકારી અને સરકાર સાથે સંબંધિત કચેરીઓમાં, બોર્ડ અને નિગમોની કચેરીઓમાં તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની કચેરીઓમાં નાગરિક અધિકારપત્રોના સંદર્ભમાં કેવી આદર્શ પરિસ્થિતિનું નિર્માણ થવું જોઈએ તે દર્શાવવાનો આ પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ છે. નાગરિક અધિકારપત્ર અન્વયે સરકારે વચનો આપ્યાં હોય ત્યારે તંત્ર પાસેથી શી શી અપેક્ષાઓ વહીવટના સંદર્ભમાં ઊભી થાય તે પણ આ પુસ્તકમાં દર્શાવાઈ છે. સરકારી કર્મચારીઓ, અધિકારીઓ તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના પંચાયતી રાજ ક્ષેત્રે કામ કરતા કાર્યકરો અને જાગૃત નાગરિકોને આ પુસ્તક તંત્રને પ્રતિભાવાત્મક બનાવવા માટે ઉપયોગી થાય તેવું છે. લેખકઃ શ્રી એસ. બી. સોની (નિવૃત્ત નાયબ કલેક્ટર); પ્રકાશકઃ અમર પ્રકાશન, ૨૧, મંગલ પાર્ક સોસાયટી, વિકાસ ગૃહ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭, પૃષ્ઠઃ ૭૬, કિંમત રૂ. ૩૫.

## વહાલી મા વસુંધરા

આ પુસ્તક દ્વિતીય અખિલ ગુજરાત સજીવ ખેતી મિલન નિમિત્તે પ્રકાશિત કરાયું છે. તેમાં સમસ્યા, વિભાવના, પદ્ધતિઓ, અનુભવો અને પડકારો એમ પાંચ વિભાગોમાં ૩૭ લેખોનો સમાવેશ કરાયો છે. ગુજરાતની ખેતીની સમસ્યા અને અન્ન સલામતી તથા સિંચાઈ, ખાતરો અને જંતુનાશક દવાઓની જરૂરિયાત સામેના પ્રશ્નો અને તેમાં સંતુલનની સમસ્યાઓ વગેરેની વિશદ છણાવટ કરાઈ છે. સજીવ ખેતી શા માટે અનિવાર્ય છે તેની વિભાવના સ્પષ્ટ કરતા લેખો પણ છે અને સાથે સાથે વૃક્ષોની ખેતી, શહેરી ખેતી, ઓછા પાણીની ખેતી વગેરે વિશે પથદર્શક વિગતો સાથેના લેખો પણ તેમાં અપાયા છે. સજીવ ખેતીની પદ્ધતિઓની પણ તેમાં વિશદ ચર્ચા કરાઈ છે. જેમ કેઃ બાયોડંગ ખાતર પદ્ધતિ, જૈવિક ખાતરો, મિશ્ર પાક પદ્ધતિ, પાક-ફેરબદલીની પદ્ધતિ વગેરે. આ પદ્ધતિઓથી વૈજ્ઞાનિક ઢબે કેવી રીતે ખેતી કરી શકાય અને તેમાં કેવી રીતે વધારે ઉત્પાદન મેળવી શકાય તેનું વર્ણન ઉદાહરણો સાથે કરવામાં આવ્યું છે. સજીવ ખેતીના અનુભવો હવે વ્યાપક બનતા ગયા છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ગેરલાભો નજરે પડતા ગયા છે તેમ તેમ સજીવ ખેતીનું આકર્ષણ વધતું જાય છે. 'ગ્રીન વિલેજ'ના નૂતન અભિગમની વિશદ છણાવટ કરાઈ છે અને વિવિધ પ્રકારની સજીવ ખેતીના અનુભવો વિગતો સાથે આપવામાં આવ્યા છે. અંતે, છેલ્લા ભાગમાં નવી આર્થિક નીતિ, વૈશ્વિકીકરણ અને બાયોટેકનોલોજીથી સજીવ ખેતી અને ટકાઉ ખેતી સામે કયા કયા પડકારો ઊભા થયા છે તેના વિશેના લેખો અપાયા છે. તેનાથી એ આસાનીથી સમજી શકાય છે કે આ પડકારો માત્ર સ્થાનિક નથી, પણ વૈશ્વિક છે અને તેમને પહોંચી વળવાનું આસાન પણ નથી. આ વૈશ્વિક સંદર્ભમાં ગુજરાતમાં સજીવ ખેતી સામે કયા પડકારો ઊભા થયા છે તેની સમજ આપતો એક વિશિષ્ટ લેખ પણ છે.

પુસ્તકના તમામ લેખો જે તે વિષયના અનુભવીઓ અને અભ્યાસુઓએ લખેલા છે. તેથી ખેતીની સ્થાનિક સમસ્યાઓ અને તેની સામેના વૈશ્વિક પડકારો સુધીના વ્યાપને વણી લેતા આ લેખો સજીવ ખેતીના પ્રયોગવીરો, નીતિ નિર્ધારકો અને કર્મશીલો સૌને ઉપયોગી થાય તેવા છે. પ્રકાશકઃ જતન, વિનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા-૨૧; સંપાદનઃ શ્રી કપિલ શાહ, પૃષ્ઠઃ ૧૨૮; કિંમતઃ રૂ. ૧૦૦.

## ભૂકંપઃ પુનર્વસનનું પારાયણ

'સંદેશ' દૈનિકમાં પ્રજાસત્તાક દિન-૨૦૦૧ પછી શુક્રવારના 'અર્થ અને તંત્ર' સ્તંભલેખનમાં લેખકે લખેલા ૧૭ લેખોનો આ સંગ્રહ છે. બચાવ, રાહત અને પુનર્વસનનું કામ જેટલી કાર્યક્ષમતાથી અને લોકભાગીદારીથી થાય તેટલું ટૂંકા અને લાંબા ગાળાનું નુકસાન ઓછું થાય એવી નાગરિકી નિસબત સાથે આ લેખો લખાયા છે. ભૂકંપના સંદર્ભમાં લખાયેલા આ લેખોનું સામયિક મહત્ત્વ છે તેમ તેમની લાંબા ગાળાની ઉપયોગિતા પણ છે. 'સંદેશ'માં પ્રસિદ્ધ થયેલા

લેખો લગભગ યથાવત્ આ પુસ્તકમાં મૂકવામાં આવ્યા છે. સરળ લખાણ અને સચોટ રજૂઆતને એક તટસ્થ અભ્યાસીની ભૂમિકાથી મુકાયા છે. લેખોનો વ્યાપ બૃહદ્ છે. તા. ૨.૨.૨૦૦૧થી ૨૫.૫.૨૦૦૧ સુધીના સમયને આવરી લેતી લેખમાળા ભૂકંપની ઘટના અને ત્યાર બાદ તેના અનુસંધાનમાં વિકસેલી બાબતો પર પ્રકાશ પાડવાની કોશિશ કરે છે.

કુદરતી આપત્તિ પછીની રાહતની વ્યવસ્થા, પંચાયતો અને નગરપાલિકાઓની પુનર્વસનની પ્રક્રિયામાં ભૂમિકા, સરકારી પુનર્વસન પેકેજ યોજનાઓ, સમુદાય આધારિત પુનર્વસન, પુનર્વસન માટેની નાણાકીય વ્યવસ્થા, ભૂકંપગ્રસ્તોના નાગરિકો તરીકેના અધિકારો, પુનર્વસનમાં લોકભાગીદારી, માનસિક પુનર્વસનની ભૂમિકા, જીવનનિર્વાહનું પુનર્સ્થાપન, સામાજિક ન્યાય અને પુનર્વસન, રાજ્યની આપત્તિ સંચાલનની જવાબદારી, લોકશિક્ષણની ભૂમિકા, રાહતનું અર્થકારણ અને વહીવટ વગેરે જેવા અનેક વિષયો વિશે આ પુસ્તકમાં તલસ્પર્શી છણાવટ મળે છે. સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો માટે આ પુસ્તક તાલીમ સાહિત્યની ગરજ સારે તેમ છે. જે સરકારી કર્મચારીઓ, અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ પુનર્વસનના કાર્યમાં લાગેલા છે તેમને પણ પુસ્તક ઉપયોગી થાય તેમ છે. લેખકઃ શ્રી હેમન્તકુમાર શાહ. પ્રાપ્તિ સ્થાનઃ આશા કિરણ ટ્રસ્ટ, ગુજરાત ટી પ્રોસેસર્સ એન્ડ પેકર્સ લિમિટેડ, છઠ્ઠે માળે, જેએમસી હાઉસ, પરિમલ ગાર્ડન સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬, ફોનઃ ૬૪૦૫૦૫૦, પૃષ્ઠઃ ૧૨૩.

### ધરતીકંપ અને નવનિર્માણ

માનવીય ટેકનોલોજી ફોરમ દ્વારા પ્રકાશિત ‘માનવીય ટેકનોલોજી’ સામયિક’નો આ વિશેષાંક છે. જાન્યુઆરી-સપ્ટેમ્બર, ૨૦૦૧ અંક નં. ૫૬, ૫૭ અને ૫૮ સંયુક્ત રીતે આ રીતે પ્રકાશિત કરાયા છે. તેમાં ૨૪ લેખોનો સમાવેશ કરાયો છે. લેખો જે તે વિષયના અનુભવીઓ અને વિશેષજ્ઞો દ્વારા લખાયા છે. તેમાં ભૂકંપ વિશેની ભૂમિકા બાંધતો એક લેખ છે અને બાકીના લેખો ભૂકંપ બાદ કામચલાઉ અને કાયમી ઘરોનું નિર્માણ ભૂકંપ સામે ભવિષ્યમાં ટકી શકે તે રીતે કેવી રીતે કરવું તેને અંગેના છે. કામચલાઉ આવાસ કેવી રીતે રચવાં તેની વિગતવાર સમજૂતી અપાઈ છે. એ જ રીતે માટીનાં ઘરોની રચના કેવી રીતે કરવી તે દર્શાવતા લેખો પણ તેમાં છે. ભૂકંપ પછી પુનર્વસન માટેનું આયોજન કેવી રીતે થઈ શકે અને તે માટે કેવા માર્ગો અપનાવવા જોઈએ તે પણ આ લેખો દર્શાવે છે.

ભૂકંપ પ્રતિરોધક મકાનનું નિર્માણ કેવી રીતે કરવું, સમારકામ કેવી રીતે કરવું અને ન કરવું, ગોળાકાર મકાનોની આવશ્યકતા વગેરે મુદ્દાઓને પણ તેમાં આવરી લેવાયા છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે મકાન બાંધકામ અંગેના કાયદા, પેટા કાયદા, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્ઝનાં ધોરણો અને માર્ગરેખાઓની માહિતી આપતા લેખો પણ છે. ભૂકંપ પ્રતિરોધક ઘરના નિર્માણ માટે આ માહિતી ખૂબ જ ઉપયોગી થાય તેમ છે. પુનર્વસનના કાર્યમાં લાગેલા સરકારી અને બિનસરકારી તમામ કાર્યકરોને આ અંક ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડે છે. પ્રકાશકઃ શ્રી રજની દવે, પી-૭, વિશ્વાસ ફ્લેટ્સ, નયનનગર, સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨૩૪૫. ફોનઃ ૨૮૪૩૯૫૧, પાનાંઃ ૯૮, કિંમતઃ રૂ. ૪૦.

### સ્ટેટ ઓફ ધ એન્વાયર્નમેન્ટઃ ગુજરાત

અંગ્રેજી ભાષામાં પ્રકાશિત આ પુસ્તકમાં ગુજરાતના પર્યાવરણ અંગેની વર્તમાન સ્થિતિ વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે. ગુજરાતનું પર્યાવરણ, ઉદ્યોગો અને પર્યાવરણ, શહેરીકરણ અને પર્યાવરણ, કૃષિ અને પર્યાવરણ, ઊર્જા અને પર્યાવરણ, જીવન પોષક વ્યવસ્થાઓને નુકસાન, ખૂટતી કડીઓ, ગુજરાતના પર્યાવરણીય પડકારો, ભાવિ માર્ગ વગેરે પ્રકરણોમાં વિવિધ ક્ષેત્રે પર્યાવરણની સ્થિતિ શું છે અને તેમાં શું થવું જોઈએ તેની છણાવટ કરવામાં આવી છે.

પુસ્તકમાં અંત ભાગમાં ૨૧ પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે. તેમાં આબોહવાની દૃષ્ટિએ ગુજરાતના પ્રદેશો, પર્યાવરણની દૃષ્ટિએ ગુજરાતના પ્રાદેશિક વિભાગો, ઉદ્યોગોને લીધે ભૂગર્ભ જળના પ્રદૂષણથી અસરગ્રસ્ત તાલુકા, શહેરી પાણી પુરવઠો, ભૂગર્ભ ગટરોનું માળખું, જમીનની ખારાશથી અસરગ્રસ્ત તાલુકા, જમીનના ધોવાણથી અસરગ્રસ્ત તાલુકા, જમીનમાં પાણીના વધુ પડતા સંગ્રહથી અસરગ્રસ્ત તાલુકા, સાગરકિનારે ખારાશથી અસરગ્રસ્ત તાલુકા, ભૂગર્ભ જળની સ્થિતિ, ફ્લોરાઈડથી અસરગ્રસ્ત તાલુકા, વધુ પડતી માછીમારીની સમસ્યા, રક્ષિત વિસ્તારો વગેરે વિશે વિશદ આંકડાકીય માહિતી આપવામાં આવી છે. વિવિધ જૂથો, લોકો અને હિતધારકો સાથેની ચર્ચા-વિચારણા અને સંશોધનને આધારે આ અહેવાલ તૈયાર કરાયો છે. પ્રવર્તમાન સંસ્થાગત, કાનૂની અને સામાજિક વાતાવરણ પર્યાવરણીય સમસ્યાઓને કેવી રીતે વકરાવે છે તેની સમજ પણ આમાંથી મળે છે. પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો અને નિસબત ધરાવતા તમામ નાગરિકોને આ અહેવાલ ઉપયોગી થાય તેમ છે.

નકલ મેળવવા માટે લખો: ગુજરાત ઈકોલોજી કમિશન, જેરી કેમ્પસ, રેસકોર્સ રોડ, વડોદરા-૩૯૦૦૦૭. ફોન: ૦૨૬૫-૩૩૬૭૧૩, ૩૩૯૧૧૫. ફેક્સ: ૦૨૬૫-૩૪૦૦૩૬.

**જુઓ પૃષ્ઠ ૨૦**

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

## રાજ્ય સ્તરીય વિભાગ

### સ્થાનિક પ્રયાસોને સહયોગ

*ગુજરાત*

- ધરતીકંપ બાદ અમે કચ્છમાં ભચાઉમાં એક ઓફિસ શરૂ કરી છે જે પુનર્રચનાની પ્રક્રિયા માટેના સ્થાનિક પ્રયાસોને પ્રોત્સાહન આપે છે. આ પ્રક્રિયાને વેગ આપવા માટે અનેક પ્રવૃત્તિઓ વિકસાવવામાં આવી છે.

### નબળાં જૂથોનું સમુદાય-આધારિત પુનર્વસન

- વિધવાઓ, એકાકી સ્ત્રીઓ, અનાથ બાળકો અને વિકલાંગ લોકો જેવા સમાજના સૌથી નબળા લોકોની વિશિષ્ટ જરૂરિયાતોને સંતોષવા માટે અમે સામાજિક રખેવાળ તરીકે સ્વયંસેવકો રાખ્યા છે. તેઓ આ નબળા લોકોને આરોગ્ય સંભાળ, વળતર તથા વિધવા પેન્શન અને વૃદ્ધાવસ્થા પેન્શન જેવી અને અનાથ બાળકોના પાલકોને મળતી સહાય જેવી સામાજિક સલામતીની યોજનાઓનો લાભ અપાવે છે. ભચાઉ નગર અને તેની આસપાસનાં ગામોમાં આ કામ કરવામાં આવે છે. તેને 'એકશન એઈડ' અને ભારત સરકાર દ્વારા 'સ્નેહ સમુદાય' મારફતે ટેકો પૂરો પાડવામાં આવે છે.
- સ્વયંસેવકોને વિકલાંગતા અને ફિઝિયોથેરપી અંગે અભિમુખ કરવા માટે હેન્ડિકેપ ઈન્ટરનેશનલ દ્વારા ટેકો પૂરો પડાય છે. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા મળતા સહયોગથી ઘોડિયાં ઘરને સહયોગ પૂરો પાડવામાં આવે છે અને બાળકો માટેની વિવિધ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. પુણે (મહારાષ્ટ્ર)ના મૈત્રેય ટ્રસ્ટ દ્વારા એક એમ્બ્યુલન્સ આપવામાં આવી છે. તેના દ્વારા વિકલાંગ વ્યક્તિઓની સારસંભાળ તેમના જ આવાસોમાં લેવામાં આવે છે. ઉપરાંત, તેમને જ્યારે જરૂર જણાય ત્યારે તબીબી સેવાઓ માટે દવાખાનાંઓમાં પહોંચાડવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. અન્ય દર્દીઓને પણ આરોગ્ય સંભાળ માટે આ એમ્બ્યુલન્સનો લાભ મળે છે.

### જીવનનિર્વાહને પ્રોત્સાહન

- ભચાઉ તાલુકાના અધોઈ ગામના ૧૧૦ વણકરોને દરેકને લુધિયાણાનું ૩૦ કિગ્રા ઊની સૂતર અને અન્ય સાધન સામગ્રી પૂરાં પાડવામાં આવ્યાં છે કે જેથી તેઓ ઉત્પાદન શરૂ કરીને પોતાના વ્યવસાયમાં પુનર્સ્થાપિત થઈ શકે. વણકરોની બનેલી એક સમિતિએ રાજસ્થાનના જોધપુરના ફલોદી ગામનાં પ્રાથમિક ઉત્પાદક જૂથોની મુલાકાત લીધી હતી અને વણકર મંડળીના સંચાલન અંગેની વિગતો મેળવી હતી, અને આ વણકરોની પેદાશો માટેનું બજાર લુધિયાણાના વેપારીઓ દ્વારા ઊભું થાય તેનો સફળ પ્રયાસ પણ કરાયો છે.
- ઉપરાંત, ૪૨ વણકરોને સાળ પણ આપવામાં આવી છે કે જેથી તેઓ તેમના જૂના વ્યવસાયને પુનઃ ધબકતો કરી શકે. એક્શન એઈડ ઈન્ડિયા સોસાયટી મારફતે ભારતીય કંપનીઓ આ કાર્યમાં સહયોગ આપે છે.
- વળી, ભચાઉ તાલુકાનાં ત્રણ ગામોમાં ૧૦૦ મહિલાઓને ભરતકામ અંગે સહયોગ અપાઈ રહ્યો છે. ૬ જેટલા બ્લોક પ્રિન્ટિંગ એકમોને 'પાર્ટનર્સ ઈન ચેન્જ' તથા એકશન એઈડ ઈન્ડિયા સોસાયટી દ્વારા એચ.એસ.બી.સી.નો મહિલાઓના રોજગાર સર્જનના આ કાર્યમાં ટેકો મળે છે.

### સહભાગી નગર આયોજન

- ભચાઉ નગરમાં સૌથી નબળાં જૂથોના પુનર્વસન માટે અમે ૮ કેન્દ્રોની સ્થાપના કરી છે. વિવિધ હિતધારકો સાથે વિચાર-વિમર્શ કરીને સહભાગી નગર આયોજનની પ્રક્રિયાને આગળ ધપાવવા અમે પ્રતિબદ્ધ છીએ. અમે સ્થાનિક સમુદાય સાથે અને દલાલ કન્સલ્ટન્ટ્સ સાથે મળીને આ પ્રક્રિયાને નક્કર ઓપ આપવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. સાથે સાથે પાણી અને સફાઈના પ્રશ્નો અમે હાથ ધર્યા છે. પુણેના મૈત્રેય ટ્રસ્ટના સહયોગથી ૨૦ જાજરૂની વ્યવસ્થા કરાઈ છે.
- અમે 'ભચાઉમાં સહભાગી નગર આયોજન' અંગે એક ચોપાનિયું તૈયાર કર્યું છે. તેમાં તા.૧૨-૬-૨૦૦૧ના રોજ ભચાઉ ખાતે યોજાયેલી એક જાહેર ચર્ચાની નોંધ છે અને સામુદાયિક પ્રક્રિયા અંગેનાં અવલોકનો અને સૂચનો છે. બીજું એક ચોપાનિયું 'કચ્છનાં નગરો માટે પુનર્વસનનું પેકેજ' છે. તેમાં પુનર્વસન અંગે વારંવાર લોકો દ્વારા પૂછતા ૨૮ જેટલા પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા છે, અને પેકેજ

અંગે ઊભા થતા પ્રશ્નોની છણાવટ પણ કરાઈ છે.

**સંસ્થાગત સંકલન**

- સહભાગી પુનર્વસનની પ્રક્રિયા માટે સરકાર, 'સંયુક્ત રાષ્ટ્રો' (યુએન)ની સંસ્થાઓ, દાતાઓ અને પંચાયતો તથા નગરપાલિકાઓ સાથે સંબંધો સ્થપાઈ રહ્યા છે. ભચાઉ તાલુકાનાં ૭૧ ગામોનું સર્વેક્ષણ પુનર્વસનની સ્થિતિ તપાસવા માટે કરવામાં આવ્યું છે. વિવિધ સંસ્થાઓ દ્વારા વિવિધ ગામોને અપાઈ રહેલા વિવિધ પ્રકારના સહયોગને સમજવાનો પણ તેનો ઉદ્દેશ હતો. આ માહિતીનો ઉપયોગ માહિતી સંચાલન વ્યવસ્થા ઊભી કરવા માટે કરાઈ રહ્યો છે કે જેથી દરમ્યાનગીરી માટેની વ્યૂહરચના જે તે સંસ્થા નક્કી કરી શકે.

***રાજસ્થાન***

- અમે ૯ સંસ્થાઓને તેમની પ્રવૃત્તિઓનું આયોજન કરવા અને દેખરેખ રાખવા માટેનો ટેકો પૂરો પાડવાનું ચાલુ રાખ્યું છે. છેલ્લા ત્રણ માસ દરમ્યાન દલિતો સામેના ભેદભાવના ૧૦ કિસ્સા ઉઠાવાયા હતા. ભેદભાવ સામે જનજાગૃતિ ઊભી કરવા માટે ૧૪મી એપ્રિલે આંબેડકર જયંતીએ જોધપુરમાં એક રેલીનું આયોજન થયું હતું. તેમાં ૧૦૦ જણાએ ભાગ લીધો હતો. એ જ દિવસે ઝાલોરમાં 'પઘડી રેલી'નું આયોજન કરાયું હતું.
- ૨૫મી મેના રોજ વ્યૂહરચના ઘડવા માટે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૧-૨૨ જુનના રોજ તેના અનુવર્તી કાર્ય અંગેની એક બેઠક યોજવામાં આવી હતી અને ચાલુ વર્ષની ઝુંબેશ માટેનું આયોજન કરવામાં આવ્યું હતું.
- વ્યાપક રાષ્ટ્રીય અભ્યાસના ભાગરૂપે અસ્પૃશ્યતા અંગે એક રાજ્ય સ્તરનો અભ્યાસ શરૂ કરાયો છે. સલાહકાર સમિતિની એક બેઠક યોજાઈ હતી અને સ્થાનિક સંશોધકો માટે એક અભિમુખતા કાર્યશાળા પણ યોજાઈ હતી.
- બાડમેર અને જોધપુર જિલ્લાના પાંચ બ્લોકમાં દુકાળની પરિસ્થિતિના સામના માટે એક સંયુક્ત દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. કાર્યક્રમના આયોજન માટે અને દાતા સંસ્થાઓ સાથેના સંબંધો ઊભા કરવા માટે ૬ સંસ્થાઓને સંસ્થાગત સહયોગ પૂરો પાડવામાં આવ્યો છે. ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા જાતિગત ભેદભાવો અંગે યોજાયેલી કાર્યશાળામાં પણ અમે ભાગ લીધો હતો.

**સ્થાનિક સ્વશાસનને પ્રોત્સાહન**

***ગુજરાત***

- ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ મુલતવી રખાઈ હતી તેથી અમે એપ્રિલ માસમાં સાબરકાંઠા જિલ્લા પંચાયત અને ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના સભ્યો માટે બે દિવસનો એક તાલીમ કાર્યક્રમ હાથ ધર્યો હતો. તેનો હેતુ દુકાળ સંચાલનમાં તેમની ભૂમિકા અને જવાબદારીઓ અંગે તેમને અભિમુખ કરવાનો હતો. ખેડબ્રહ્મામાં એક પંચાયત સંદર્ભ કેન્દ્ર (પીઆરસી) શરૂ કરવામાં આવ્યું છે.
- તા. ૧૧થી ૧૩ જુન દરમ્યાન ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના સાબરકાંઠા જિલ્લાના 'સ્વશક્તિ' યોજનાના પ્રશિક્ષકો માટે પંચાયતી રાજ અંગે એક તાલીમ કાર્યક્રમ અમદાવાદમાં હાથ ધરવામાં આવ્યો હતો. તેનો હેતુ પ્રશિક્ષકોને પંચાયતી રાજની વ્યવસ્થા અંગે અભિમુખ કરવાનો હતો.
- દ્વારકામાં તાલુકા પંચાયતના સભ્યો અને તાલુકા વિકાસ અધિકારી સાથે એક બેઠક યોજવામાં આવી હતી. ગ્રામ સભા ભરાય અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને ટેકો મળે તે માટે ત્યાં એક પંચાયત સંદર્ભ કેન્દ્ર (પી.આર.સી.) સ્થાપવામાં આવ્યું છે.
- શહેરી સ્વશાસન પ્રવૃત્તિમાં બાવળા માટેનું રિપોર્ટ કાર્ડ પૂરું કરવામાં આવ્યું છે અને માહિતીનું વિશ્લેષણ થઈ રહ્યું છે. અમે આ નગર માટે નાણાકીય સંસાધનો એકત્ર કરવાની શક્યતાઓ તપાસી રહ્યા છીએ.
- 'કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ'ના સહયોગ સાથે અમદાવાદમાં ભૂકંપગ્રસ્ત ગોમતીપુર-રાયપુરના ક્વાર્ટર્સના પ્રશ્નો દરમ્યાનગીરી કરવાની એક યોજના અમે બનાવી છે. દરેક બ્લોકના પ્રતિનિધિઓની બનેલી એક સમિતિની રચના કરાઈ છે.
- અમદાવાદના ઐતિહાસિક સ્મારક સરખેજના રોજાના જીર્ણોદ્ધાર માટે નાગરિકોની જાગૃતિ વધારવા અમે ૨૮મી એપ્રિલે સંબંધિત નાગરિકોની એક સભા ત્યાં રાખી હતી.

***રાજસ્થાન***

- ૭ પંચાયત સંદર્ભ કેન્દ્રો દ્વારા અમે લોકોને પ્રથમ વોર્ડ સભાઓમાં અને અંતે એપ્રિલ દરમ્યાન યોજાયેલી ગ્રામ સભાઓમાં હાજરી આપવા માટે પ્રોત્સાહન આપ્યું હતું.

- બે નવાં પંચાયત સંદર્ભે કેન્દ્રો ખોલાયાં. શાંતિ મૈત્રી મિશનના સહયોગમાં પુગલ ખાતે અને વાગડ જન જાગૃતિ સંસ્થાનના સહયોગમાં ડુંગરપુર ખાતે આ કેન્દ્રો શરૂ કરાયાં છે. ડુંગરપુર ખાતે આ કેન્દ્રો દ્વારા સરપંચોની બે દિવસની એક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ગોવિંદગઢ પંચાયત સમિતિની ઈટાવા ભોપજી ગ્રામ પંચાયત માટે સૂક્ષ્મ સ્તરીય આયોજન હાથ ધરાયું.
- શહેરી સ્વશાસન ક્ષેત્રે અમે બે વિસ્તારોમાં કામ કરી રહ્યા છીએ: જયપુર જિલ્લામાં ચોમુ અને જોધપુર જિલ્લામાં બિલારા. અત્યારે બંને નગરોની માહિતી અમે એકત્ર કરી રહ્યા છીએ. ચૂંટાયેલા પ્રતિનિધિઓની વિગતો અને નકશા એકત્ર થઈ રહ્યાં છે. ચોમુમાં સૌ હિતધારકો સાથે એક સંવાદ સભા રાખવામાં આવી હતી. તેમાં સ્વચ્છતા, પૂરતા કર્મચારીઓની ફાળવણી અને મહિલાઓ માટેની યોજનાઓ વિશે ચર્ચા થઈ હતી.

**ક્ષેત્રીય શૈક્ષણિક વિભાગ**

**દસ્તાવેજીકરણ અને વિકાસ શિક્ષણ**

- ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં કામ કરતા કાર્યકરો માટે 'સમુદાય કેન્દ્ર પુનર્વસન' અંગે તા.૧થી ૩ જુન દરમ્યાન એક તાલીમ યોજવામાં આવી. નબળા વર્ગોના પ્રશ્નો અંગે ચર્ચા કરવા ખાસ નિષ્ણાતો તેમાં પધાર્યા હતા: એકાકી અને નિરાધાર સ્ત્રીઓ વિશે સુશ્રી સોફિયા ખાન, વિકલાંગ વ્યક્તિઓના સમુદાય આધારિત પુનર્વસન અંગે શ્રી રામભાઈ જાદવ અને હેન્ડિકેપ ઈન્ટરનેશનલ, યુનિસેફના મિહિર દેસાઈ અને બિનોય આચાર્ય.
- 'માળખાગત ગોઠવણ કાર્યક્રમ'ની ગુજરાત પર પડેલી અસરો અંગેનો એક અભ્યાસ અહેવાલ અંગ્રેજીમાં તૈયાર કરાયો છે. તેની કિંમત રૂ. ૧૦૦ રાખવામાં આવી છે.

**'ચરખા'ની પ્રવૃત્તિઓ**

- છેલ્લા ત્રણ માસ દરમ્યાન ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં હાથ ધરાયેલા વિકાસલક્ષી પ્રયાસો અંગે તથા દુકાળ સંચાલન અને સજીવ ખેતી વિશે ૧૫ લેખો લખાયા.
- રાહત કાર્યમાં દેખરેખ અંગેના મહિલાઓના પ્રયાસો અંગે 'આનંદી', બનાસકાંઠા જિલ્લામાં દલિતો પર વધતા અત્યાચારો અંગે 'બિહેવિયરલ સાયન્સ સેન્ટર' અને દલિતો પરના એક અભ્યાસ સંશોધન માટે 'ઈન્ડિયન સોશ્યલ ઈન્સ્ટિટ્યુટ' તથા બીએસસીને સંચાર સહયોગ પૂરો પડાયો હતો.
- 'ઉન્નતિ' અને 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર'ને દસ્તાવેજીકરણ અંગે સહયોગ પૂરો પડાયો.

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થા**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૬૭૪૬૧૪૫, ૬૭૩૩૨૯૬ ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnati@ad1.vsnl.net.in

ક્ષેત્રીય કાર્યાલય: ૨૧-એ, ૯, પોલ રોડ, બચ્છરાજજી કા બાગ, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

રૂપાંકન: રાજેશ પટેલ, 'ઉન્નતિ', ચિત્રાંકન: વિજિત કુંડુ

મુદ્રણ: કલરમેન ઑફસેટ, સેલર, આગમન, મયુર કૉલોની પાસે, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન નં. ૬૪૩૧૪૦૫

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.